પહેલી

દશાલાડ કોન્ફરન્સ
નો રીપોર્ટ

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા.

શ્રી દશાલાડ મિત્રમંડળ—ભરૂચ

તરફથી

"દશાલાડ પત્રિકા"ના વ્યવસ્થાપક.

માણેકલાલ નરોતમદાસ નાણાવટી

ખપાટીઆ ચકલા—સુરત.

સંવત ૧૯૬૮ સને ૧૯૧૨

ધી સુરત જૈન પ્રીન્ટીંગ પ્રેસમાં મટુભાઇ ભાઈદાસે છાપ્યું—ખપાટીઆ ચકલા—સુરત.

પરિશિષ્ટ ક

વોલન્ટીયરોનાં નામો.

ભરૂચ

મણીલાલ દામોદરદાસ વખારીઆ
મણીલાલ ધીરજલાલ કાનસુપડા
જગમોહનદાસ છગનલાલ શાહ
ચીમનલાલ હરિલાલ ગોવાળીવાળા
મણીલાલ વીજભૂખણદાસ ખખરીઆ
મંગળદાસ દ્વારકાદાસ નાણાવટી
સાકેરલાલ માણેકલાલ ભગત
રતીલાલ નવનીતલાલ વખારીઆ
નગીનલાલ ઇચ્છાલાલ ડાંગેરવાળા.
કૃષ્ણલાલ ત્રીભોવનદાસ તુમડી
બ્રીજમોહનદાસ વિઠ્ઠલદાસ
અચરતલાલ મૂળચંદ
મણીલાલ ચીમનલાલ
ભોગીલાલ ચીમનલાલ ડાંગેરવાળા
સાકેરલાલ નરોતમદાસ
મણીલાલ માણેકલાલ મસાણી
જીવણલાલ ઇશ્વરલાલ તુમડી
છગનલાલ વીજભૂખણદાસ
હરિલાલ મગનલાલ
ઓચ્છવલાલ ત્રીભોવનદાસ
ધીરજલાલ માણેકલાલ શેઠ
જયન્તિલાલ ચુનીલાલ માસ્તર
બ્રીજમોહનદાસ ગોવનદાસ
હીરાલાલ મગનલાલ
કૃષ્ણલાલ મોતીલાલ
નટવરલાલ ચીમનલાલ
કૃષ્ણલાલ દામોદરદાસ
ચીમનલાલ ચુનીલાલ શેઠ
સુંદરલાલ જમનાદાસ
જયંતિલાલ ચુનીલાલ નાણાવટી.

કાર્ય કરનારા.

હીરાલાલ કાળીદાસ
નગીનલાલ નરોતમદાસ
કૃષ્ણાવલ્લભ હરગોવનદાસ
બ્રીજમોહનદાસ ચુનીલાલ

વલસાડ

જયસુખલાલ બ્રીજભુખણદાસ શ્રોફ
સુરજલાલ ત્રીભોવનદાસ
વૃજલાલ પરસોતમદાસ શ્રોફ
હીરાલાલ ઉત્તમરામ શેઠ
અંબેલાલ લલુભાઇ
વેણીલાલ ચુનીલાલ

નાંદોદ.

હીરાલાલ હીંમતલાલ
ચુનીલાલ માણેકલાલ
મૂળજી છોટાલાલ
છગનલાલ છોટાલાલ
છોટાલાલ માણેકલાલ

કામરેજ

હીરાલાલ હરિલાલ

ડભોઇ

જીવણલાલ ચુનીલાલ

વડોદરા

ચીમનલાલ હલસુખભાઇ

---

* આ ઉપરાંત ભરૂચના કેટલાક નાની વયના છોકરાઓએ સારી સેવા બજાવી છે; તેમજ ભરૂચના કાર્ય કરનારાઓએ નિઃસ્વાર્થપણે મદદ કરી છે. ભરૂચના બે સદ્‌ગૃહસ્થોએ પોતે ખાનગી આર્થિક મદદ કરી છે, તેમજ ભાઇ ઇશ્વરીએ પણ જે આર્થિક મદદ કરી છે તે સઘળાઓનો આ પ્રસંગે આભાર માનીએ છીએ. સં. દ. મિ. મં.

વામો વીમો કરી તમારી જીંદગીનો વીમો ક્યાં ઉતરાવશો ?

દશ વરસની જુની જાણીતી અને ગરીબોને એક આશ્રયદાતા થઇ પડેલી

ધી નોર્ધર્ન સરકાર્સ લાઇફ એસ્યુરન્સ કંપનામાં.

કારણકે

ત્યાં કોઇપણ જાતના કે ધર્મના ૧૬ થી ૫૫ વરસની ઉમરના સ્ત્રી પુરૂષો વીમો ઉતરાવી શકે છે. વીમા માટે ડાકટરી પરીક્ષાની જરૂર પડતી નથી, તેમજ જન્માક્ષર કે ટપકાંની પણ જરૂર પડતી નથી અને દરેકને માટે એકજ તરેહના હલકા ભાવો રાખવામાં આવેલા છે. રૂ૦ ૧૦૦૦ની પોલીસી હોલ્ડરને માસીક રૂ૦ ૧નું પ્રીમીયમ અને રૂ૦ ૫૦૦ની પોલીસી હોલ્ડરને માસીક આઠ આના નું પ્રીમીયમ ફક્ત પંદર વરસ સુધીજ ભરવું પડે છે. તેમ પ્રીમીયમનો હફતો પડયો હોય તોપણ પ્રીમીયમ આપતાં નવી રીન્યુ કરી આપે છે. વળી કંપનીએ પોલીસી હોલ્ડરની લાયકાતનું ધોરણ પણ અગીઆર માસનું ઠરાવી ઘણીજ રાહતો પોલીસી હોલ્ડરને કરી આપે છે. વળી કંપનાની ખુબીતો એ છે કે ઉપલાજ દરે સ્ત્રીઓના પણ વીમા લે છે. કંપનીએ દશ વરસમાં દશલાખ રૂપીઆના દાવા ચુકવી આપેલા છે. જ્યારે નેવું હજાર કરતાં વધુ નામો રજીસ્ટર થયેલાં છે.

લગ્નનો વીમો તે શું ?

વળી આ કંપની કુંવારા છોકરા, છોકરીઓ તેમજ રાંડેલાં સ્ત્રીપુરૂષો કે જેઓ પોતાનાં લગ્ન ફરીથી કરવા ઇચ્છતા હોય તેઓનાં પણ વીમા લે છે, એટલે કે માસીક રૂપીઆ એકનું પ્રીમીયમ પાંચ વરસ સુધી ભરનારને સારી જેવી રકમ લગ્ન થવા પછી આપે છે, કે જેથી ગરીબ વર્ગ કે જે પોતાનાં બાળ બચ્ચાંઓનાં લગ્ન કરવા મુઝવણમાં મુઝાતાં હોય તેઓની મુંઝવણ ટાળતી હોવાથી ગરીઓને એક આશ્રયદાતા થઇ પડી છે. વધુ માટે લખો યા મલો.

સી૦ સી૦ મુખત્યાર

મોટા મંદીરનીપોળ-સુરત.

સુરત અને ગુજરાત કાઠીઆવાડના ચીફ એજન્ટ.

દુઃખ નાશક દર્પણ.

૧ **સુમસનહાર અમેશાનો સુરમો**—એથી આંખના મોતીઆ, ફુલા, ડેયા, છારી પડળ, પરવાળા તથા આંખમાં બાલનું ઉગવું વીગેરે શસ્ત્ર લગાડયા સિવાય આરામ કરવામાં આવેલાના સરટીફીકેટો મળેલાં છે કીં તો. ૧ ના રૂ. ૨૧.

૨ **મોતીનો ઠંડો સુરમો**—આંજવાથી ઝાંપ, ગરમીથી આંખમાં આવના પાણીને અટકાવી ઠંડક આપે છે. કીં રૂ. ૦ાા

૩ **નીલમણી અર્ક** ગમે તે જાતના આંખના ફુલા, ખટકા તથા લોહીના જમવાને ૩ દિવસ કરતાં પણ તાત્કાળીક આરામ કરે છે કીં. રૂ. ૦ાા

૪ **સુર્યોદય સત્વ તથા સુર્યોદય અર્ક**—પાંચ મિનિટમાં ઝામરવા સાથનો માથાનો દુખાવો સારો થાય છે. કીં. રૂ. ૧૦. નં. એથી દુખાવો ૨ માનીટમાં શાંત થાય છે કીં. આના ૪

૫ મોતીનો પાક—આ પાક ખાવાથી આંખના તમામ દરદો ઉપર ૮ દીવસમાં ફાયદો થાય છે ડબ્બી એકનો રૂ. ૦ાા

૬ નુરનુરે હાર મદન યોગેશ્વર કસ્તુરીની ગોળી—આ દવા સ્વપ્નમાં ખલાસ થતા વિર્યને અટકાવી નપુશકપણાને મટાડી ખરૂં પુરૂષત્વ બક્ષે છે, પાચન શકતી અને સ્મરણ શકતી વધારી લોહી સુધારી ખરેખરો ગુણ ધરાવે છે. ૫ દિવસમાં. ગોળી ૩૨ ના રૂ. ૨ એટલુંજ નહીં પણ ઉપલી ગોળીથી ૨૦ જાતના પ્રમેહ. મુખ ટાંકી, ચાંદી વિગેરેને ગોદું આપ્યા સિવાય તાત્કાળીક અસર કરે છે.

૭ ગીરીરાજ રસ—એથી સ્ત્રીને જતી નબળાઇ, પ્રદર-લોહીવા, કંમરનો દુખાવો વિગેરે ગર્ભસ્થાનને લગતા તમામ દરદોને ૫ દિવસમાં આરામ કરે છે ગોળી ૩૨ નો રૂ ૧

૮ કનકપ્રભા—ધાતુક્ષય, દમ, અમુજણ રાજયક્ષમાને ૨૦ મીનીટમાં ફાયદો આપે છે. ગોળી ૩૨ નો રૂ૦ ૧

૯ પક્ષાઘાત લકવા ૩ થી ૧૨ દીવસમાં આરામ થાય છે.

૧૦ નાના બચ્ચાં—સસણી, વરાધ, વાવલી ૧ દીવસમાં શીશી ૧ ના આના ૮

૧૧ સાગર ગોટાદી સત્વ—અર્સ બાવાસીર ઉપર ચોપડવાથી તેજ વખ ઠંડક આપી આરાય કરે છે, સીસી ૧ ના આના ૪

દવાઓ કેવી રીતે વાપરવી તેનું હેન્ડબીલ તે દવા સાથે આપવામાં આવે છે.

૧ રૂપીઆથી ઓછી કીમતનું વેલ્યુપેબલ કરવામાં આવશે નહી.

ઉપર દર્શાવ્યા સિવાયની તાત્કાળીક આરામ કરનારી વનસ્પતીની તમામ દવાઓ હમારા દવાખાનામાં વપરાય છે જેની ખાત્રી જાતી અનુભવ કરી કલેકટરો, મેજીસ્ત્રેટો, તેમજ વકીલ, બારીસ્ટરો અને બીજા નામીચા સદગ્રહસ્થો તરફથી સંખ્યાબંધ સરટીફીકેટો મળેલા છે.

આર્ય હિતવર્ધક ઔષધાલય—સોનીફળીઆ—સુરત.

વૈદ્ય શાસ્ત્રી મણીશંકર પાર્વતીશંકર

બાદશાહી.

ગનોરીયા સ્પેસિફીક

(પ્રમેહારી રસ.)

નવો અગર જુનો પ્રમેહ (સુજાક) મુત્રકચ્છ, સ્વપ્ન દોષ, પેશાબ વખતે બળતરા, પેશાબમાં લોહી પડવું, વારંવાર પેશાબની પીડા થઇ આવવી, કપડામાં સફેદ પીલા ડાઘા પડવા, વધારે પીશાબ થવો, પેશાબની આગળ પાછળ ધાતુનું જવું, ઇત્યાદી ૨૪ કલાકમાં સંપુર્ણ આરામ પોહોંચાડે છે. જેઓને માલુમ છે કે પ્રમેહ સ્હેજમાં મટતો નથી તેઓને હમેશ ખાત્રી કરી આપીએ છીએ કે એક વખત બાદશાહી ગનોરીયા સ્પેસિફીક વાપરી ખાત્રી કરો. કીમત બાટલી એકના રૂ૦ ૨) પોસ્ટેજ ચાર આના.

C. C. MAHAJAN & Co. BOMBAY.

બાદશાહી

પરગેટીવ ટી.

(ગુલાબી ચહા.)

આ વનસ્પતીની ચહા સાધારણ ચહાની માફક ગરમ પાણીમાં ઉકાળી દુધ સાકર અગર એકલી સાકર સાથે પીવાથી ગરમી યા સરદી, અગર પેટમાં કંઈ પણ દર્દ થયા સિવાય દસ્ત સાફ લાવે છે. તાવ વીગેરે દર્દોમાં જુલાબ આપવા માટે સર્વેથી આ ચહા ઉતમ છે. તેમજ આ ચહા દસ્ત સાફ લાવી શકતી આપે છે. હરસવાલાઓને લાભકારી છે. કીંમત બાટલી એકના આના આઠ, પોસ્ટેજ જુદું.

C. C. MAHAJAN & Co, BOMBAY.

છોટાલાલ છગનલાલ માહાજન-મુંબાઈ નાં૦ ૨.

પ્રસ્તાવના.

સંવત ૧૯૬૭ ના કાર્તિક શુદ ૧ તા. ૩-૧૧-૧૯૧૦ ના રોજ શ્રી ભૃગુપુર દશાલાડ મિત્ર મંડળના મેળાવડા વખતે પ્રમુખપદેથી ભાષણ કરતાં રા. રા. અંટોળદાસ હરગોવનદાસે જો દશાલાડ કોન્ફરન્સ ભરવામાં આવે તો રૂા. ૧૦૦૦) ની મદદ આપવા જાહેર કર્યું હતું ત્યારથીજ અનેક ભૃગુપુર નિવાસી તેમજ અન્ય સ્થળ નિવાસી દશાલાડોના હૃદયમાં એવી ઉર્મી પ્રકટેલી કે યથાશક્તિ પ્રયાસ કરી દશાલાડ કોન્ફરન્સ બોલાવવી, અને ત્યાર પછી વિવિધ સ્થળ નિવાસી દશાલાડ બંધુઓમાં એ વિષય પર જોસમાં ચર્ચાવા માંડ્યો, અને ત્યાર પછી પત્રિકાના દરેક અંકમાં ભિન્ન ભિન્ન ગૃહસ્થો તરફથી તત્સંબંધી લેખો પણ આવવા માંડયા, અને તા. ૨૨-૬-૧૧ ના રોજ મળેલી શ્રીસુરત દશાલાડ મિત્ર મંડળની મીટીંગે તે વિચારને એકમતે અનુમોદન આપ્યું એટલુજ નહિ પરંતુ શ્રીસુરત દશાલાડ જ્ઞાતિના સાજનાએ પણ કોન્ફરન્સ બોલાવવા અનુમતિ આપી હતી. (દ. પ. શ્રાવણ ૧૯૬૭ પા. ૧૦) એ ઉપરાંત અન્ય સ્થળ નિવાસી કેટલાક દશાલાડ ગૃહસ્થોએ પણ ખાનગી પત્રદ્વારા તત્સંબંધી અનુમતિ આપી હતી. આ ઉપરાંત ભરૂચ, સુરત, નાંદોદ વિગેરે સ્થળના કેટલાક દશાલાડ ગૃહસ્થોએ ડભોઇ, સંખેડા, તિલકવાડા તથા ચાંદોદ વિગેરે સ્થળે જઇ ત્યાંના શેઠીઆઓનો અને લોકોનો સામાન્ય રીતે મત પણ લીધો હતો. ત્યાર બાદ સંવત ૧૯૬૮ ના અક્ષય તૃતીયાને શનિવાર તા. ૨૦-૪-૧૨ ના રોજ શ્રી ભૃગુપુર દશાલાડ મિત્ર મંડળની મેનેજીંગ કમીટીએ એકાનુમતે ઠરાવ કર્યો કે જ્યારે વિવિધ સ્થળે વસતા દશાલાડ ભાઇઓનો દશાલાડ કોન્ફરન્સ બોલાવવા અભિપ્રાય થયો છે ત્યારે એ કામ દશાલાડ મિત્ર મંડળે ઉપાડી લેવું અને તન, મન અને ધનથી દરેક સભાસદે મદદ કરવી. પરંતુ તત્સંબંધી કંઇ પણ પગલાં લેતાં પહેલાં આ મંડળની અસાધારણ સભા બોલાવી મંડળના સર્વ સભાસદોના અભિપ્રાય જાણી સંમતિ લેવી અને ત્યાર બાદ સ્થાનિક જ્ઞાતિના પણ અભિપ્રાય અને સંમતિ લેવાં. તદનુસાર તારીખ ૨૨-૪-૧૯૧૨ ના રોજ મળેલી અસાધારણ સભા બોલાવવામાં આવી હતી. તે સભાએ પણ એકાનુમતે કોન્ફરન્સ બોલાવવા સંમતિ આપી હતી અને સંવત ૧૯૬૮ ના જેઠ શુદ ૧૦ અને ૧૧ તા. ૨૫ તથા તા. ૨૬ માંહે મે સન ૧૯૧૨ શનિવાર અને રવિવારના રોજ કોન્ફરન્સ ભરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ સ્થાનિક સમગ્ર જ્ઞાતિને કાર્ડદ્વારા ખબર આપવામાં આવી હતી. અને બુધવાર તા. ૧લી મે સને ૧૯૧૨ ના રોજ મળેલી સ્થાનિક દશાલાડ જ્ઞાતિએ અનુમોદન આપી ભરૂચ દશાલાડ મિત્ર મંડળને એ કોન્ફરન્સ ઉપર જણાવેલા દિવસોએ ભરૂચમાં ભરવા સર્વાનુમતે સંમતિ આપી હતી.

અન્ય જ્ઞાતિઓ વિષે ગમે તેમ હો પરંતુ આપણી આ દશાલાડ જ્ઞાતિને પરિષદ્ જેવી સંસ્થાની ખાસ આવશ્યકતા છે. ગુજરાતમાં ઉત્તરે કાલોલથી તે દક્ષિણમાં બરાનપુર સુધી ઓછા વત્તા પ્રમાણમાં ઘણાંખરાં શહેર અને ગામોમાં આપણી જ્ઞાતિ પ્રસરેલી છે. છતાં પણ પાસપાસેના ગામ કે શહેરવાળા દશાલાડોમાં પરસ્પર કન્યા વ્યવહાર કે પરસ્પર પ્રીતિ જોવામાં આવતા નથી. હવે જો આપણી જ્ઞાતિ અન્ય કેટલીક કોમો માફક પરસ્પર કન્યા વ્યવહારના દરવાજા ખુલ્લા મુકે તો સંસાર સુધારાનું પણ એક મહાન કાર્ય થાય, અને હાલ જે સમય વિચારનો નહિ પણ આચરણનો છે તેનો લાભ લેવા પરિષદ્ એ અતિ ઉપયોગી સાધન થઇ પડે એમ છે.

આવી રીતે દરેક સ્થળના સંકુચિત વર્તુળમાં જીવન પસાર કરતી આપણી જ્ઞાતિમાં વિદ્યાનું જોર જોઇએ તેવું નથી. અલ્પ આયપતવાળા ધંધા રોજગારમાં ઘણા લોકો પડેલા છે. કેટલેક ઠેકાણે એવા રીત રિવાજો જડ ઘાલી બેઠેલા છે કે સંસાર સુધારાના કાર્યોના અને અર્વાચીન સમયની મંથન પ્રક્રિયાઓના રણકારા પણ તેમની કર્ણેંદ્રિયને સ્પર્શ કરે છે કે નહિ તે સંબંધી શંકા રહે છે. માટે કેળવણીની વૃદ્ધિ કરવા તેમજ સંસાર સુધારક મહાન સમાજોનાં કાર્યો સમસ્ત જ્ઞાતિજન સમક્ષ લાવવા પરિષદ્ જેવી સંસ્થાની ખાસ આવશ્યકતા છે.

દરેક જ્ઞાતિ છૂટી છૂટી જે કાંઇ કરી શકે તેના કરતાં અનેક જ્ઞાતિ એકઠી થઈ એક બીજાના અનુકરણથી, એક બીજાની હુંફથી ને એક બીજાની સ્પર્ધાથી ઘણું કરી શકે છે. માટે એ પ્રમાણે ઉત્તેજન આપવા માટે પણ પરિષદ્‌ની ખાસ આવશ્યકતા છે. ટુંકમાં નામદાર સરકાર, દેશોદ્ધારક મહાપુરૂષો તેમજ વિવિધ પ્રકારના ઐહિક ને પારલૌકિક સુખની અભિવૃદ્ધિ અર્થે મંથન કરતા મંડળો જે કાર્ય કરી રહ્યાં છે તે કાર્યોને યથાશકિત મદદ કરવા અર્થે અને સમગ્ર જ્ઞાતિ તે કાર્યોની બુજ જાણે અને પ્રતિકૂળ વર્તન ન કરતાં અનુકુળ વર્તન કરે તે માટે જ્ઞાતિમત કેળવવા અર્થે પરિષદ્ જેવી સંસ્થાની જરૂર છે.

આ પ્રમાણે પરિષદ્‌ની સંસ્થાની આવશ્યકતાનો સ્વીકાર કરી શુદ્ધ અંતઃકરણથી કેટલાક લાગણીવાળા ગૃહસ્થોએ આ કાર્ય ઉપાડી લીધું હતું અને અન્ય વિવિધ સ્થળ નિવાસી દશાલાડ બંધુઓએ પધારી પુષ્ટિ પણ આપી હતી. એ ઉપરાત સર્વ વણિક કોમોમાં ઐકયતા ફેલાવવાના ઉચ્ચ આદર્શથી ભરૂચની સર્વ વણિક કોમોના શેઠીઆઓને આમંત્રણ આપવામાં આવ્યું હતુ તેઓએ પણ પધારી શોભા આપી હતી; અને જેમ પત્રિકાને ભરૂચે જન્મ આપ્યો પણ તેને પોષણ આપી બળવાન બનાવવામાં સુરતે આગેવાની ભરેલો ભાગ લીધો છે તેજ પ્રમાણે કોન્ફરન્સને ભરૂચે જન્મ આપ્યો પરંતુ તેને પોષણ આપી સુરતે બળવાન બનાવી છે એટલુંજ નહિ પરંતુ કર્તવ્ય બુદ્ધિથી બીજી બેઠક સુરત રાખવાની માગણી પણ કરી છે અને તે સ્વીકારવામાં પણ આવી છે. એમનેજ પગલે ચાલી નિરનિરાળા ગામની જ્ઞાતિ વારા ફરતી યથા શકિત વહેલે મોડે પણ પોતપોતાના ગામમાં બેઠક રાખવા માગણી કરશે એમ આશા છે. આપણા જ્ઞાતિજનોને પરિષદ્‌ની આવશ્યકતા લાગી છે તે તેમને અત્રે આપેલી હાજરી પરથી સાબિત થઇ ગયું છે. તે ઉપરાંત જે લોકો અનિવાર્ય કારણ પ્રસંગાત્ હાજર રહી શકયા નહિ તેવાઓ પૈકી રા. રા. ચુનીલાલ દ્વારકાદાસ નાંદોદ, રા. રા. મોતીલાલ લલ્લુભાઇ, ચીફ એન્જીનીઅર લીમડી, રા. રા. મંગળજી ધંધુશાહ પસારી, બગનપોર, રા. રા. અમૃતલાલ હરિલાલ પારેખ, રા. રા. મગનલાલ નરોતમદાસ ફડીઆ વિગેરે કેટલાકના પત્રો આવ્યા અને તેમણે કોન્ફરન્સની ફત્તેહ ઇચ્છી હતી.

આ કોન્ફરન્સમાં પસાર થયેલા ઠરાવોની નકલ મુંબાઇના નામદાર ગવર્નર સાહેબને ભરૂચ જીલ્લાના મે. કલેકટર રોથ ફીલ્ડ સાહેબની મારફત રવાના કરવામાં આવી હતી અને નામદાર શહેનશાહ અને શહેનશાહ બાનુ તરફ વફાદારી પ્રદર્શિત કરવા માટે ઉપકાર નિવેદન સાથે પહોંચ તા. ૨૪–૬–૧૨ મે. કલેકટર સાહેબ તરફથી ફરીવળી છે.

કોન્ફરન્સનું છેલ્લું કાર્ય રીપોર્ટ પ્રસિદ્ધ કરવાનું હતું તે પણ આજે બને તેટલી સંપૂર્ણ હકીકત અને ભાષણ સાથે સંતોષપૂર્વક સમસ્ત દશાલાડ જ્ઞાતિના ચરણ કમળમાં રજુ કરીએ છીએ.

ભરૂચ તા. ૯-૧૧-૧૨
કાર્તિક શુદ ૧ સંવત ૧૯૬૯

સેક્રેટરીઓ–શ્રી દશાલાડ મિત્રમંડળ.

શ્રી વલસાડ વણિક મંડળે કોન્ફરન્સમાં નીચેની બાબતોપર ચર્ચા કરવા ભલામણ કરી હતી.

૧. આપણી કોમમાં સાધારણ રીતે કન્યાની ઘણી અછત હોવાને લીધે પાણી ખપતી અન્ય વણિક કોમની કન્યા લાવવા સંમતિ આપવા બાબત વિચાર કરવો.

૨. 'વણિક' નામે ઓળખાતી જે જે કોમો છે તેમાં કઇ કઇ કોમો આપણી સાથે પાણી ખપતી ગણી શકાય તે નક્કી કરવું.

૩. ફકત ધર્મ ફેર હોય પણ આચાર વિચાર વાંધા ભરેલા નહી હોય એવી વણિક કોમોને પાણી ખપતી જ્ઞાતિઓમાં સમાવેશ કરવો.

૪. કલમ (૩) માં જણાવ્યા મુજબના વર્ગમાં કઇ કઇ કોમો આવે છે તે બાબત તપાસ કરી રીપોર્ટ કરવા એક કમીટી નીમવી અથવા તો ભરૂચ દશાલાડ મિત્ર મંડળે કરેલી સુચનાની કલમ (૨) મુજબ કામ કરવાને જો કમીશન નીમવામાં આવે તો એ કામ કરવાની ફરજ પણ એ કમીશનને માથે નાંખવી.

બારડોળીના શેઠ ભગવાનદાસ રસીકદાસે નીચેની બાબતો કોન્ફરન્સમાં ચર્ચાવાની ભલામણ સાથે તા. ૨૨–૨–૧૨ ના રોજ મોકલી આપી હતી.

૧. કન્યા આપવા લેવાનો વિચાર તમામ સાથે રાખવો જોઇએ.

૨. પલ્લાં વિગેરે ગામે ગામ જૂદાં છે તેનું એક ધોરણ ઠરાવવું જોઇએ.

૩. આપણી કોમ કેળવણીમાં ઘણી પાછળ છે માટે કેળવણી ફંડ એક ઉભું કરવું જોઇએ.

૪. જ્ઞાતિ વરામાં અનીતિના ખર્ચમાં કંઇ અંકુશ મૂકવો જોઇએ.

૫. બાળ લગ્ન થતાં અટકાવવાં જોઇએ.

૬. જ્ઞાતિમાં કજોડાં જોવામાં આવે છે માટે છોકરાના કરતાં છોકરી ઉમરે ૫–૭ વર્ષ નાની હોવી જોઇએ.

રા. રા. હરકીશનદાસ વિઠ્ઠલદાસ દલાલે (મુંબઇ) તા. ૨૦–૫–૧૨ ના રોજે ભલામણ માટે ઠરાવો મોકલ્યા હતા તેમાંના વિચારવા જેવા એ અત્રે આપ્યા છે.

૧. આપણે જન્મથી વેપારી છીએ માટે વેપારમાં ઉન્નતિ કરવા પ્રયાસ થવો જોઇએ અને વેપાર સંબંધી સલાહ આપવા સલાહકારક કમીટી નીમવી જોઇએ.

૨. કોઇ પણ ગૃહસ્થની પત્ની આ ફાની દુનિયા છોડી જાય છે કે તરતજ તેના વિવાહ થાય છે એ ખોટું છે. આ સંબંધમાં મુદત બાંધવાની જરૂર છે.

શ્રી પ્રથમ દશાલાડ કોન્ફરન્સનો રીપોર્ટ-ભરૂચ.

તા. ૨૪-૫-૧૨ના રોજ પ્રમુખ પધારવાના હોવાથી ભરૂચની દશાલાડ જ્ઞાતિ હળમળી રહી હતી. રીસેપ્શન કમીટીના સંભાસદ, વોલન્ટીઅર્સ વિગેરે પ્રમુખને લેવા સ્ટેશનપર જવા સવારથીજ તૈયારીઓ કરવા લાગ્યા હતા, દરેક જણ સુંદર સ્વચ્છ વસ્ત્ર સાથે અને પોતાના સાંકેતિક ચિન્હ સાથે સ્ટેશનપર આવી પહોંચ્યા હતા અને દેખાવ ઘણોજ રમણીય થયો હતો.

પ્રમુખને આવકાર.

તા. ૨૪-૫-૧૯૧૨ શુક્રવારના રોજે સવારના ૮।। વાગતાની ટ્રેનમાં કોન્ફરન્સના પ્રમુખ શેઠ નગીનદાસ જમનાદાસ સેવકલાલ મુંબઇથી ભરૂચ સ્ટેશનપર પધાર્યા હતા તેમને ટ્રેનમાં સુરત તથા અંકલેશ્વરના દશાલાડો તરફથી સ્ટેશનપર સારૂ સન્માન કરવામાં આવ્યું હતું. ભરૂચ સ્ટેશનપર તેમને લેવા માટે ૪૦ દશાલાડ વોલન્ટીઅરની ટુકડી તથા રીસેપ્શન કમીટીના ચેરમેન તથા સભાસદો, ડેલીગેટો તથા અન્ય દશાલાડ ગૃહસ્થો, બૅન્ડ સાથે સ્ટેશન પર હાજર થયા હતા. પ્રમુખ સાહેબ આવી પહોંચતાજ તેમને ખુશાલીના પોકારથી વધાવી લેવામાં આવ્યા હતા અને બૅન્ડે સલામી વગાડી આવકાર આપ્યો હતો. ત્યાર બાદ પ્રમુખ સાહેબને સંભાવિત ગૃહસ્થો તરફથી હારતોરા આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ રીસેપ્શન કમીટીના ચેરમેન રા. રા. અંટોલદાસ હરગોવનદાસ વકીલ બી. એ. એલ. એલ. બી. તેમને મોટરકારમાં બેસાડી પોતાને ઉતારે લેઇ ગયા હતા. રસ્તામાં કેટલેક ઠેકાણે દશાલાડ ગૃહસ્થો તરફથી તેમને હારતોરા પહેરાવવામાં આવ્યા હતા.

ડેલીગેટો અને પ્રેક્ષકોની પધરામણી.

તા. ૨૫મીની સવાર સુધીમાં મુંબઇ, સુરત, વલસાડ, પારડી, કઠોર, કામરેજ, વાલોડ. નાંદોદ. અંકલેશ્વર, વડોદરા, સંખેડા, બહાદરપોર, ડભોઇ, ગણદેવી, તિલકવાડા વિગેરે સ્થળોથી આશરે ૪૦૦ ડેલીગેટ અને પ્રેક્ષકો તથા વોલન્ટીઅરો આવી ગયા હતા. સ્ત્રીઓની પણ સારી સંખ્યા આવી પહોંચી હતી તેમને ઉતરવાને માટે નગુ શેઠાણની વાડી, મોઢની વાડી, સ્વામીનારાયણના મંદિરનો મોટો હોલ તથા. ખાખચોક મંદિરનો હોલ, ભ્રગુઋષિ મંદિરની ધર્મશાળા રોકવામાં આવી હતી તે બધી ચીકાર ભરાઇ ગઇ હતી, અને તે જગાનો દેખાવ ધ્વજાપતાકા તેમજ લોકોની ઠઠને લીધે અતિ રમણીય અને આકર્ષક બની રહ્યો હતો.

બંને પક્ષ એકત્ર કરવાનો પ્રયાસ.

રાત્રે વિવિધ સ્થળ નિવાસી દશાલાડ બંધુઓએ એક ડેપ્યુટેશન તૈયાર કરી બંને પક્ષ એકત્ર કરવા સ્તુત્ય પ્રયાસ આદર્યો હતો પરંતુ દિલગીરી સાથે જણાવવું પડે છે કે તે નિષ્ફળ ગયો.

પ્રથમ બેઠક.

તા૦ ૨૫-૫-૧૨ ને શનિવારના રોજ સવારમાં સાડા આઠ વાગે પ્રથમ દશાલાડ કોન્ફરન્સની પહેલી બેઠક ગોવિન્દ ભુવન થીએટરમાં રાખવામાં આવી હતી. મકાનને ધ્વજા,

પતાકા, તોરણ વિગેરેથી શણગારવામાં આવ્યું હતું. વોલન્ટીઅર્સ તેમજ રીસેપ્સશન કમીટીના સભાસદો દેશાવરના ગૃહસ્થોને માન આપવા ઉભા હતા. સાત વાગાથી ડેલીગેટો અને પ્રેક્ષકોએ પધારી પોતાની પાસના આંક પ્રમાણે બેઠક લીધી હતી. બેન્ડ પણ હાજર હતું, અને સાડા આઠ વાગે તો થીએટર ચીકાર થઇ ગયું હતું. પ્રારંભમાં જ્ઞાતિ ગોરો તથા અન્ય વિદ્વાન બ્રાહ્મણોએ વેદમંત્રોચ્ચાર કર્યા હતા. ત્યારબાદ શેઠ નગીનદાસ જમનાદાસ સેવકલાલ પધારતાંજ બધાઓએ ઉઠી આવકાર આપ્યો હતો. સભામાં બહારગામના ડેલીગેટ ૨૨૫, પ્રેક્ષક ૧૫૦, સ્થાનિક પ્રેક્ષકો ને ડેલીગેટ ૪૦૦ તથા સ્થાનિક જ્ઞાતિની સ્ત્રીઓએ તેમજ દેશાવરની સ્ત્રીઓએ ઘણીજ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

બરાબર સાડા આઠ વાગે હારમોનિયમના મધુર સ્વર સાથે વિદ્યાર્થીઓએ રા૦ રા૦ ગીરધરલાલ કાળીદાસ દલાલની પ્રસંગાનુસાર બનાવેલી 'વંદન કરીએ જગ સ્વામી' સ્તુતિ (નં૦ ૧) સુસ્વરે ગાઇ સંભળાવી હતી. (જુઓ કોન્ફરન્સમાં ગાવાના ગાયનની ચોપડી.)

સ્વાગત મંડળના પ્રમુખનું ભાષણ.

ત્યારબાદ સ્વાગત મંડળના પ્રમુખ રા૦ રા૦ અંટોળીદાસ હરગોવનદાસ બી૦ એ૦ એલ૦ એલ૦ બી૦ સરકારી વકીલે પોતાનું ભાષણ કરતાં જણાવ્યું કે ગુજરાતના દશાલાડોની તવારીખમાં આજનો દિવસ સોનાના અક્ષરે કોતરવા જેવો ગણાશે એમ કહેવામાં હું અતિશયોક્તિ કરતો નથી.

શ્રી ભરૂચ દશાલાડ મિત્ર મંડળ.

ભરૂચ શહેરમાં શ્રી ભરૂચ દશાલાડ મિત્ર મંડળ પાંચ વર્ષ થયાં સ્થાપન થયું છે, અને એના સભાસદોએ જ્ઞાતિમાં કેળવણીનો પ્રચાર કરવાનું અને પ્રચલિત રીત રિવાજોમાં સુધારા વધારા કરવાનું મુશ્કેલીભર્યું કામ ઉઠાવ્યું છે. ઇતિહાસ ઉપરથી જાણીએ છીએ કે જ્ઞાતિઓમાં સુધારા વધારા કરવાની ઘણી મુશ્કેલીઓ પડે છે. આ મંડળને પણ એવી મુશ્કેલીઓ નડે છે છતાં પણ મંડળે પોતાનો પ્રયાસ જારી રાખ્યો છે અને આજે મને જણાવવાને ખુશી ઉપજે છે કે મંડળ હવે પોતે આરંભેલા કાર્યોમાં પછાત પડશે એવી બિલકુલ વકી નથી. મંડળના પ્રયાસથી જ્ઞાતિમાં કેટલાક સુધારા વધારા થયા છે અને ગરીબ છોકરાઓને કેળવણીમાં મદદ મળે એવી વ્યવસ્થા પણ થઇ છે, અને વળી મોટો લાભ એ થયો છે કે એમના પ્રયાસથી ગુજરાતના દશાલાડો આજે અત્ર એકત્ર થયા છે. આ એક આનંદદાયક બનાવ છે.

આક્ષેપો અને વિરૂદ્ધતા.

આ કોન્ફરન્સ ભરવાનો વિચાર જ્યારે બહાર પાડવામાં આવ્યો ત્યારે કેટલેક સ્થળેથી એ હિલચાલ તરફ આક્ષેપો થવા લાગ્યા હતા. કોન્ફરન્સ બે દિવસનો તમાસો છે, કોન્ફરન્સથી કંઇ લાભ નથી એવી એવી દલિલો રજુ કરવામાં આવી હતી, પણ કોન્ફરન્સ ફાયદો કરનારી હિલચાલ છે કે ગેરફાયદો કરનારી હિલચાલ છે તે આજે હાજર થયેલા પ્રતિનિધિ અને પ્રેક્ષકોની મોટી સંખ્યાથી સમજાઇ જાય છે. આ કોન્ફરન્સની વિરૂદ્ધતામાં આપણા ભરૂચ મિત્રના અધિપતિ પણ છે. તેમના તરફ હું ધાડો સંબંધ ધરાવું છું. બીજા પક્ષના દશાલાડ આગેવાનો તરફથી વિરોધ દર્શાવવામાં આવ્યો છે. બંને પક્ષ વચ્ચે ઉભી થએલી

કડવી લાગણી દૂર કરવા અમોએ બનતો પ્રયાસ કરવામાં બાકી રાખી નથી. સાંજના એકલ ડોખલ અનેક ગૃહસ્થોએ અને ડેપ્યુટેશને પ્રયત્નો કર્યા હતા, પરંતુ સફળ થયા નહતા. તે લોકોમાંથી કેટલાક ગૃહસ્થો આવ્યા નથી. તો તેનો દોષ કોને શિર મૂકવો તેનો વિચાર કરવાનું આપ સાહેબોને સોંપું છું. આમ છતાં મિત્ર મંડળનો પ્રયાસ ફળીભૂત થયો છે.

તાર.

આ ક્ષણે કાલીકટથી રા૦ રા૦ મણિલાલ માણેકલાલ તરફથી અને મુંબાઇથી રા૦ રા૦ નગીનદાસ માણેકલાલ ડાકટર તરફથી મુબારકબાદીના તારો આવેલા તે વાંચી સંભળાવવામાં આવ્યા હતા.

પધારેલા ગૃહસ્થોનો ઉપકાર.

આગળ ચાલતાં તેમણે જણાવ્યું કે ઉનાળાના વખતમાં તાપ તડકો વેઠી જે જે બંધુઓએ પધારવા તસ્દી લીધી છે તેમનો આ મંડળ ઉપકાર માને છે, અને અમોએ અમારી સ્થિતિ અનુસાર સગવડ તથા વ્યવસ્થા કરી છે તેમાં કંઇ ન્યુનાધિક જણાય તો મોટું મન રાખી દરગુજર કરશો.

સ્થિતિ અને સુધારા.

આજે હવે પ્રમુખનું ભાષણ થયા પછી સબજેકટસ કમીટી તમારી સન્મુખ નાતહિતના સવાલો રજુ કરશે. તે ઉપર આપ સૌ બંધુઓ લક્ષ આપશો અને તે પ્રમાણે ચાલવાને ઉમંગ બતાવશો એવી મને આશા છે. આ કોન્ફરન્સ પહેલી હોવાથી તેની અંદર ચોક્કસ ઠરાવો કરવા બની શકવું મુશ્કેલ છે, છતાં સબજેકટસ કમીટીમાં જે ઠરાવો કરવામાં આવશે તે લગ્ન ક્રિયા, જ્ઞાતિવરા વિગેરે બાબતોમાં સુધારા કરવાની ભલામણને લગતા આવશે. દિવસે દિવસે જેમ જેમ કાળ જાય છે તેમ તેમ વચલા વર્ગના લોકોની સ્થિતિ બારીક થતી જાય છે અને વસ્તીમાં ઘટાડો થતો જાય છે. ભરૂચના બહાર ગામના દશાલાડની સ્થિતિ ધ્યાનમાં લઇશું તો કહ્યા વિના છૂટકો નથી કે આર્થિક સ્થિતિમાં સુધારો થયો નથી. ભરૂચમાં પણ દશાલાડો પ્રથમ મોટા વ્યાપારીઓ હતા. તેમની જગા ઘાંચી ગોલાઓએ અને ડીસ્ટ્રીકટમાં પારસીઓએ લીધી છે. વસ્તીપત્રકપરથી પણ માલમ પડશે કે સંખ્યામાં ઉંચ કોમની વસ્તી ઘટતી જાય છે અને તે કેળવણીમાં પણ પછાત પડતી જાય છે. માટે સુધારા કરવાની આવશ્યકતા છે. આ સઘળા સુધારા ઐક્યતા વિના થઇ શકતા નથી. કેળવણી માટે નામદાર સરકાર ઉપર આધાર રાખવા કરતાં આપણા પોતાના ઉપર આધાર રાખવાની જરૂર છે. નામદાર સરકારે ૧૮૨૧ની સાલથી કાયદા ઘડવા માંડયા તે વખતથી નાતને નાતના કાયદા ઘડવાની છૂટ આપી છે. નાતને ઘણી મોટી ગણી સરકાર તેમાં હાથ ઘાલવા ના પાડે છે. તો પછી દરેક નાતની એવી ફરજ છે કે પોતાની નાતની ઉન્નતિ થાય તે માટે કાયદા ઘડવા જોઇએ. નાતના બંધન કામના છે પરંતુ તે એવા પ્રકારના હોવા જોઇએ કે તેથી નાતની ઉન્નતિ થાય. દરેક જ્ઞાતિએ લગ્ન, વિધવા, બાળલગ્ન, વિવાહ અને શારીરિક સ્થિતિ સંબંધી કાયદા બાંધવા જોઇએ. એકત્ર વિચારથી, એકમતે કંઇપણ કરો તો કરી શકાય એમ છે. મારે ' ભરૂચ મિત્ર 'ના અધિપતિને જણાવવું જોઇએ કે અમો કોન્ફરન્સમાં વિધવા વિવાહની છૂટ સંબંધી કાયદા બાંધવા માંગતા નથી. મારો વિચાર એવો છે કે ભરૂચ અને જંબુસર વિગેરે ગામોમાં કન્યા વ્યવહાર પરસ્પર થવો જોઇએ. દક્ષિણી લોકો જ્યાં અનુકૂળ લાગે ત્યાં લગ્ન અથવા બીજા

વ્યવહારો કરી શકે છે એવો વહિવટ દશાલાડ બંધુઓએ સ્વીકારવો જોઇએ. કેટલા માણસો કહેશે કે આથી સારા માણસને કન્યા મળશે પરંતુ ગરીબ માણસો રહી જશે. આ કહેવું વ્યાજબી નથી. જો તમારો વિચાર દશાલાડનું નામ ૫૦–૧૦૦ વરસમાં કાઢી નાંખવાનો હોય તો તમારા ચાલતા રીવાજો ચાલવા દો. તમારી બાળકીઓ તમો ઝબે કરશો અને તે જીવન પર્યંત નિસાસો નાંખશે અને તેનાં ફળ તમોને ચાખવા પડશે. જો ઉપરનું મારૂં બોલવું તમોને વ્યાજબી લાગતું હોય તો તમારે વિવાહની છૂટના કાયદા બાંધવા જોઇએ અને જો નહિ બાંધો તો છતી આંખે આંધળા કહેવાશો.

આ બાબતમાં આજકાલ કંઇ થઇ શકશે નહિ, પરંતુ અમારી આશા એવી છે કે તમારા ગામના ગૃહસ્થો આગળ આ સવાલ મૂકશો અને વાતચિત્ત અને વિવેચન કરી તેમને સમજાવશો.

અયોગ્ય ખર્ચો.

અયોગ્ય ખરચ, અયોગ્ય રીવાજ પડતા મૂકી સ્થિતિ સુધરે તેવા રિવાજપર વિચાર કરવા જોઇએ. વરામાં ગેરવ્યાજબી ખર્ચો કરીને આપણે ધોવાઇ ગયા છે. જો તમો આંકડા મૂકશો અને ત્રણ ચાર ટકાનું વ્યાજ ગણશો તો તમોએ અગણિત ધન ઉડાવી દીધું છે અને કરોડો રૂપિયાનો ગેરઉપયોગ કર્યો છે અને કર્યા જાઓ છો એવું માલમ પડશે. મારે દિલગિરિ સાથે જણાવવું જોઇએ કે જંબુસરમાં દશાલાડ જ્ઞાતિએ સીમન્તના વરા કરવાનો રીવાજ બંધ કર્યો હતો, પણ પાછળથી તે કરવાની ફરજ પડી હતી. કેટલાક માણસો લીસ્ટ રાખતાજ જણાય છે કે કોણ મરી ગયું અને દિવસ પાણી ક્યારે આવશે. આવા માણસોને બહાર રાખ્યા અથવા ઘટતી સજા કર્યા સિવાય બીજો રસ્તો નથી. આપણે એવા ધારા બાંધવા જોઇએ કે જે લોકો નાતવરા કરવા માંગતા હોય તે લોકોએ અમુક રકમ વિદ્યોત્તેજક ફંડમાં અથવા બીજા ફંડમાં આપવી. ત્યાર બાદ નાતવરા કરવા રજા આપવી.

ઉપસંહાર

છેવટમાં એટલુંજ કહેવા માગું છું કે આપણા દશાલાડ બંધુઓની ઉન્નતિ થાય તેવાં કાર્ય કરવાં જોઇએ અને જે ગૃહસ્થોએ અત્રે પધારી અમારા આમંત્રણને માન આપ્યું છે તેમનો ફરીથી એકવાર આભાર માનું છું.

ત્યાર બાદ વિદ્યાર્થીઓએ સ્વાગતનું ગીત (નં. ૨) રા. રા. ગીરધરલાલ કાળીદાસ દલાલે જે પ્રસંગાનુસાર બનાવ્યું હતું તે ગાયું હતું. (જુઓ કોન્ફરન્સમાં ગાવાના ગાયનની ચોપડી)

પ્રમુખની ચુંટણી.

ત્યાર બાદ મંડળના પ્રમુખ રા૦ રા૦ નરોતમદાસ ત્રીભોવનદાસ વકીલે જણાવ્યું કે પરિષદ્ એ આપણી જ્ઞાતિની ઉન્નતિનું મુખ્ય કારણ થઇ પડશે. દરેક જ્ઞાતિએ પરિષદ્ ભરવા માંડી છે. આપણી આ પહેલી પરિષદ્ છે. ઓન. જસ્ટીસ સર ચંદાવરકરની પણ એવી કોન્ફરન્સ તરફ સહાનુભુતિ છે. લાટ દેશના વાણીઆ તે લાડ વાણીઆ કહેવાય છે અને તેમની આ કોન્ફરન્સનો જન્મ ભરૂચમાં થયો છે, માટે આજનો દિવસ સોનેરી અક્ષરે લખી રાખવા જેવો છે. આખરે આપણે જાગ્યા છીએ, અને આજે

આપણે અહિં ભેગા થયા છીએ; આથી ભવિષ્યમાં શું પરિણામ આવશે તે જોવાનું છે. આપણે અહિં બધા પ્રતિનિધિ તરીકે ભેગા થયા છીએ અને આ કોન્ફરન્સની ફ્-તેહમંદીનો આધાર પ્રેસીડન્ટ ઉપર છે, માટે તેનામાં અતિ ઉમદા ગુણો હોવાની જરૂર છે. આપણી આ સભાનું પ્રમુખસ્થાન આપણી મુંબાઇની જ્ઞાતિના વયોવૃદ્ધ શેઠ જે કેળવણીના કામમાં દરેક વખત ઉદારતાથી હાથ લંબાવે છે તેમને આપવાની હું ભલામણ કરૂં છું અને આશા છે કે આપ સર્વ એ મારી ભલામણને અનુમોદન આપશો.

આ દરખાસ્તને ટેકો આપતાં રા. રા. કાલીદાસ દામોદરદાસ ખાધીઆ બી. એ. એ જણાવ્યું કે મોટપણે પહોંચેલા વયોવૃદ્ધ આદમીને માન આપવું એ આપણી પહેલી ફરજ છે. માટે આ દરખાસ્તને હું અંતઃકરણથી ટેકો આપું છું.

ત્યાર બાદ મંડળના સેક્રેટરી રા. રા. ચુનીલાલ દ્વારકાદાસ નાણાવટી બી. એ. જણાવ્યું કે આ આપણી કોન્ફરન્સ જગન્નાથજીના મંદિર સમાન છે કે જ્યાં આપણે બધા સમાન ભાવથી એકત્ર થયા છીએ. આપણે બધા જુદે જુદે સ્થળે દક્ષિણમાં બરાનપુરથી ઉત્તરે કાલોલ સુધી વસીએ છીએ, તે બધાના વિચારને અનુકૂળ રહી સભાનું કામ ચલાવવાને વાસ્તે કાબેલ, અનુભવી, વયોવૃદ્ધ પ્રમુખની જરૂર છે તો રા. રા. નરોતમદાસે જે આપણી મુંબાઇની જ્ઞાતિના શેઠ રા. રા. નગીનલાલ જમનાદાસ સેવકલાલ માટે દરખાસ્ત મૂકી છે તે શેઠ સર્વ ગુણસંપન્ન છે માટે હું આ દરખાસ્તને અંતઃકરણથી ટેકો આપું છું અને આપ બધા ભાઇઓ ટેકો આપશો એવી આશા છે.

ત્યાર બાદ તાળીઓના ગડગડાટ વચ્ચે પ્રમુખ રા. રા. શેઠ નગીનદાસ જમનાદાસ સેવકલાલે પોતાની ખુરસી લીધી હતી, અને ભાષણ કરતાં તેમણે જણાવ્યું કે દરખાસ્ત વખતે સદ્‌ગૃહસ્થોએ મારા માટે જે શુભ લાગણી અને માનના શબ્દો કાઢયા છે તે માટે હું કોઇબી રીતે લાયક નથી. જે વિશેષણો મારા માટે આપે ઉચાર્યા છે તે માટે આપ સર્વ બંધુઓનો હું ઉપકાર માનું છું. પ્રમુખપદે મને નિમ્યો માટે હું ખરા અંતઃકરણથી આપનો આભાર માનું છું.

ત્યાર બાદ પ્રમુખની તબીયત સારી ન હોવાથી તેમજ વૃદ્ધ હોવાથી તેમનું ભાષણ તેમના ચી. પુત્ર રા. રા. ભગવાનદાસજીએ વાંચી સંભળાવ્યું હતું.

પ્રમુખનું ભાષણ.

પવિત્ર અને પ્રાચીન કાળમાં ઋષિ મુનીઓ અને મહાત્માઓએ સેવેલી એવી આ ભૃગુપુરનગરીને વિષે દેશ દેશાવરમાં વસતા દસાલાડ જ્ઞાતિબંધુઓ વિદ્દજ્જનો અને સંભવિત આગેવાન પુરૂષોની એકત્ર પ્રથમ કોન્ફરન્સનું અધ્યક્ષ સ્થાન આપી જે મોટું અને અનુપમ માન મ્હને આપ્યું છે, તે માટે આપ સર્વ બંધુઓનો આભારી છું, આપણી જ્ઞાતિની અંદર ઘણા વિદ્વાનો, લેખકો, સાક્ષરો, અને જાહેર કાર્યોમાં ભાગ લેનાર પુરૂષો વિદ્યમાન છે, અને તેમાંથી કોઇ ચંચળ કાર્યકુશળ અને અનુભવી ગૃહસ્થની પ્રમુખ તરીકે નિમણૂંક-



મી૦ નગીનદાસ જમનાદાસ સેવકલાલ.

પહેલી દસાલાડ કૉનફ્રરન્સના પ્રમુખ ભરૂચ

થયું હોત તો આ મહાન કાર્યને ઘણી પુષ્ટિ મળત. ઉંચા પ્રકારની વક્તૃત્વ શક્તિથી આપણા મનરંજન કર્યાં હોત, વધારે કસાયલી કલમથી લખાયલા અને જ્ઞાતિ અભ્યુદય સંબંધી દાખલા દલીલોથી ભરપુર એવાં ભાષણથી આપણા પર ઉંડી છાપ પાડી હોત તે છતાં પણ આ ભવ્ય મેળાવડાના પ્રમુખ તરીકે મને ચુંટી કહાડવા જે મોટું મન અને ઉદારતા આપે દર્શાવી છે અને પ્રમુખપદની દરખાસ્ત મુકનાર સદ્‌ગૃહસ્થે મારે માટે જે શુભ લાગણી અને માનના જે ઉદ્‌ગારો કાઢયા છે, અને જેને હું કોઇ પણ રીતે લાયક નથી એવાં વિશેષણો મારે માટે ઉચ્ચાર્યાં છે તે માટે આપ સર્વ બંધુઓનો જીવન પર્યંત આભારી અને ઋણિ છું અને આપ સર્વે જુદા જુદા સ્થળોના અત્રે એકત્ર થયલા દશાલાડ જ્ઞાતિ બંધુઓના દર્શનનો જે અલભ્ય લાભ આજ રોજ મળ્યો છે, તે માટે હું મને ભાગ્યશાલી થયલો સમજુ છું અને તે માટે પરમ કૃપાળુ જગદેશ્વરનો આભાર માનું છું.

કોન્ફરન્સના ફાયદા.

દેશના જુદે જુદે સ્થળે વસતા દશાલાડ બંધુઓ એકત્ર થાય, તેમના રીત રીવાજો અને વિચારો જાણવાની આપણને તક મળે, પરસ્પર મુલાકાત થવાથી પ્રીતિ અને ભ્રાતૃભાવની વૃદ્ધિ થાય, અને તેને અંગે જુદાં જુદાં સ્થલો નિરખવાનો લાભ મળે, વ્યાપાર વણજમાં સહાયતા માટે, વિદ્યાનો પ્રચાર થાય, અરૂચી કરં અને હાનીકારક રીત રીવાજોને તિલાંજલી આપી શકાય, અયોગ્ય અને ખર્ચાળુ બાબતપર અંકુશ મુકી શકાય, બાળલગ્ન અને કન્યાવિક્રયપર પ્રતિબંધ નાંખી શકાય, અને બાળકો અને બાળકીઓની શારિરિક અને માનસિક શક્તિ પ્રબળ થાય, એવા વિચારો યોજવા અને પગલાં લેવાં એજ આ પરિષદ્‌નો હેતુ છે. સદ્ ગૃહસ્થો કોન્ફરન્સ એકત્ર કરવાનું કાંઇ સહેલું નથી. પ્રથમ કાર્યો કરવામાં ઘણાં વિઘ્નો નડે છે, અને અતિશ્રમ પડે છે, તેછતાં પણ ભરૂચ નિવાસી બંધુએએ જેમ મિત્ર મંડળ સ્થાપવા, અને દશાલાડ પત્રિકા પ્રકટ કરવા જે પહેલ કરી, અને જેનું અનુકરણ જુદા જુદા શહેરો એ થયું, અને જેને અંગે દરેક સ્થળે મિત્રમંડળો સ્થપાયાં અને કોન્ફરન્સ બોલાવાનો પ્રથમ મહાન પ્રયાસ આદર્યો, તે સર્વે માન ઉમંગી ભરૂચ નિવાસી બંધુઓનેજ ઘટે છે, કે જેમના આ સ્તુતિપાત્ર કાર્યથી દેશ દેશાવરના દશાલાડ બંધુઓનો લાભ, તેમજ ભાવિમાં જ્ઞાતિની ઉન્નતિ થાય એવા વિચારો જાણવા, ભાગ્યશાળી બંધુઓ! બીજી હિંદુ કોમોની સ્થિતિ નિરખતા આપણને માલુમ પડશે કે આપણે દશાલાડ બંધુઓ કેટલીક બાબતોમાં પછાત છીએ, ઇતર કોમે સમયાનુસાર વધતા ઘટતા, અને યોગ્ય લાગતા સુધારા વધારા કર્યાં છે. ઘણા અરૂચિકર હાનિકારક રીતરીવાજો તેને અંગે નાબુદ થયા છે. વિદ્યાનો વિશેષ પ્રચાર થયો છે, કેળવણીને ઉત્તેજન મળ્યું છે, સ્કોલરશીપો સ્થપાઇ છે, બોર્ડિંગ સ્કુલો, પાઠશાળાઓ અને પુસ્તકાલયોની સગવડ થઇ છે. ઇશ્વરેચ્છાથી કોન્ફરન્સ મેળવવાની જે સદ્‌બુદ્ધિ આપણામાં થઇ છે, તેજ દર્શાવે છે કે ઘણાં વર્ષો સુધી આળસને વશ થઇ, બે દરકાર રહી, જે કાર્યો કરવા પછાત પડયા હતા, તે પરમાત્માની કૃપાથી હવે થોડાજ વરસોમાં આપણે એકત્ર થઇ નિર્વિઘ્ને કરી શકીશું અને તેથીજ ખચિત આપણી જ્ઞાતિની ઉન્નતિ થશે. ઘણાજ થોડા સમયના અનુભવથી આપણે જોઇ શકયા છીએ કે જુદે જુદે સ્થળે મિત્રમંડળો સ્થાપવાથી કેટલો મહત્ ફાયદો થયો છે.

મોટાં શહેરોની અંદર જ્યાં મનુષ્યો પોતપોતાના કાર્યો વ્યાપાર અને અનેક સાંસારીક જંજાળો માં ગુંથાયલા રહે છે, તેમને એકમેકને મળવાને ભાગ્યેજ સમય મળે છે. મિત્રમંડળો સ્થપાયાથી તેઓ વારંવાર સમાગમમાં આવે છે અને તેમ થવાથી તેઓમાં સ્નેહ અને ભ્રાતૃભાવ પ્રગટી નીકળે છે. સારા માઠા કાર્યોમાં ભાગ લઇ મદદ કરી શકે છે. વિદ્યાર્થીઓને મદદ મળી શકે છે. વિદ્યાનો પ્રચાર સારી રીતે થઇ શકે છે. ભાષણો અને નિબંધ દ્વારા સારા વકતા પણ તેમાંથીજ થઇ શકે છે. યોગ્ય લાગતા સુધારા વધારા પણ તેમાંથીજ થઇ શકે છે. જાહેર કાર્યોમાં ભાગ લેવા ઉત્કંઠા થાય છે, અને એક શહેરી તરીકે ફરજ બજાવવા અભિલાષા થાય છે. આ સર્વે જોતાં, દીર્ધદૃષ્ટિથી જોતાં માલમ પડશે કે મિત્ર મંડળો જ્ઞાતિઉન્નતિના કાર્યમાં પ્રથમનો દરજ્જો ભોગવે છે. બીજો તેટલીજ મહત્વતાનો ભાગ દશાલાડ પત્રિકાનો છે. થોડાં વર્ષો પહેલાં પત્રિકાની ગેરહાજરીમાં જુદા જુદા સ્થળોમાં વસતા જ્ઞાતિ બંધુઓની તેમના ભિન્નભિન્ન રીત રીવાજો, વસ્તી અને કોણ કોણ આગેવાન ગૃહસ્થો અને જાણવાલાયક વ્યાપારીઓ અને વિદ્વાનો છે, તે બાબતથી આપણે કેવળ અજાણ હતા, અને તે સંબંધી કાંઇ પણ માહિતી મેળવવાનું સાધન નહોતું. પુર્વકાળમાં આપણામાં કેટલા સાક્ષરો, કવિઓ, અને ડાહ્યા પુરૂષો થઇ ગયા છે તેની લેશ માત્ર પણ ખબર નહોતી, તે બાબતો—દશાલાડ પત્રિકાનો જન્મ થવાથી સહેલાઇથી જાણી શકીએ છીએ.

કેળવણી પ્રથમ જોઇએ.

જ્ઞાતિનું હિત સુધારવા અને ઉન્નતિના ઉંચા શિખરપર પહોંચવાને જે પગલું પ્રથમ લેવાનું છે તે કેળવણી છે. જેમ બને તેમ બાળકો અને બાળકીઓને સ્થિતિ અનુસાર કેળવણી આપવી એ દરેક માબાપની ફરજ છે. વિદ્યાથીજ કેટલીક કોમો આગળ વધેલી છે, યુરોપ અને અમેરિકા આદિ દેશો જોશો તો ત્યાં હલકામાં હલકી પ્રજા પણ વિદ્યા સંપાદન કરે છે અને તેનેજ લીધે હુન્નર કળા કૌશલ્ય તેમજ નવી અને જાણવાલાયક શોધો તે દેશમાં નિરંતર થયા કરે છે અને તેમાંથી કરોડો રૂપિયાનો વ્યાપાર કરે છે. આ સર્વ વિદ્યાદેવીના પ્રતાપ છે. જાપાનનો દાખલો જુઓ કે થોડા વર્ષો પહેલાં તે એક શુન્યવત શહેર હતું તેની પ્રજાને અન્ય પ્રજા જાણતી પણ નહોતી પણ જ્યારથી તેઓનું મન કેળવણીપર ખેંચાયું ત્યારથી તેઓએ કોલેજો સ્થાપી ધર્મ નીતિનું શિક્ષણ આપવા માંડ્યું અને તેના પ્રભાવથી ટુંક સમયમાં એક મહાન પ્રજા તરીકે આગળ પડ્યું અને આજે જાપાન દુનિયાના મોટાં મોટાં શહેરો સાથે હુન્નર અને વ્યાપારમાં હરીફાઇ કરી શકે છે. વર્ણાશ્રમમાં બતાવ્યા મુજબ લગભગ પચ્ચીસ વર્ષની ઉમર સુધી એટલે પ્રથમ આશ્રમ વિદ્યા સંપાદન કરવામાં રોકવો જોઇએ. એ માટે ચાણક્ય નીતિમાં પણ કહ્યું છે કે જેણે પ્રથમ વયમાં વિદ્યા, બીજી વયમાં ધન, અને ત્રીજી વયમાં પુન્ય સંપાદન ન કર્યું તે ચોથીમાં શું કરશે? વિદ્યાના પ્રચારથી જેમ જેમ મનુષ્ય વિદ્વાન થશે તેમ તેમ તેના વિચારો બહોળા થશે હાનિકારક દુષ્ટ રીતરીવાજો વહેમો દેખાદેખી ખરચો, ઇર્ષા અને આળસ એ સર્વ બાબતપર ધિક્કારની નજરે જોશે. જે સુધારા વધારા દાખલ કરવા આપણા ભાષણો અને નિબન્ધોદ્વારા ઘણા ખર્ચ અને વખતને ભોગે ઘણા વર્ષો સુધી કરવા સામર્થ્યવાન ન થઇ શકીએ તે થોડાજ સમયમાં જો વધારે બહોળો ફેલાવો થાય તો વિદ્યાના પ્રતાપથી વગર શ્રમે સંપાદન કરી શકીશું.

સ્ત્રી કેળવણીની અગત્યતા.

વળી બાળકોના જેટલીજ બાળકીઓને પણ કેળવણી આપવાની આવશ્યકતા છે, કારણ કે બાળકીઓ એ ભવિષ્યની માતાઓ છે, અને માતાઓ તરીકે તેમના જીવન પર્યંત તેમને ઘણી વિકટ ફરજો બજાવવાની હોય છે. સ્વામિ અને સાસુ સસરા, તેમજ સગાંઓ પ્રત્યે તેમનાં શું ધર્મો છે તે અભણ બાળકીઓ કરતાં કેળવાયલી બાળકીઓ સારી રીતે સમજી શકે છે. વળી બાળકીઓને બીજા શિક્ષણ સાથે નૈતિક અને ધાર્મિક શિક્ષણ, પાક શાસ્ત્ર, શિવવા ગુંથવા, તેમજ વૈદિક સંગિત અને ગૃહ કાર્યમાં કરકસર એ બાબતોમાં શિક્ષણ આપવાની ખાસ જરૂર છે. ધર્મ અને નીતિના ઉંચ સંસ્કારો તેમના મગજમાં બચપણથીજ સ્થાપવાથી મોટપણે તેઓ ઉત્તમ વૃતિવાળી થઇ બીજાઓને બોધ કરવા લાયક તેમજ દાખલા રૂપ થઇ પડે છે. વળી ધર્મજ્ઞાનનો ફેલાવો થવાથી જે કાંઇ વહેમો મોટા પ્રમાણમાં સ્ત્રી જાતિમાં જોવામાં આવે છે તે જરૂર આપોઆપ દૂર થઇ જશે, અને ધર્મનું ખરૂ રહસ્ય તેમના સમજવામાં આવવાથી, ફુરસદનો વખત મિથ્યા નિંદા અને કલેશમાં ન ગાળતાં ધર્મ સંબંધી તેમજ પૂર્વે કાળમાં આપણા દેશમાં થઇ ગયલી, ઉત્તમ અને પતિવ્રતા સ્ત્રીનાં ચારિત્રો વાંચવા, મનન કરવા તેમજ બીજાઓને તે કરવા અભિરૂચિ ઉત્પન્ન થાય તેમ પ્રયત્ન કરવામાં ગાળશે અને પોતાની વૃત્તિ એવી ઉત્તમ અને નિર્મળ થવાથી, તેમની રૂડી છાપ તેમનાં બચ્ચાંઓપર તેમજ તેમનાં કુટુંબપર પણ પડશે. બંધુઓ! સ્ત્રી કેળવણીનો સવાલ આર્ય પ્રજામાં આજ કાંઇ નવાઇનો નથી, પૂર્વેકાળથીજ તેનો પ્રસાર આપણા દેશમાં છે, અને ઇતિહાસપરથી માલમ પડશે કે ઘણી વિદ્વાન અને શાસ્ત્ર સંપન્ન સ્ત્રીઓ વિદ્યમાન હતી. માટે સૌથી સરળ અને સુગમ માર્ગ તો એ છે, અને દરેક સમજુ માબાપની પણ ફરજ છે કે પોતાના ઉછરતા પ્રજાને બીજી કેળવણી સાથે ધર્મ અને નીતિની કેળવણી આપવાની શુભ શરૂઆત કરશે, તો થોડા સમયમાં હિંદુ સંસારમાં ઘણો મોટો અને આનંદદાયક ફેરફાર માલમ પડશે. વળી મિત્રમંડળોમાં પણ વારંવાર ઇનામ અને હરિફાઇના મેળાવડા કરવાથી વિદ્યાને ઉત્તેજન મળશે. કોઇ નવી બાજ શીખવા અને તેનો પ્રકાશ કરવા પણ જીજ્ઞાસા થશે, તેજ સાથે સ્કોલરશીપો સ્થાપવાથી પણ ઘણોજ ફાયદો થશે.

યુરોપીઅન કવિએ કહ્યું છે કેઃ—

"મનુષ્ય જીવનનું ખરૂં સાર્થક તો એ છે કે જનસમૂહને ઉપયોગી થઇ પડે એવાં કાર્યો કરવામાં મનનું રોકાણ કરવું જોઇએ." એ સિદ્ધાંતને અનુસરીને શ્રીમંતોની ખાસ ફરજ છે કે ગરીબ વિદ્યાર્થીઓ જેઓ દ્રવ્યના સંકોચના લીધે વિદ્યાભ્યાસ ચાલુ રાખી શકતા ન હોય તેમને દ્રવ્ય અથવા પોતાની લાગવગનો ઉપયોગ કરી મદદ કરવા હમેશ તત્પર રહેવુ જોઇએ, તેની સાથે આધુનિક સમયને અનુસરીને યુવાનોને પાકું દેશીનામું, હુન્નર ઉદ્યોગ સંબંધી જ્ઞાન, વ્યાપાર વણજની બાબતો દર્શાવનાર(વ્યાપારી શિક્ષણ) આપવું આવશ્યક છે. આપણે જોઇએ છીએ કે નામુંઠામું જાણનારાઓની હમેશા દરેક સ્થળે જરૂર પડે છે અને તેમને મોટો પગાર પણ આપવામાં આવે છે માટે તેવું પણ શિક્ષણ આપવા ઉપાયો યોજવા જરૂરના છે. વળી બાળકોને ઉપર દર્શાવ્યા મુજબ શિક્ષણ આપ્યા ઉપરાંત તેમની શારિરિક પ્રકૃતિ સુધરે, તેમનો બાંધો મજબુત થાય અને તેને અંશે તેમની માનસિક શક્તિ પણ ખીલે તે માટે આપણા દેશને અનુસરતી કસરતો શીખવવા કાળજી

રાખવી જરૂરની છે. કેટલાક વિદ્યાર્થીઓ પોતાનો બધોજ વખત અભ્યાસ કરવામાં રોકે છે, અને કોઇ પણ જાતની કસરત, ખુલ્લી હવામાં ફરવું, હરવું વિગેરે બાબતોપર ઘણુંજ થોડુ લક્ષ આપે છે, અને તેથી કરીને આગળ ચાલતાં વિદ્યાભ્યાસ કરવાને નાલાયક થઇ જાય છે, તેથી કરીને ખુલ્લી હવામાં વ્યાયામ, ફુટબોલ, ટેનીસ ક્રિકેટ અથવા મનપસંદ પડતી ચીજો રમવામાં થોડો વખત ગુજારે તો તેમની તંદુરસ્તી બેશક સુધરે અને શારિરીક બળની ખીલવણી થવાથી માનસિક બળની ખીલવણી થાય એ નિર્વિવાદ છે. વૈદક શાસ્ત્ર પણ તેજ કહે છે કે શારિરિક શકિત હોય તો માનસિક શકિત પ્રબળ થાય છે. વળી ઉંચા પ્રકારની કેળવણીનો પ્રચાર થવાથી અમર્યાદ અને હાનિકારક રીતરિવાજો જેવા કે જાહેર રસ્તામાં રડવા કૂટવા, ફટાણા વિગેરે નિર્લજ ચીજો ગાવા, હોળીના તહેવારમાં બિભત્સ શબ્દો ઉચ્ચારવા, મરણ પાછળ અયોગ્ય ખર્ચો વિગેરે આપોઆપ નાબુદ થશે. મૃત મનુષ્યની પાછળ રડવા કૂટવાથી સ્ત્રી જાતિની તંદુરસ્તીપર ઘણીજ માઠી અસર થાય છે એટલુંજ નહિ પરંતુ અન્ય કોમોમાં હિંદુ જ્ઞાતિની અને હિંદુ ધર્મની હાંસી થાય છે, અને જે જ્ઞાતિ પોતાની ઉન્નતિ અને અભ્યુદય ઇચ્છતી હોય તેની ફરજ છે કે, જુદા જુદા સ્થળોની જ્ઞાતિએ એકત્ર મળી ઠરાવ કરી એવા હાનિકારક રિવાજોને તિલાંજલી આપવી જોઇએ. અલબતાં અત્રે કહેવું જોઇએ કે જે રિતરિવાજો જડ મૂળ ઘાલી બેઠા છે તે એકદમ તો નાબુદ થાય એમ નથી પરંતુ ખંત અને ચાલુ પ્રયાસથી તેમને હાંકી કાઢવા પ્રયાસ થશે તો થોડાજ વર્ષમાં તેનો જરૂર અંત આવી જશે. જે કાર્ય દૃઢ નિશ્ચયથી પણ ધીમે ધીમે કરવામાં આવે છે તેનું પરિણામ અંતમાં સારૂંજ આવે છે તો આ કાર્ય કરવાનું બીજ આપણે આજે રોપીશું તો થોડા સમયમાં એક વિશાળ વૃક્ષ તેમાંથી ઉગી નીકળશે અને તેનાં મીઠાં ફળો ચાખવાનો પણ સમય જરૂર આવશે. આવા કામ ખંતથી કરવામાં એક કે બે માણસોનું કામ નથી પરંતુ તે જનસમૂહનું છે, અને આ કોન્ફરન્સ બોલાવવાનો પણ મૂળ ઉદ્દેશ એજ છે કે પરસ્પર વિચાર જાણી એકત્ર રીતે એવા ઠરાવો કરી વ્યાજબી લાગે તો, અને જેથી કોઇને પણ નુકસાન પહોંચવા સંભવ ન હોય એવા દુષ્ટ રીત રિવાજોને નાબુદ કરવા.

હાનિકારક રિવાજો.

સુજ્ઞ બંધુઓ ! કાળ ઘણો વિપરીત છે, દુષ્ટ મરકીએ અને અનાવૃષ્ટિએ હિંદુસ્તાનની દશા ફેરવી નાંખી છે. દરેક ચીજની દિન પ્રતિ દિન મોંઘવારી થતી જાય છે, વ્યાપાર વણજને પણ ઘણો ધોકો લાગ્યો છે અને તેથી કરીને લાંબા અયોગ્ય અને દેખાદેખી ખરચો કરવાનો આ જમાનો નથી તો આ સમયને અનુસરીને અધરણી અને મરણ પાછળ થતા નાહક ખર્ચો, અને જમણવારો જો યોગ્ય લાગે તો નાબુદ કરવા અથવા જેમ બને તેમ ઓછા કરવા, કન્યા વિક્રય અને બાળ લગ્ન પણ ધિકકારવા યોગ્ય છે. હાલમાં જો કે પ્રથમની માફક બહુ નાની વયે લગન થતાં નથી, તો પણ હજી કેટલેક સ્થળે બાળકોનાં બહુજ નાની અવસ્થામાં લગ્ન કરવામાં આવે છે. તો બનતા સુધી પુરૂષની ૨૦ વર્ષની વય અને સ્ત્રીની ૧૩–૧૪ ની વય લગ્ન કરવા લાયક છે. પરિપકવ ઉમરે લગ્ન થવાથી ભવિષ્યની પ્રજા તંદુરસ્ત અને શારિરિક સંપતિવાળી થવા સંભવ છે. બાળકોના નાની વયમાં લગ્ન થવાથી તેમને વિદ્યાભ્યાસમાં ખલેલ પડે છે. શારિરિક અને માનસિક બળ ઘટે છે. પ્રજા બળહીન અને રોગી ઉત્પન્ન થાય છે, અને જ્ઞાતિની તથા દેશની સેવા કરવા તે નાલાયક થાય

છે, અને તેજ આપણા દેશની અધોગતિનું એક ખાસ કારણ છે. વળી તેની સાથે આપણી પરસ્પર પ્રીતિ અને ભ્રાતૃભાવ વધે તેવા ઉપાયો પણ લેવા જરૂરના છે. એને મેળવવાનું આ કોન્ફરન્સ એક ઉત્તમ સાધન છે. વારંવાર એકમેકને મળવાથી સબંધ ગાઢો થશે, તો આપણામાંથી જેમ બને તેમ કલેશ કંકાશને દૂર કરી માંહોમાંહેની ઇર્ષ્યાનું નિકંદન કાઢી પરસ્પર મદદ આપવા તત્પર થઇ, વાદવિવાદ નહિ કરતાં, મત મતાંતરનો જાહેર બાબતોમાં ત્યાગ કરી, ફક્ત સત્યને વળગી રહી સુકૃત્યો કરવા પ્રત્યે લક્ષ રાખી પ્રથમ જ્ઞાતિ અને પછી જન સમૂહનું કલ્યાણ થાય, દેશને અને વ્યાપારને ફાયદો થાય તેવા કાર્યોમાં તત્પર થઇ, દુષ્ટ હાનિ કારક અસભ્ય અને શાસ્ત્ર વિરૂદ્ધ હાનિપાત્ર રિવાજો અને ઢોંગી શાસ્ત્રને તિલાંજલિ આપી કાયમને માટે એવી ઉંચી વૃત્તિ રાખીશું તો થોડા સમયમા એક નમુનાદાર કોમ તરીકે આપણે આગળ વધીશું અને ઇતર કામો આપણી પ્રશંસા કરી, આપણું અનુકરણ કરશે. એક કવિએ કહ્યું છે કે:—

હીલો મીલો પ્યારો જાન,
બંદગી કી રાહ ચલો
જીંદગીસી જડા સીતામે
દીલ બહેગા નાય
આવે પરવાના,
બને એકન બાનાયા તે,
નેકી કરજના,
ફેર આનાહે ન જાનાહે.

તેજ પ્રમાણે અંગ્રેજ કવિએ કહ્યું છે કે:—વનને વિષે પશુ પક્ષિઓ પણ પોતાના સ્થળમાં સલાહ સંપથી રહે છે, તો ઇશ્વરની પેદાશના આપણે ઉંચા પ્રાણીઓ છીએ તો આપણામાં જેમ બને તેમ સંપનું વર્તન કરવું જરૂરનું છે. હાલનાં આપણી જ્ઞાતિમાં ઘણા આગેવાન સાક્ષર, અનુભવી અને કાર્ય કુશળ પુરૂષો છે, તેમની સમગ્ર સલાહ અને મદદથી ઉત્તમ રીતે કાર્ય કરવા પછાત પડીશું નહિ. બંધુઓ, આપણી હિંદુ કોમ આરંભસુર કહેવાય છે એટલે કોઇ પણ કાર્ય કરવા પ્રથમ રૂચિ અને ઉલ્લાસ દર્શાવી પાછળથી કંટાળી મૂકી દે છે અને તેથી કરી ઘણા ખર્ચ અને મહેનતથી ઉભી કરેલી ઘણી સંસ્થાઓ પછાડીથી વિખેરાઇ જાય છે, તો આપણી દશાલાડ કોન્ફરન્સના સંબંધમાં તેમ ન કરતાં હંમેશા તેનો નિભાવ થાય, જુદા જુદા સ્થળોમાં તેની વાર્ષિક બેઠક મળ્યા કરે, અને ભરૂચ નિવાસી બંધુઓને ઘણાજ શ્રમથી ઉપાડેલી યોજનાને ચાલુ પુષ્ટી મળ્યા કરે, નિર્વિઘ્ને તેનું કાર્ય આગળ ચાલે અને તે સંબંધી આપણી હિંદુ કોમોમા પ્રશંસા થાય, આપણી લાગવગ વધે, બીજી કોમો આપણા આ શુભ કાર્યનું અનુકરણ કરે, એવા હેતુ અને મનોભાવથી કમર કસી આ કાર્યમા મદદ કરવા તત્પર થવા સર્વે જ્ઞાતિ બંધુઓને મારી નમ્ર વિનંતિ છે. સદ્‌ગૃહસ્થો આપણા આટલા બધા વર્ષના આળસ છતાં ધર્મની ગ્લાનિ અને અનેક પ્રકારની ગ્લાનિ અને અનાવૃષ્ટિના અસહ્ય સંકટો છતાં પણ આપણે હિંમતથી કહી શકીશું કે આર્યાવૃતપર હજી જગદીશ્વરની કૃપા છે. બીજી તરફથી પરમ કૃપાળુ ન્યાયી અને ઉદાર રાજ્યનીતિમાં ભિન્ન ભિન્ન જાતિ અને ધર્મના લોકને પોતપોતાનો ધર્મ મરજી મુજબ પાળવાને સંપૂર્ણ છૂટ છે. જે રાજ્ય કદી પણ દેશ રૂઢી અને કોઇના રિતરીવાજની આડે

આવતું નથી, વિદ્યા હુન્નર અને ઉત્તમ રીતિ નીતિને ચહાનાર માન આપનારૂં એવું એક અનુપમ વિજયી બ્રિટીશ રાજ્ય આપણે માથે છે; જે રાજ્ય પ્રજાના જાનમાલનું રક્ષણ કરવા હંમેશા તત્પર રહે છે અને જેની ઉદાર રાજ્ય નીતિના પ્રભાવથી આપણે આ કોન્ફરન્સ બોલાવવા ભાગ્યશાળી થયા છે, એવા ઉત્તમ રાજ્ય અમલમાં આપણે આપણી કામની ઉન્નતિ કરવા પછાત પડીશું તો જરૂર ભવિષ્યની પ્રજા આપણને કૃતઘ્ની કહેશે અને આપણે આપણી ફરજ બજાવવામાં ચુકયા કહેવાઇશું. આવા એક ઉત્તમ રાજ્યની મીઠી નજર આપણા દેશપર રહે, પૂર્વ અને પશ્ચિમનો સંબંધ દિન પ્રતિ દિન ગાઢો થતો રહે અને ચીરકાળ સુધી આપણાપર તેમનો અમલ રહે એમ ઇચ્છી આર્યાવર્ત્તને હમેશા ચાહનાર, તેમનું કુશળ ઇચ્છનાર નામદાર શહેનશાહ જ્યોર્જ પાંચમા તથા શહેનશાહબાનુ મેરી, અને રાજ્ય કુટુંબનુ દીર્ઘાયુષ્ય થાય એવી જગદીશ્વર પ્રત્યે નમ્ર પ્રાર્થના કરૂં છુ, અને આશા રાખું છું કે આપ સર્વ બધુઓ તેને સર્વાનુમતે અનુમોદન આપશો. સુજ્ઞ બધુઓ અમારા ભાષણમાં આવેલી બાબતો ઉપરાંત ઘણા વકતાઓ આપના સમક્ષ ભાષણુ અને નિબન્ધ દ્વારા પોતાના ઉતમ વિચારો દર્શાવશે. આપે ધીરજ અને શાંતથી મારા અલ્પ વિચારો શ્રવણ કરવા શ્રમ લીધો છે, તે માટે આપ સુજ્ઞ બંધુઓનો અત્યંત આભારી છું. મારા ભાષણમાં કાંઇ પણ અરૂચિકર હોય તો તે વિસારી, કાંઇપણ દોષ હોય તો તે માટે ક્ષમા કરી, હંસવૃતિ રાખી જે કાંઇ પ્રિય ફાયદા કારક લાગે તે પય રૂપે ગ્રહણ કરી બાકીની અરૂચિકર બાબતોનો જળ માફક ત્યાગ કરી ભિન્ન વકતાઓ અને વિદ્વાનો જે ઉદ્ગાર કાઢે તે શાંતિથી શ્રવણ કરવા કૃપા કરશો એવી આશા છે. આપ સર્વ બંધુઓએ અમુલ્ય વખતનો ભોગ આપી પરિશ્રમ લઇ દુર સ્થળેથી પધારી જ્ઞાતિ અભ્યુદયના કાર્યમાં સ્તુતિપાત્ર ભાગ લીધો છે, અને જેને લીધે આજરોજ આ ભવ્ય મેળાવડો થવા પામ્યો છે, તે અવલોકન કરતાં મને અતિ આનંદ અને હર્ષ થાય છે, અને આશા રાખું છું કે સર્વ જ્ઞાતિબધુઓ ભવિષ્યમાં પણ તેવીજ ઉત્તમ વૃતિ રાખી વધારે ને વધારે કોન્ફરન્સને સંગીન પાયાપર મુકવા, કેળવણીને ઉત્તેજન આપવા, ધર્મનીતિના શિક્ષણના પ્રચાર કરવા, હાનિકારક રીત રિવાજોને દૂર કરવા, સંપ પ્રીતિ અને ભ્રાતૃભાવની વૃદ્ધિ કરવા, મિત્ર મંડળો લાયબ્રેરી અને સ્કોલરશીપો સ્થાપવા, દશાલાડ પત્રિકાનો ફેલાવો કરવા, પોતાની ફરજ સમજી જ્ઞાતિની ઉન્નતિ કરવા શ્રમ લેશો તો જરૂર તો કાર્યમાં આપણને ફતેહ મળશે, અને પરમ કૃપાળુ ઇશ્વર પણ તે રૂડા કાર્યમાં આપણને અણધારી મદદ જરૂર આપશે.

છેવટે આ આપણી પ્રથમ દશાલાડ કોન્ફરન્સનો સંપૂર્ણ વિજય થાય, દેશ દેશાંતરમાં તેની કીર્તિ ફેલાય, તેની દીન પ્રતિદીન વૃદ્ધિ થાય, દશાલાડ બંધુઓની ઉન્નતિ અર્થે રૂડા કાર્યો સરળ અને નિર્વિઘ્ન કરવા સામર્થ થાય, દશાલાડ બધુઓની ધાર્મિક, વ્યવાહારીક, નૈતિક અને ઉદ્યોગિક સ્થિતિની સુધારણા થાય, પરસ્પર પ્રીતિ અને ભ્રાતૃભાવની વૃદ્ધિ થાય શારિરિક અને માનસિક શક્તિની પ્રબળતા થાય, એવી પરમકૃપાળુ જગન્નિયંતા જગદીશ્વર પ્રતિ, શુદ્ધ અંતઃકરણથી નમ્ર પ્રાર્થના કરી, આપે આ ભવ્ય મેળાવડાનું અધ્યક્ષસ્થાન આપ્યું છે, તે માટે પુનઃ આપ સર્વ બંધુઓનો ઉપકાર માની બેસવાની રજા લઉં છું.

ભાષણ પૂરું થયા પછી તરતજ ડેલીગેટોની મીટીંગ મળી હતી, અને આશરે દશ ટકાના પ્રમાણમાં દરેક સ્થળના દશાલાડોમાંથી સબજેક્ટ કમીટીના મેમ્બરો ચુંટી કાઢવામાં આવ્યા હતા, જેનાં નામ માટે જુઓ **પરિશિષ્ટ અ.** સબજેક્ટ કમીટીએ નીચેના ઠરાવો મંજુર કર્યા હતા.

સબજેક્ટ કમીટીએ તા. ૨૫-૫-૧૨ ને રોજ મંજુર કરેલા ઠરાવો.

૧ આ કોન્ફરન્સ ભલામણ કરે છે કે પ્રત્યેક ગૃહસ્થે પોતાના છોકરા તથા છોકરીઓને પ્રાથમિક કેળવણી આપવી.

ઉપર બતાવેલા આશય માટે તથા ઉંચી કેળવણીને ઉત્તેજન આપવા માટે દરેક ગામની ન્યાત તરફથી સ્થાનિક વિદ્યોત્તેજક ફંડ સ્થાપવાં.

દરખાસ્ત મૂકનાર—રા. રા. હીરાલાલ લલ્લુભાઇ કાજી. એમ. એ. બી. એસ. સી-સુરત.
અનુમોદન આપનાર—ચુનીલાલ દ્વારકાદાસ નાણાવટી બી. એ.-ભરૂચ.
,, રા. જગમોહનદાસ મોતીલાલ-મુંબઇ. રા. નારાયણદાસ પ્રેમાનંદદાસ ડભોઇ.

૨ આ કોન્ફરન્સ આપણી જ્ઞાતિની સ્ત્રીઓની નૈતિક અને ધાર્મિક અને અન્ય ઉપયોગી વિષયની કેળવણી આપવાની જ્ઞાતિબંધુઓને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

દરખાસ્ત મૂકનાર—રા. રા. બીજભુખણદાસ દ્વારકાદાસ નાણાવટી-ભરૂચ.
અનુમોદન આપનાર—રા. રા. મગનલાલ ભૂખણદાસ શેઠ બી. એ. એલએલ. બી.-રાંદેર.
,, રા. રા. અમૃતલાલ જગનદાસ કાપડીઆ-નાંદોદ.

૩ આ કોન્ફરન્સ એવી ભલામણ કરે છે કે આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓની શારિરિક કેળવણી ઉપર વિશેષ ધ્યાન આપવું અને તેઓની શારિરિક સંપત્તિ સુધરે એવા યોગ્ય ઉપાયો યોજવા.

દરખાસ્ત મૂકનાર—રા. રા. શેઠ હિંમતલાલ નાથાભાઇ તલાટી-વડોદરા.
અનુમોદન આપનાર—ગ. રા. હિંમતલાલ હરગોવનદાસ શાહ વકીલ-ડભોઇ.
,, રા રા છગનલાલ ચુનીલાલ મહેતા બી એ.-સુરત.

૪ આ કોન્ફરન્સ ઠરાવ કરે છે કે જુદે જુદે સ્થળે પ્રચલિત જ્ઞાતિ રીત રિવાજોનું સશોધન કરવા તથા તે પૈકી અયોગ્ય જણાય તે દુર કરવા શું ઉપાયો લેવા તેની ભલામણ કરવા નીચલા ગૃહસ્થોની એક કમીટી નીમવી અને તેમણે પોતાનો રિપોર્ટ હવે પછીની કોન્ફરન્સની બેઠક મળતાં અગાઉ ત્રણ માસ પહેલાં દશાલાડ પત્રિકામાં પ્રસિદ્ધ કરવો અને તે રીપોર્ટ ઉપર વિચાર કરવાનુ કામ આવતી કોન્ફરન્સ ઉપર મૂકવું.

કમીટીના સભાસદોના નામ.

રા. વનમાલીદાસ નાગરદાસ સુરત. રા. માણેકલાલ નરોતમદાસ નાણાવટી ભરૂચ.
રા. હિમતલાલ નાથાભાઇ તલાટી વડોદરા. રા. ચુનીલાલ ગીરધરલાલ ડભોઇ.
રા. ભગવાનદાસ બીજભૂખણદાસ વલસાડ. રા. છગનલાલ પ્રાણજીવનદાસ કઠોર.
રા. ચુનીલાલ હરજીવનદાસ દાવાવાલા અંકલેશ્વર. રા. ચુનીલાલ જગજીવનદાસ જંબુશર.
રા. ત્રીભોવનદાસ શીવલાલ કાલોલ. રા. અમૃતલાલ હરીલાલ પારેખ નાંદોદ.
રા. જગનદાસ મોતીલાલ. નાંદોદ.

દરખાસ્ત મુકનાર—રા. રા. મોતીરામ નરભેરામ વકીલ મુંબઇ
અનુમોદન આપનાર—રા. રા. મથુરદાસ કુબેરદાસ કાલોલ.

૫. કોન્ફરન્સના ઉદ્દેશો પાર પાડવા માટે **દશાલાડ પત્રિકાં** નો બ્હોળો ફેલાવો કરવા પ્રયાસ કરવા આ કોન્ફરન્સ સખ્ત ભલામણ કરે છે.

દરખાસ્ત મુકનાર-રા. રા નાનાલાલ લાલભાઇ વકીલ સુરત.

અનુમોદન આપનાર-રા જમનાદાસ માણેકલાલ વલસાડ રા. શાકરલાલ ભીખાભાઇ જંબુસર.

,, જેકીશનદાસ મંછારામ ભાગલીઆ સુરત. ચુનીલાલ હરજીવનદાસ દીવાવાલા અંકલેશ્વર.

૬. આ કોન્ફરન્સ એવી ભલામણ કરે છે કે આપણી જ્ઞાતીમાંથી જેમ બને તેમ અયોગ્ય ખર્ચો બંધ કરવા.

દરખાસ્ત મુકનાર-રા. રા. નગીનદાસ જે મોદી. એલ. સી ઇ. મુંબઇ.

અનુમોદન આપનાર-રા. રા જેકીસનદાસ મંછારામ ભાગલીઆ સુરત.

રા. રા. નાથાભાઇ ફકીરભાઈ કિનખાબવાલા સુરત. રા. જેકીસનદાસ રણછોડદાસ વેલાછા

રા. ભગવાનદાસ બ્રીજભુખણદાસ શ્રોફ. વલસાડ. રા. ત્રીભોવનદાસ શિવલાલ કાલોલ

૭. બાળ વિવાહ તથા બાળ લગ્ન તથા કજોડાનાં લગ્નથી થતાં માઠાં પરિણામપર આ કોન્ફરન્સ દિલગીરીની નજરથી જુએ છે, અને જ્ઞાતિ બંધુઓને આગ્રહપુર્વક વિનંતી કરે છે કે પુખ્ત ઉમ્મરે પહોંચ્યા પહેલાં વિવાહ તથા લગ્ન ન કરવા અને વર કન્યા વચ્ચે ઉમ્મરનો સારો તફાવત રાખ્યા સિવાય લગ્ન થવા ન દેવા બાબત દરેક ગામના જ્ઞાતિના ગ્રહસ્થોએ સંભાળપુર્વક તજવીજ કરવી.

દરખાસ્ત મુકનાર—રા રા. ગીરધરલાલ છગનલાલ કાપડીઆ વલસાડ.

અનુમોદન આપનાર-ચીમનલાલ કાલીદાસ ઉર્ફે સબુરભાઇ જંબુસર. હરગોવન હીમતલાલ વડોદરા.

રા. હલસુખભાઇ ચુનીલાલ વકીલ વડોદરા. રા. બીજાભાઇ ઇચ્છારામ કણીઆ સુરત.

રા. હીંમતલાલ નાથાભાઇ તલાટી વડોદરા. રા. વીજભુખણદાસ દ્વારકાદાસ નાણાવટી ભરૂચ.

૮ આ કોન્ફરન્સ જ્ઞાતિના ગ્રહસ્થો તરફથી ધર્મને નામે ખર્ચાતાં નાણાં હાલ ચાલતા રિવાજો કરતાં વધુ ઉપયોગી રીતે જ્ઞાતિની ઉન્નતિનાં કામમાં ખર્ચવા ભલામણ કરે છે.

દરખાસ્ત મુકનાર-રા. રા. અંટોળદાસ હરગોવનદાસ વકીલ બી. એ. એલ. એલ. બી. ભરૂચ.

અનુમોદન આપનાર-રા. રા. કસનદાસ ભાઇદાસ સુરત. રા. મગનલાલ ઇચ્છારામ ગણદેવી.

,, રા. જમીયતરામ માણેકલાલ વલસાડ રા. છગનલાલ ભુદરભાઇ જંબુસર.

૯. આ કોન્ફરન્સ એવી ભલામણ કરે છે કે દરેક સ્થળની જ્ઞાતિએ પોતાનું વસ્તી પત્રક તૈયાર કરવું અને તેના આંકડા પત્રિકામાં પ્રસિદ્ધ કરવા મોકલી આપવા.

દરખાસ્ત મુકનાર—રા. રા. ગીરધરલાલ છગનલાલ કાપડીઆ, વલસાડ.

અનુમોદન આપનાર—રા. રા. બાલુભાઇ લલ્લુભાઇ કાજી બી. એ. સુરત.

,, શેઠ માણેકલાલ ભગવાનદાસ ભરૂચ.

૧૦ આપણા નામદાર કૃપાળુ શેહેનશાહ પંચમ જ્યોર્જ તથા શેહેનશાહબાનુ મેરીના હિંદુસ્થાનમાં શુભ આવાગમનના સ્મારક તરીકે જે **દશાલાડ કોન્ફરન્સ** શરૂ થઇ છે તે શેહેનશાહ, શેહેનશાહ બાનુ તથા તેમના કુટુંબને સંપૂર્ણ સુખ, દીર્ઘાયુષ્ય ઇચ્છે છે અને તેમના પ્રતિ પોતાના અંતઃકરણ પૂર્વક રાજભક્તિ દર્શાવે છે.

દરખાસ્ત મુકનાર-રા. જગમોહનદાસ મોતીલાલ મુંબાઈ.

અનુમોદન આપનાર-વનમાલીદાસ નાગરદાસ સુરત. ભગવાનદાસ બ્રીજભુખણદાસ શ્રોફ વલસાડ.

૧૧ કોન્ફરન્સ બોલાવનારાઓનો ઉપકાર.

પ્રમુખ તથા સર્વ ગામના મુખ્ય એકેક ગૃહસ્થ તરફથી

૧૨ પ્રમુખનો ઉપકાર.

દરખાસ્ત મુકનાર— રા. રા. માણેકલાલ ભગવાનદાસ શેઠ ભરૂચ.

અનુમોદન આપનાર—,, માણેકલાલ નરોતમદાસ નાણાવટી–સુરત.

બપોરના પ્રમુખ આવતાં સદ્ગૃહસ્થોએ આવકાર આપ્યો હતો. પ્રમુખે સહજ મોડા થવાથી પ્રેક્ષકોની ક્ષમા માંગી હતી. શરૂઆતમાં વિદ્યાર્થીઓએ ઇશ્વર સ્તુતિ નં. ૧ ગાઇ હતી. ત્યાર બાદ રા. રા. હીરાલાલ લલ્લુભાઇ કાજી એમ. એ; બી. એસ. સી એ **પહેલો ઠરાવ** રજુ કરતાં ભાષણ કર્યું હતું:—

ઠરાવ પહેલો.

મ્હેરબાન પ્રમુખ સાહેબ, સન્નારીઓ તથા સદ્ગૃહસ્થો.

આપ સમક્ષ જે ઠરાવ મ્હારે રજુ કરવાનો છે તે નીચે પ્રમાણે છે.

"આ કોન્ફરન્સ ભલામણ કરે છે કે પ્રત્યેક ગૃહસ્થે પોતાના છોકરા તથા છોકરીઓને પ્રાથમિક કેળવણી આપવી."

"ઉપર બતાવેલા આશય માટે તથા ઉંચી કેળવણીને ઉત્તેજન આપવા માટે દરેક ગામની જ્ઞાતિ તરફથી સ્થાનિક વિદ્યોત્તેજક ફંડ સ્થાપવા."

આ ઠરાવ રજુ કરતાં મ્હને બે લાગણીઓ સ્ફુરે છે–આનંદ અને ખેદ–જુદે જુદે સ્થળે વસતા દશાલાડ બંધુઓ સમક્ષ જ્ઞાતિની ઉન્નતિ માટે વિષયો ચર્ચવા એ આનંદ ઉપજાવે છે. પણ જેમ પ્રસંગ ખુશાલી પ્રાપ્ત કરાવે છે તેમ વિષય ખેદ ઉત્પન્ન કરે છે. કેળવણીનો વિષય એટલો બધો અગત્યનો છે અને એની અગત્યતા એટલી બધી સ્વીકારાયલી છે કે એ બાબત ઉપર જ્ઞાતિ બંધુઓનું ધ્યાન ખેંચવું પડે છે એજ શોચનીય છે. પશ્ચિમાત્ય કેળવણીના બળથી પચાસેક વર્ષ થયાં બીજી જ્ઞાતિઓમાં જાગૃતિના ચિન્હ જણાવા માંડયા છે. પણ સંકુચિત વૃત્તિની અઘોર નિંદ્રામાંથી આપણી જ્ઞાતિ હજી મુક્ત થઇ નથી. એ નિંદ્રા કાંઇક ખંડીત થયું છે એમ ભાસ થાય છે. અને મળસકાનો ઉજાસ ઝળકવા માંડયો છે. પણ બીજી જ્ઞાતિના પ્રમાણમાં આપણે મોડા જાગ્યા તેથી નિરાશ ન થતાં Better late than never એ સિદ્ધાંતથી દીલાસો લઇ વધુ પ્રયાસ કરી કેળવણીની સરતમાં આગળ નીકળી ગયલાને પકડી પાડવા મથવું જોઇએ. પ્રમાદ શય્યામાં પડયા પડયા મળસકા પછી દીવસની રાહ જોવી તેનાં કરતાં ઘરની અગાશી ઉપર જઇ અથવા ઉંચા મીનારા ઉપર ચ્હડી, દૃષ્ટિ મર્યાદા વધારી, કેળવણીના સૂર્યના પ્રકાશના ઉત્સુક થઇ, વ્હેલો દીવસ શરૂ કરવો એજ પ્રશંસનીય ગણાશે. ઇચ્છા બળ અને ધૈર્યથી ફરહાદ ડુંગર તોડી નહેર ખોદી શકયો તો તેજ બળથી કુધારાનો ડુંગર તોડી સુધારાની નહેર ખોદવામાં શા માટે આપણે ફળીભૂત ન થઇએ?

હવે આ ઠરાવ આપના સમક્ષ મુકતાં, કેળવણી એટલે શું, એના પ્રકાર, એનાથી પ્રાપ્ત થતાં અસંખ્ય લાભો, એ સંબંધી આપણી જ્ઞાતિની હાલની સ્થિતિ, તેના કારણો અને તેના ઉપાયો આપણે તપાસીએ,

'કેળવણી' શબ્દનો અર્થ કાંઇ ઇંગ્રેજી સંસ્કૃત કે ગુજરાતી ભણી પંડિત થવું એમ નથી. કેળવવું એટલે કાર્ય કુશળતા સંપાદન કરવી (to train).

કેળવણીના અર્થ

કોઇ નોકર પોતાની ફરજો સારી રીતે બજાવતો હોય અને સભ્યતાથી રીતસર પોતાનું કામ કરતો હોય, તો આપણે કહીએ છીએ કે આ નોકર કેળવાયલો (trained) છે. આ જાતની કેળવણી દરેક મનુષ્યને મોડી વ્હેલી મળે છે. કારણ કે અનુભવ એક મ્હોટો શિક્ષક છે. હવે કેળવણીનો સાધારણ રીતે અર્થ વિદ્યા પ્રાપ્ત કરવાનો છે. આ અર્થ પ્હેલા અર્થ ઉપરથીજ આવેલો છે એ સ્હેજ વિચાર કરતાં જણાશે. અનુભવથી અથવા આપણા વડીલોથી જે કાર્ય કુશળતા મેળવી મનુષ્ય કેળવાય છે તેમ વિદ્યા પ્રાપ્ત કરવાથી અગાઉ થઇ ગયલા મ્હાન પુરૂષોના અનુભવ અને શિખામણ ગ્રહણ કરી આપણું મન કેળવાય છે. પણ અંધકારમાં જેમ મનુષ્ય પોતાના રસ્તામાં આવતા ખાડામાં પડે છે અથવા સામે આવતી ભીંતો સાથે અથડાય છે અને એ ત્રણ એવી વિપત્તિઓનો ભોગ થઇ પડયા પછીજ સાચવીને પોતાને માર્ગે ચાલે છે અને જેમ આ પ્રમાણે ખત્તા ખાઇ સુધરેલા મનુષ્યો ઉપરથી દાખલો લઇ દીવો સાથે લઇ જનારા ખાડો કે ભીંત સ્પષ્ટ દેખાઇ આવવાથી પોતાને રસ્તે સહી સલામત જઇ શકે છે તેજ પ્રમાણે અજ્ઞાનતાના અંધકારમાં ગરક થઇ ગયેલો મનુષ્ય વિપત્તિઓ વેઠીનેજ શાણો બને છે અને કેળવણીનો પ્રકાશ પામેલો મનુષ્ય એ વિપત્તિઓ સ્હેલાઇથી દુર કરી શકે છે.

આ ઉપરથી જણાશે કે કેળવણી મેળવવાના સાધન બે છે. અનુભવ અને વિદ્યા અનુભવ લાંબો ને વિકટ પંથ સુચવે છે અને વિદ્યા ટુંકો અને સરલ રસ્તો બતાવે છે.

કેળવણીના પ્રકાર

હવે કેળવણીના પ્રકાર ત્રણ છેઃ–માનસિક શારીરિક અને ધાર્મિક તથા નૈતિક. પણ શારીરિક કેળવણી તથા ધાર્મિક ને નૈતિક કેળવણી સંબંધી જુદા ઠરાવો આપ સમક્ષ મુકાવાના છે તેથી એ બાબત ઉપર વધારે બોલવાનું આવશ્યક નથી શારીરિક તેમજ માનસિક કેળવણી બન્નેની અગત્યતા અત્યંત છે શરીર મકાનરૂપ છે અને મન ફરનીચર રૂપ છે. મ્હેલમાં સાદડી અને ઝુંપડામાં ગાળીચા માફક સબળ શરીરવાળો અજ્ઞાન પુરૂષ અને નિર્બળ શરીરવાળો વિદ્વાન છે સાગર તરવા માટે જેમ મજબુત નાવ અને હલેસાં મારવાના બળની જરૂર છે તેવીજ સુકાનની પણ જરૂર છે તેજ પ્રમાણે ભવસાગર તરવા માટે શરીર તેમજ મન બન્ને કેળવાયલા જોઇએ માટે બન્ને જાતની કેળવણીની આવશ્યકતા છે.

કેળવણીથી થતા લાભો.

હવે વિદ્યા સંપાદન કરવાથી જે અલભ્ય લાભો મળે છે તે આપ સઘળાને વિદિત હશેજ તેથી એ ઉપર લંબાણથી વિવેચન કરવાની જરૂર નથી. પ્હેલો લાભ ન્હાની વયમાં અનુભવ છે. જાત અનુભવ નહીં પણ અગાઉ થઇ ગયેલા મ્હાન પુરૂષોના અનુભવ અને શિખામણ. બીજો લાભ વિચાર શક્તિનો વિકાસ છે. અમુક સંજોગોમાં શું કરવું એ નક્કી કરવામાં અગાઉ એવા સંજોગોમાં શું કરવામાં આવ્યું હતું અને તેના શું પરીણામ થયા હતા તેના જ્ઞાનની જરૂર પડે છે, અને પરીણામે વિચાર શક્તિ ખીલે છે. વળી ત્રીજો લાભ કીર્તિ છે. બીજાં પ્રાણીઓ ઉપર મનુષ્ય જાતિની શ્રેષ્ટતાનો આધાર વિચાર શક્તિ ઉપરજ છે જેથી જે મનુષ્યમાં એ શક્તિ ઓછી તે મનુષ્ય નીચલા વર્ગના પ્રાણીઓને વધારે મળતો આવે છે, અને જેની એ શક્તિ ખીલેલી હોય તે શ્રેષ્ટ મનુષ્ય લેખાય, અને વિચાર શક્તિનો વિકાસ કેળવણીથીજ

થાય છે તેથી જેમ કેળવણી વધારે તેમ તે મનુષ્યની શ્રેષ્ટતા અધિક સમજવી. આ કારણ-થીજ અસલનાં પંડિતો વિદ્યાની પ્રશંસા કરતા આવ્યા છે અને વિદ્વાનોને રાજાઓ કરતાં અધિકતર પૂજનીય માન્યા છે. ચોથો લાભ સારા આચાર વિચાર છે સભ્યતા, વિવેક, વિનય વડીલોને યોગ્ય માન, નીતી, અતિથિનો આદર સત્કાર વિગેરે અનેક સદ્દગુણો કેળવણીના અંગે પ્રાપ્ત થાય છે અલબત્ત બધા અજ્ઞાન પુરૂષો કાંઇ દુરાચારી હોતા નથી તેમ બધા વિદ્વાનો કાંઇ સદ્દગુણુ હોતા નથી પણ સાધારણ રીતે વિદ્વાન પુરૂષો વિચાર શકિત તથા બુદ્ધિબળના પ્રકાશથી સદ્દગુણના અલભ્ય લાભો અને દુર્ગુણના અસંખ્ય કડવાફળ જાણી નૈતિક માર્ગ પકડે છે. પાંચમો લાભ વેપાર રોજગાર કે ધંધામાં કુશળતા છે કેટલાકનું માનવું એમ છે કે જેનો બાપદાદાનો ધંધો ચાલતો હોય તેના પુત્રને વિદ્યા સંપાદન કરવાની કશી જરૂર નથી જાણે કે વ્યાપારમાં કેળવણીની જરૂરજ નહોય? એવા લોકો સમજતા નથી કે કેળવણી એક પ્રકારની નથી સાધારણ અંગ્રેજી ગુજરાતી શિખવી સાધારણ જ્ઞાન પ્રાપ્ત કરાવી, પુત્રને ભવિષ્યમાં કામ આવે એવું હુન્નર કળાનું શિક્ષણ કોઇ મ્હોટી પેઢીમાં કે કોઇ ટેકનીકલ સ્કુલમાં અપાવવું ઉત્તમ છે. આ પ્રમાણે વ્યાપારી લાઇનમાં કેળવાયલો પુત્ર બાપદાદાના ચાલતા આવેલા વેપારમાં સમયાનુસાર ફેરફાર કરી તેને ઘણાજ ચઢતા પાયા ઉપર મુકી શકશે. છટ્ઠો લાભ ધન છે. અલબત્ત કેળવણીની કીંમત કાંઇ રૂા. આ. પાઇમાં કરવાની નથી તો પણ ધન પ્રાપ્તિમાં કેળવણી ઘણી સહાયભૂત થાય છે એ નિઃસંશય છે કેટલાક વ્યાપારીઓ કહે છે કે અમે તો ભણ્યા નથી તોપણ મહીને ચારસો, પાંચસો કુટી કાઢીએ છીએ અને તમારા બી. એ, એમ. એ ને મહીને પંચાસ પોણોસોનાએ ફાંફા પડે છે. આવી સરખામણીમાં ન્યાય નથી. દરેક મનુષ્યના સંજોગો ધ્યાનમાં લીધા વિના સરખામણી કરવી એ કેવળ ગેરવ્યાજબી છે. નિર્ધન બી. એ. ની કમાણી પૈસાદાર વ્યાપારીના અભણ પુત્ર કરતાં ઓછી હોય તેમાં શુ આશ્ચર્ય! કુટુંબ, બાપદાદાની પુંજી તેમજ હરેક રીતે સરખા સંજોગો હોય તેવા બે મનુષ્યોને સરખાવો તો તેમાં જેની કેળવણી વધારે તેને ધન વધારે મળશે એમ જણાશે. આ ઉપરાંત વિદ્વાન પુરૂષોના આશયો ઘણા ઉચ્ચ હોય છે અને વિદ્યા સંપાદન કરવાથી બીજા અનેક લાભો છે.

હવે જ્ઞાતિની હાલમાં કેળવણી સંબંધી સ્થિતિ કેવી છે તે તપાસીએ. દરેક ગામોમાં

હાલની સ્થિતિ. વસતા દશાલાડોની કેળવણી બાબતની વિગતો હજી પત્રિકામાં પુરી પ્રગટ થઇ નથી તોપણ જે વિગતો મળે છે તે ઉપરથી માલમ પડશે કે આપણી સ્થિતિ અત્યંત શોચનીય છે.

સુરત.

એમ. એ	એલ એલ. બી.	બી. એસસી.	બી. એ	એલ એમ એન્ડ એસ.
૧	૩	૧	૬	૧

એલસી. ઇ	ડીસ્ટીકટ પ્લીડર	સબ આસીસંટ સરજન	ઓવરસીયર	મેટ્રીક
૧	૨	૩	૧	૧૦

કોલેજમાં	હાઇસ્કુલમાં	મીડલસ્કુલમાં	ગુજરાતી નિશાળમાં
૫	૩૦	૧૫	૬૦

ભરૂચ.

એલ એલ બી.	બી. એ	મેટ્રીક	સ્કુલ ફાઇનલ
૧	૩	૧૦	૭

કોલેજમાં	હાઈસ્કુલમાં	મીડલ સ્કુલમાં	ગુજરાતી નિશાળમાં	સબ આસીસ્ટંટ
૧	૨૦	૩૨	૪૭	૫ સરજન

નાંદોદ.

મેટ્રીક	સ્કુલ ફાઇનલ	વકીલ	હાઇસ્કુલમાં	ગુજરાતી નિશાળમાં
૨	૧	૧	૬	૨૯

કડોરમાં ૧૩, કામરેજમાં ૨૭, ખાનદેશમાં ૧૨, સંખેડામાં ૧૩ વિદ્યાર્થીઓ છે.

આ ઉપરથી જણાશે કે ગુજરાતી ભણનારાનો મ્હોટો ભાગ આગળ ઇંગ્રેજી વિદ્યાભ્યાસ છોડી દે છે. વળી મીડલ સ્કુલમાંથી થોડા છોડી દે છે એટલે હાઇસ્કુલમાં ભણનારાની સંખ્યા બહુજ ઓછી થાય છે અને કોલેજના દ્વાર દેખનારા તો કોઇક વિરલાજ છે.

સ્થિતિના કારણો

આની સ્થિતિના કારણો શું છે? કારણ મુખ્ય એ છે. (૧) કેળવણી પ્રત્યે અભાવ (૨) નિર્ધનતા. માબાપનો તેમજ બાળકોનો અભાવ એજ કેળવણીના ઉત્કર્પનો મુખ્ય બાધક છે. મોઢેથી આવશ્યકતા સ્વિકારનારા તો ઘણા છે પણ અંતરથી કેળવણીની અગત્યતા માનનારા થોડા હોય છે જ્યાં માતા પિતાની રૂચી હોય ત્યાં પણ ઘણી વાર પુત્રનો અભાવ વીઘ્ન રૂપ થાય છે અને એ અભાવને લીધે થોડું ભણાવી પુત્રને શાળામાથી ઉઠાડી મુકવાની ફરજ પડે છે. આ વિદ્યાર્થીઓની અરૂચીના કારણો મુખ્ય એ છે (૧) બાળ લગ્ન (૨) કુસંગ. બાળ લગ્નનો વિષય ચર્ચવાનો કાંઇ મ્હારો હેતુ નથી અને બાળલગ્નથી કેળવણીને થતું નુકશાન એટલું સ્પષ્ટ છે કે તે અત્રે કહી બતાવવાની કશી જરૂર નથી. કુસંગની બાબતમાં કહેવું જોઇએ કે આપણી જ્ઞાતિ દરેક ગામમાં એક જથ્થામાં વસે છે. અસલથી કેળવણીમાં આપણે પછાત છીએ તેથી આપણા પુત્રો આપણી પછાત જ્ઞાતિનાજ પુત્રોના પ્રસંગમાં આવશે તેથી તેઓમાં બાલ્યાવસ્થામાંથી કેળવણીને માટે ભાવ પ્રગટ થાયજ નહીં. કેળવણીમાં આગળ વધેલી જ્ઞાતિના મનુષ્યોના લત્તામાં આપણો વાસ હોય તો તેમના પુત્રોનો કેળવણી માટેનો ઉત્સાહ આપણા પુત્રોમાં પ્રતિબિંબ પાડશે અને સ્પર્ધા દાખલ થતાં તેઓમાં કેળવણી તરફ અભાવ દુર થઇ ભાવ પ્રગટ થશે. આ ઉપાય ઘણે ભાગે આપણા હાથમાં નથી કેમકે ઘરબાર એક લત્તામાં બંધાઇ ગયા પછી કાંઇ બીજા લત્તામાં લઇ જવાતા નથી, તો પણ આપણે આપણા પુત્રોને સારા વિદ્વાનોના પુત્રોનો સંગ કરાવીએ તો બાલ્યાવસ્થામાંથીજ કેળવણી પ્રત્યે તેઓની રૂચિ દ્રઢ થશે.

કેળવણીની વૃદ્ધિમાં બીજું વિઘ્ન નિર્ધનતા છે, અને તે નિર્ધનતાનાં કારણો એ છે. ઉપજ ઓછી અને ખર્ચ વધારે. પત્રિકામાં આપેલી વિગતો ઉપરથી આપને જણાશે કે જુદે જુદે સ્થળે વસતા જ્ઞાતિ બંધુઓનો ધંધો શું છે? તેમના ધંધા ઉપરથી પૈસા ટકાનું સુખ સાધારણ રીતે કેવું છે તે અનુમાન કરી લેશો. આપણી જ્ઞાતિમાં વ્યાપારી વર્ગ ઘણો છે. સાધારણ રીતે નોકરીઆત કરતાં વેપારીજ સારા પૈસા મેળવી શકે. નોકરીઆતનો પગાર તો બાંધેલો અને વ્યાપારીની ઉપજ કાંઇ બંધાઇ ગયલી નથી. તે છતાં આપણી જ્ઞાતિના વ્યાપારી કેમ લક્ષાધિપતિ થતા નથી? લક્ષાધિપતિ નહી, પણ સારી સ્થિતિમાં કેમ રહી શકતા નથી? તેના કારણો કેળવણી સાહસ અને પરદેશગમનનો અભાવ છે. હવે ખર્ચની બાબતમાં કહેવાનું કે બાળ લગનના રીવાજને લીધે ખર્ચ વધે છે. પુત્ર કમાતો થાય ત્યાર પ્હેલાં પુત્ર વધુ ઘરમાં પ્રવેશ કરે છે. હવે વિચાર કરો કે ટુંકી ઉપજવાળા

મનુષ્યને બે ત્રણ પુત્રો હોય તો તે પુત્રો ભણતા હોય ત્યારથીજ બે ત્રણ વહુઓ અને દરેક વહુના બે ત્રણ બાળકો એ પ્રમાણે સાત આઠ વધુ માણસનો ખર્ચ પિતાને વેઠવો પડે છે. આવી રીતે ધનનો સંકોચ આવી પડે છે અને તેથી પુત્રોની કેળવણીમાં મ્હોટું વિઘ્ન આવે છે. તેમાં દોષ કોનો ? પિતાનો કે કોઇ બીજાનો ? પુત્રોને ન્હાની ઉમ્મરમાં પરણાવી દઇ, ખર્ચ વધારી પછી કહેવું કે અમારી નિર્ધનતાને લીધે છોકરાંને કયાંથી ભણાવીએ—એ કેવી મુર્ખતા ? વળી ઘણા અયોગ્ય ખર્ચ કરવાની આપણી જ્ઞાતિમાં રૂઢી પડી ગયેલી છે. રૂઢી—એ શબ્દે આપણો નાશ કર્યો છે. શોચનીય છે કે રૂઢી એટલી બળવાન છે કે કોઇ પ્રસંગે સો રૂપીઆ કુવામાં નાંખી દેવાની રૂઢી પ્રચલિત હોય તો પણ બધા એ પ્રમાણે કરશે—અજ્ઞાન પુરૂષો રૂઢીને માન દેવા ખાતર, અડધું ભણેલા, શાસ્ત્રાર્થનું બ્હાનું કહાડી અને વિદ્વાનો, પ્હેલ કરવાની હીંમતના અભાવે, જેમ જુની તથા અર્થ વિનાની રૂઢી તેમ તે વધારે સબળ થાય છે. એવી રૂઢીના પ્રભાવે આપણા જ્ઞાતિમાં લગ્ન. સીમન્ત, મરણ પ્રસંગે ધનનો ઘણો વ્યય થાય છે. આ વિષય બાબત જુદો ઠરાવ આપના આગળ મુકાવાનો છે તેથી વધુ વિવેચન કરવું અયોગ્ય છે.

કેળવણીની વૃદ્ધિના ઉપાયો.

કેળવણીની વૃદ્ધિમાં આવતાં વિઘ્નો આપણે તપાસ્યાં. હવે શું ઉપાયો યોજવા તે વિચારવાનું છે. અલબત્ત ઘણે ભાગે કેળવણીની વૃદ્ધિ કરવી એ જ્ઞાતિના હાથમાં નથી. પુરૂષ પ્રયત્ન (Individual Action) અને જ્ઞાતિની પ્રશંસાને ઉત્તેજન (Caste Encouragement) એજ બે રસ્તા શકય છે. તોપણ જ્ઞાતિ ધારે તો એ પ્રશંસનીય કાર્યમાં ઘણી રીતે સહાય કરી શકે એમ છે.

(૧) લગ્નને માટે પુત્ર પુત્રીની ઉમ્મરની હદ બાંધવા કે જેથી પુત્ર વિદ્યાભ્યાસ દરમ્યાન ગૃહસ્થાશ્રમની જાળમાં સપડાઇ જાય નહીં અને પિતાને માથે ઘર ખર્ચનો બોજો ન વધે.

(૨) અયોગ્ય ખર્ચ અટકાવવા. ખર્ચ યોગ્ય અયોગ્ય જાણવાને માટે મુખ્ય ત્રણ કસોટીઓ છે. સાધન, પ્રસંગ અને રીત. જ્યાં પુરતું સાધન, સારો પ્રસંગ અને વ્યાજબી રીત હોય ત્યાં ખર્ચ યોગ્ય સમજવો. આ ત્રણ કસોટીથી કસી જોઇ જે ખર્ચો અયોગ્ય જણાય તે ખર્ચો જ્ઞાતિએ બંધ કરવા જોઇએ. જેથી ખોટે માર્ગે વ્યય થતું ધન બચશે અને કેળવણી જેવા ઉત્તમ કાર્યમાં ઉપયોગી નીવડશે. સીમન્તના વરા તો બંધ થવા માંડયા છે. લગ્નના વરા બંધ કરવાની ભલામણ થશે તોપણ કોઇ સ્વિકારશે નહી. માટે હાલના સંજોગો જોતાં મરણ પ્રસંગે અપાતું જ્ઞાતિ ભોજન બંધ કરવા ખાસ જરૂર છે, અને જ્ઞાતિના અજ્ઞાન પુરૂષો વિરૂદ્ધ હોવાથી પંચો તરફથી આમ કરવામાં ફળીભુત ન થઇએ તો સમજુ અને કેળવાયલા પુરૂષોની ફરજ છે કે પોતે તેરમું જમવા જવું નહી એટલે પરીણામે નહી જનારાની સંખ્યા વધતી જશે અને જમાડનારની વૃતિ ઓછી થતી જશે.

(૩) કેળવણીની વૃદ્ધિ માટે ત્રીજો ઉપાય વિદ્યોત્તેજક ફંડ સ્થાપવાનો છે. આ ફંડ સ્થાપવાની આવશ્યકતા વિષે બોલવાની મ્હને જરૂર દેખાતી નથી. કારણ કે કેટલેક સ્થળે એવા ફંડો ખોલાયાં પણ છે. ખરે, કેળવણીની વૃદ્ધિ કરવામાં આ ફંડ એક ઘણું મ્હોટું સાધન છે. પણ એવા ફંડમાં બહુ રકમ. ન હોવાને લીધે અથવા તો તેની ગેર વ્યવસ્થાને લીધે, લોકોની શ્રધા એના ઉપર થતી નથી. વિદ્યોત્તેજક ફંડની

વ્યવસ્થા બરાબર થાય તેને માટે એક ખંતીલા અને ઉમંગી સેક્રેટરીની ખાસ જરૂર છે. ઘણી વખત નજરે પડે છે કે સેક્રેટરીનું કામ કરવા કોઇ ખુશી હોતું નથી અને તેથી કોઇને શરમાવી, સમજાવી એ કામ સોંપવામાં આવે છે. આમ થવાથી ઉમંગથી કામ કરવાને બદલે, સેક્રેટરી વેઠ તરીકે કામ કરે છે. માટે કોઇને બોજા રૂપ થઇ નહી પડે એવી રીતે બે ત્રણ વર્ષે સેક્રેટરી બદલવો, અને બને ત્યાં સુધી, જેને અવકાશ વધારે હોય તેવા ગ્રેજ્યુએટ કે કેળવાયેલા પુરૂષને નીમવો જોઇએ. બીજું જ્ઞાતિ બંધુઓને, ફંડની વ્યવસ્થા વાસ્તવિક રીતે થાય છે તેની ખાત્રી આપવા માટે, વાર્ષિક રીપોર્ટ છાપવો જોઇએ, અને તેની જ્ઞાતિમાં દરેક ઘેર એક નકલ વહેંચવી જોઇએ. એ રીપોર્ટમાં ફકત હિસાબ આપી સંતોષ માનવો જોઇએ નહીં પણ જ્ઞાતિના વિદ્યાર્થીઓ, કેળવણીમાં કેટલે સુધી પહોંચ્યા તેનો વિગતવાર હેવાલ આપવો જોઇએ અને કોઇ વિદ્યાર્થીએ શાળા છોડી દીધી હોય તો તેમ કરવાનું કારણ તપાસી પ્રસિદ્ધ કરવું જોઇએ. આમ કરવાથી કેળવણીમાં જે જે વિઘ્નો નડે છે તે સર્વેને માલમ પડશે અને એવાં વિઘ્નો પોતાના પુત્રોને નડે નહીં તે માટે સર્વે કાળજી અને સંભાળ રાખશે.

હવે વિદ્યોત્તેજક ફંડના પૈસા કયા માર્ગે વાપરવા તે માટે નીચેની સુચનાઓ હું આપ આગળ મુકું છું.

(૧) ફંડની સ્થિતિ ઉપર આધાર રાખી, બને તેટલા જ્ઞાતિ વિદ્યાર્થીઓને ફી આપવી. પ્રાથમિક શાળામાં ફી ઘણી થોડી હોવાથી, તેમાં કોઇને પણ મદદની જરૂર હશે નહીં. ઇંગ્રેજી કેળવણી આપવાને માટે મોડલ સ્કુલ કે હાઇ સ્કુલમાં ભણતા વિદ્યાર્થીઓને આવી રીતની મદદ મળવાથી, જ્ઞાતિમાં કેળવણીની વૃદ્ધિ થાય એ નિઃસંશય છે. પણ ધ્યાનમાં રાખવાનું એ છે કે સેક્રેટરી પાસે ફી માંગવા સ્વભાવિક રીતે ઘણાને શરમ લાગશે. તેથી સ્કુલોના હેડ માસ્તરો સાથે બંદોબસ્ત કરી, બ્હારો બ્હાર દર મહીને સ્કુલમાં, જેટલા વિદ્યાર્થીઓની ફી ફંડમાંથી આપવી શકય હોય તેઓની ફી ભરી દેવી.

(૨) જ્ઞાતિ વિદ્યાર્થીઓ કોલેજમાં કેળવણી લઇ શકે તે માટે તેમને ઉત્તેજન તથા સહાય આપવાના હેતુથી જ્ઞાતિ વિદ્યાર્થીઓ પૈકી જે મેટ્રીકયુલેશનની પરીક્ષામાં શ્રેષ્ટ નીકળે તેને એક વર્ષ ચાલે એવી માસિક રૂા. ૫ની સ્કોલરશીપ આપવી તેજ પ્રમાણે પ્રોવી-અસની પરીક્ષામાં જે શ્રેષ્ટ નીકળે તેને પણ એક સ્કોલરશીપ આપવી અને ઇન્ટરમીજીયેટની પરીક્ષામાં જે શ્રેષ્ટ નીકળે તેને બે વર્ષ સુધી ચાલે એવી સ્કોલરશીપ આપવી. મારૂં માનવું છે કે આવી સ્કોલરશીપો સ્થાપવાથી ઘણોજ લાભ આપણને મળશે.

(૩) શાળામાં ચાલતી ચોપડીઓનો ખર્ચ કાંઇ બહુ વધારે નથી છતાં પણ કેટલાક ને તે ભારે પડે છે માટે એક સરકયુલેટીંગ લાઇબ્રેરી કાઢવી જોઇએ, જેમાં દર વરસે સ્કુલોમાં ચાલતા દરેક પુસ્તકોની દશેક નકલ ખરીદવી અને જ્ઞાતિના વિદ્યાર્થીઓને વાપરવા માટે આપવી અને ખપ પુરો થયે પાછી લાઇબ્રેરીમાં લઇ લેવી.

(૪) દર વર્ષે નવેમ્બર કે ડીસેમ્બર માસમાં ઇનામ આપવાનો તથા ગ્રેજયુએસનની પરીક્ષા પાસ કરનારને માનપત્ર આપવાનો મેળાવડો કરવો. તે પ્રસંગે અને એવા બીજા પ્રસંગો સાધી કોઇ વિદ્વાન જ્ઞાતિબંધુ પાસે અથવા બીજી જ્ઞાતિના કોઇ વિદ્વાન પાસે કેળવણી સંબંધી ભાષણો અપાવવા કે જેથી પિતાપુત્રોનો કેળવણી પ્રત્યે અભાવ ઓછો થતો જાય.

(૫) ઉપર કહેલા ઇનામના મેળાવડાની સાથેજ અથવા બીજા કોઇ અનુકુળ સમયે રમત ગમતની હરીફાઇનો મેળવડો કરવો જોઇએ અને દરેક સરતોમાં શ્રેષ્ટતા બતાવનાર છોકરા છોકરીઓને ઇનામો આપવા જોઇએ. આમ કરવાથી શારિરીક કેળવણીને ઉત્તેજન મળશે.

(૬) તે ઉપરાંત આસપાસના ગામડાના વસનાર જ્ઞાતિના વિદ્યાર્થીઓની સગવડ માટે ફ્રી બોર્ડીંગ હાઉસ મ્હોટા મ્હોટા શહેરમાં સ્થાપવા જોઇએ. એને માટે મકાન તરીકે જ્ઞાતિની વાડીમાં ગોઠવણ કરી હોય તો ચાલે, પણ તેમના ખાવા પીવાના ખર્ચ કરવા એ હાલની સ્થિતિ તપાસતાં વિદ્યોત્તેજક ફંડની શકિતબ્હાર છે માટે હાલ તો બોર્ડીંગ હાઉસ મફત રાખવાને બદલે કંઇ માસિક દર રાખ્યો હોય તો ઠીક પડે. મકાનની સગવડ તથા બની શકે તો ફીની સગવડ કરી આપવી. ધીમે ધીમે વિદ્યોત્તેજક ફંડ વધતુ જાય ત્યારે તેમની ખાવા પીવાની સગવડ કરવી શકય થાય અને બોર્ડીંગ હાઉસ તદન ફ્રી થઇ શકે.

ઉપર કહેલી સુચનાઓ અમલમાં મુકવામાં કેટલો ખર્ચ થાય તેનો વિચાર કરશું તો જણાશે કે ફીની રૂા. ૩)ની રાસ ગણતા દશ વિદ્યાર્થીઓની ફી રૂ૦ ૩૦) થાય. સ્કોલરશીપો માટે દર મહીને રૂ૦ ૨૦નો ખર્ચ થાય. વિદ્યાર્થીઓને તેમજ રમત ગમતમાં શ્રેષ્ટતા બતાવનારને ઇનામો આપવામાં દર વર્ષે રૂ૦ ૭૫ જોઇએ અને રીપોર્ટ છપાવવા માટે દર વર્ષે રૂ૦ ૨૫ જોઇએ. આ પ્રમાણે વાર્ષિક રૂ૦ સાતસો રૂપીઆનો ખર્ચ થાય. હવે વિચાર એટલો કરવાનો કે સાતસો રૂપીઆની વાર્ષિક આવક કયાંથી કરવી ? એ તો ખુલ્લુંજ છે કે આ આવક જ્ઞાતિ બંધુઓ પાસેથી મળી શકે એ સંભવનીય નથી. જ્ઞાતિ પંચોએજ આ આવક વિદ્યોત્તેજક ફંડને કરી આપવા તૈયાર થવું જોઇએ. લગ્ન સીમન્ત મરણ પ્રસંગે ધનનો આટલો વ્યય થાય છે ત્યારે ખુશાલી ખાતર કે પુણ્ય ખાતર જેને ત્યાં એવો પ્રસંગ આવે તે રૂ૦ ૫) આપે એવો ઠરાવ પંચ તરફથી થાય તો સ્હેજે બસો અઢીસો રૂપીઆની આવક થાય જ્ઞાતિના સારી સ્થિતિના બંધુઓ તરફથી રૂ૦ ૫ની દર વર્ષે મદદ મળે તો સો દોઢસો રૂ૦ની આવક એ માર્ગે થઇ શકે. તે ઉપરાંત દર વર્ષે ચાર પાંચ ઓચ્છવ જમવા કરતાં, તેમાંથી એક ઓચ્છવ ઓછો કરી તેમાં ખર્ચાતા અઢીસો ત્રણસો રૂપીઆ બચાવી વિદ્યોત્તેજક ફંડમાં અપાય તો ફંડની આવક વધે. વળી જ્ઞાતિના ઘર દીઠ અમુક રકમ દર વર્ષે લેવામાં આવે છે તેમાંથી મદદ મળે તો વિદ્યોત્તેજક ફંડની આવક સાતસો રૂપીઆની થઇ શકે. જ્ઞાતિ ધારે તો આ પ્રમાણે વિદ્યોત્તેજક ફંડને કેળવણીની વૃદ્ધિ કરવાનું એક અગત્યનું સાધન બનાવી શકે. મારી પુર્ણ ખાત્રી છે કે આપ સઘળા સમજો છો કે અહીં આપણે બધા ભાષણો કરવા કે સાંભળવા ભેગા થયા નથી પણ કયા સુધારા શકય છે અને તે સુધારા કેવી રીતે દાખલ કરી શકાય તે બાબત વિચાર કરવા મળ્યા છીએ, માટે મારી આપ સઘળાને આગ્રહ પુર્વક વિનતી છે કે આપ સૌ પોત પોતાના પંચોમાં આવી યોજનાઓ ઘડી કહાડી રજુ કરશો અને પસાર કરાવશો. સુધારાની જરૂર અનેક બાબતોમાં છે પણ સૌથી વધારે અગત્યતા કેળવણીની વૃદ્ધિના છે અને જો એ વૃદ્ધિ કરવાને માટે આપ તન, મન, ધનથી મથશો તો તમારો એ હેતુ ફળીભુત થશે એટલુંજ નહી, પણ બીજા જોઇતા સુધારા દાખલ કરવામાં આવતા વિઘ્નો આપો આપ દુર થઇ જશે અને જ્ઞાતિની ઉન્નતિના દ્વાર ખુલ્લા થશે. આટલુ કહી આ ઠરાવ આપ સમક્ષ રજુ કરૂં છું.

ઉપલી દરખાસ્તને અનુમોદન આપતાં રા. રા. ચુનીલાલ દ્વારકાદાસ નાણાવટી બી. એ. એ કહ્યું કે પશ્ચિમના દેશોમાં પ્રાથમિક કેળવણી ફરજ્યાત છે, જાપાનમાં પણ તેમ છે અને વળી હિંદુસ્થાનમાં કેટલાંક દેશી રાજ્યો લીમડી, વડોદરા અને માઇસોર વિગેરે રાજ્યમાં ફરજ્યાત છે પરંતુ આપણા વાણીઆઓમાં અસલથી તે ફરજ્યાત થએલી છે. અંગ્રેજીમાં જેને three Rs. Reading, Writing and Arithmatic કહે છે તે આપણી કોમમાં દરેક પિતા પુત્રને શીખવતો. કાગળ વાંચવા અને લખવા, ચોપડા લખવા વાંચવા અને હિસાબ કરવા એ કેળવણી તો જન્મથીજ આપણને મળેલી છે પરંતુ એથી આગળ આપણે હજુ સુધી વધ્યા નથી. રૂપીઆનું ત્રાજવું સમતોલ રાખનાર વાણીઆઓ નાતજાતના કામમાં, વ્યવહારમાં અને પરમાર્થમાં ન્યાય બુદ્ધિથી કાર્ય કરી શકતા નથી. તેનું મુખ્ય કારણ ઉંચી કેળવણીનો અભાવ છે. તિલક કરી મંદિરે જવું એમાંજ ધર્મની સમાપ્તિ માનીએ છીએ, આથી ધર્મના વહેમો મજબુત જડ ઘાલી બેઠા છે, વ્યાપાર રોજગારમાં પણ તાર, આગબોટ અને ટપાલ ખાતાની સગવડથી અન્ય કોમો જેમ આગળ પડતી થઇ છે તેમ ઉચ્ચ કેળવણીના અભાવે આપણે ફાવ્યા નથી માટે ઉચ્ચ કેળવણીની ખાસ આવશ્યકતા છે. બાળ લગ્ન, અધમ સંગત, હલકી પરિસ્થિતિના સંજોગોને લીધે જો કે નાની વયમાં છોકરાઓ ભણવામાં હુશિયાર હોય છે પણ પાછળથી રહેતા નથી અને ગમે તેવા ધંધા રોજગારમાં પડી જાય છે. માટે અયોગ્ય રૂઢિઓ કાઢી નાંખવી જોઇએ અને ઉચ્ચ કેળવણીને ઉત્તેજનાર્થે ફંડો સ્થાપવા જોઇએ;

એ ઠરાવને અનુમોદન આપતાં મુંબાઇના રા. રા. જગમોહનદાસ મોતીલાલ શેઠે કહ્યું કે જાનવર નીચું જોઇ ચાલે છે તે માટે તેમની અધોગતિ થઇ છે. માણસ ઊંચું જોઇ ચાલે છે માટે એની ઉન્નતિ થવી જોઇએ. યુરોપમાં હલકા લોકોને પણ વાંચવાનો શોખ છે, આપણે ત્યાં નવરાસવાળા શ્રીમંતો પણ વાંચતા નથી. એ ઠીક નથી, લક્ષ્મી કોઇની થઇ નથી અને થનાર નથી માટે વિદ્યાનો પ્રચાર કરવા પ્રયત્ન કરવો ઘટે છે.

ડભોઇવાળા રા. રા. નારાયણદાસ પ્રેમાનંદદાસે ટેકો આપતાં જણાવ્યું કે આપણે સર્વ આર્થિક સંપત્તિ સારૂ પ્રયત્ન કરીએ છીએ પણ વિદ્યાસંપતિ સારૂ જોઇએ તેવો પ્રયત્ન થતો નથી એ ખોટું છે, માટે કેળવણી સારૂ પ્રયત્ન કરવો જોઇએ.

આ ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

ઠરાવ બીજો.

રા. રા વીજભુખણદાસ દ્વારકાદાસ નાણાવટીએ બીજો ઠરાવ રજુ કરતાં કહ્યું કે 'આ કોન્ફરન્સ આપણી જ્ઞાતિની સ્ત્રીઓની નૈતિક અને ધાર્મિક અને અન્ય ઉપયોગી વિષયની કેળવણી આપવાની જ્ઞાતિબંધુઓને આગ્રહ પૂર્વક ભલામણ કરે છે' આ ઠરાવ મૂકવા મને સોંપવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે દરેક ઠેકાણે ઉન્નતિના પોકારો થયા કરે છે પરંતુ ફાંફાં છે. હિંદુ સંસાર એકજ પૈડાપર ચાલી રહ્યો છે પરંતુ બીજું પૈડું ભાંગેલું છે કારણકે પુરૂષો કંઇક કેળવાયા છે પરંતુ સ્ત્રીઓમાં તો સાતડેસાત છે. બહારની પવિત્રતા ઉપર બધો ઢોંગ ચાલે છે. પરંતુ નૈતિક અને ધાર્મિક કેળવણીની હદ પારની ખોટ છે, અને હું આશા રાખું છું કે દરેક સ્થળની જ્ઞાતિ આ ધાર્મિક કેળવણી સંબંધી કંઇક કંઇક જરૂર કરશે.

આ ઠરાવને અનુમોદન આપતાં રા. રા. મગનલાલ ભૂખણદાસ શેઠ બી. એ. એલ. એલ. બી. (રાંદેરવાળા) એ જણાવ્યું કે મનુસ્મૃતિ કહે છે કે જે ઘરમાં સ્ત્રીનું પૂજન થાય છે અને તેની સાથે યોગ્ય રીતે વર્તન થાય છે તે કુટુંબને સર્વ દેવતાઓ સુખ શાન્તિમાં રાખે છે, માટે એ પ્રમાણે સ્ત્રીઓને લાયક બનાવવાને માટે તેમને ધાર્મિક અને નૈતિક શિક્ષણ આપવાની આવશ્યકતા છે, અને વળી દેશનો તેમજ જ્ઞાતિનો ઉદ્ધાર કરવા વાસ્તે પણ સ્ત્રીઓને કેળવણી આપવાની જરૂર છે. નેપોલીઅન પણ કહે છે કે દેશનો ઉદ્ધાર કરવાનો સૌથી સહેલો ઉપાય માતાઓને કેળવણી આપવાનો છે.

આ ઠરાવને નાંદોદવાળા રા. રા. અમૃતલાલ જગન્નદાસ કાપડીઆએ વધુ ટેકો આપ્યો હતો. ત્યારબાદ સર્વાનુમતે આ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

સાંજના સર્વે પ્રતિનિધિ અને પ્રેક્ષકોને રા૦ રા૦ શેઠ ત્રિભોવનદાસ દ્વારકાદાસ ડાંગરવા ળાએ ઉત્તમ ભોજન આપ્યું હતું, જેમાં અન્ય જ્ઞાતિના ગ્રહસ્થોએ પણ ભાગ લીધો હતો.

બીજો દિવસ—ઠરાવ ત્રીજો

બીજે દિવસે તા૦ ૨૬-૫-૧૨ રવિવારના રોજ બરાબર સાડા આઠ વાગે કોન્ફરન્સનું કામ શરૂ થયું હતું, અને પ્રમુખ સાહેબે વડોદરાની જ્ઞાતિના શેઠ રા. રા. હીંમતલાલ નાથાભાઇ તલાટીને ત્રીજા ઠરાવની દરખાસ્ત મૂકવાને સૂચવ્યું હતું. તેમણે દરખાસ્ત મૂકી કે "આ કોન્ફરન્સ ભલામણ કરે છે કે આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓની શારીરિક કેળવણી ઉપર વિશેષ ધ્યાન આપવું અને તેઓની શારીરિક સંપત્તિ સુધરે એવા ઉપાય યોજવા." તેમણે જણાવ્યું કે આ શારીરિક કેળવણીનો ઠરાવ જૂદો મૂકવાનું કારણ તેની ખાસ અગત્યતા છે. શરીર એ મકાન છે અને મન એ ફરનીચર છે. જો મકાન પડી જાય તો ફરનીચર ચગદાઇ જાય માટે શરીર જબરૂં બનાવવા ખાસ લક્ષ આપવા જેવું છે. આપણે કમાવા પર ધ્યાન આપીએ છીએ તેનો દશમો હિસ્સો પણ શરીર ઉપર ધ્યાન આપતા નથી. હું કાંઇ છોકરાઓને મલ્લ બનાવવાને કહેતો નથી. પરંતુ તેઓના શરીરનો બાંધો મજબુત રહે અને રોગ મુક્ત રહે એવીજ કેળવણી ખાસ આપવાની મારી મત લબ છે. સ્પાર્ટાના લોકો એક વખત એવા બાંધાના હતા કે તેઓને પરદેશીઓ લૂટી લેતા તેથી તેઓની શારીરિક સ્થિતિ સુધારવા વાસ્તે લાયકરગસે કાયદો બાંધ્યો કે સ્પાર્ટામાં જન્મેલા બાળકને સરકારના હાથમાં તરતજ સોંપવું. પાંચ વરસનું તે બાળક થાય કે તરતજ તેને કસરત કરાવવામાં આવતી અને ત્રીસ વર્ષે તેનાં લગ્ન કરવા દેવામાં આવતા. આથી પરિ ણામે સ્પાર્ટાના લોકો થોડી મુદતમાં બહુ મજબુત બાંધાના થયા અને આખા યુરોપને તેઓ શારીરિક બળને લીધે ત્રાસદાયક થઇ પડયા. આપણે જો શરીરે સશક્ત હોઇએ તોજ આપણા કુટુંબ અને દેશને ઉપયોગી થઇ પડીએ. હાલમાં તો આપણે કલાક બે કલાક કામ કરી તરતજ થાકી જઇએ છીએ. એ સ્થિતિ સુધારવાને આપણાં છોકરાઓને શારીરિક કેળવણી આપવી અને તેમને ક્રીકેટ, ફુટબોલ અને ટેનીસ વિગેરે રમતો રમવાની ફરજ પાડવી શરીર સારૂં હોય તોજ પૈસો ઉપયોગનો છે, અને શરીરે નિરોગી બાળકજ વિદ્યાભ્યાસ પણ કરી શકે છે. વ્યાધિગ્રસ્ત બાળકોનો આખો જન્મારો બગડે છે, તેના જોખમદાર બાળકો નથી પરંતુ મોટે ભાગે માબાપો છે કારણ કે માબાપો શરીરે નિસ્તેજ, ના કૌવત હોય છે અને નાની

વયમાંથી ગૃહસ્થાશ્રમમાં પડેલાજ હોય છે અને તેથી તેમનાં શરીર તૂટી ગએલાં હોય છે. આપણે જાણીએ છીએ કે આ બહુ હાનિકારક છે છતાં આપણે કુવામાં પડીએ છીએ. આને માટે સરકાર, મહાજન અને જ્ઞાતિના આગેવાનો જોખમદાર છે. છતાં પણ આ સ્થિતિ ધીમે ધીમે સુધારવાને વાસ્તે છોકરાંઓની શારીરિક કેળવણીપર ખાસ ધ્યાન આપવું જોઇએ.

ઉપલી દરખાસ્તને ડભોઇના વકીલ રા. રા. હિંમતલાલ દરગોવિંદદાસે ટેકો આપતાં જણાવ્યું કે બ્રહ્મચર્યનો વિનાશ થવાથીજ શરીર નબલું પડી જાય છે. જો આપણું શરીર સારૂં નહિ હોય તો મન પણ સારૂં રહેશે નહિ. Healthy mind in healthy body. બાળકો નબળા પડવાનું બીજું કારણ અભ્યાસનો અતિશય બોજો પણ છે. તેથી મોટી ઉમરેજ છોકરાઓને નિશાળે બેસાડવા જોઇએ, અને પ્રથમથીજ માનસિક કેળવણી સાથે શારીરિક કેળવણીપર પુરતું લક્ષ આપવું જોઇએ. માટે અંગ કસરતની પરિક્ષાઓ લેઇને આપણે પણ ઇનામો તથા સ્કોલરશીપો આપવી જોઇએ.

ઉપલી દરખાસ્તને સુરતના રા. રા. છગનલાલ ચુનીલાલ મહેતા બી. એ. તરફથી ટેકો મળતાં પ્રમુખે હાજર રહેલા ગૃહસ્થોની અનુમતિ લેઇ ત્રીજો ઠરાવ સર્વાનુમતે પસાર થએલો જાહેર કર્યો હતો.

ત્યાર બાદ પ્રમુખ ઉપર ભરૂચ જીલ્લાના મહેરબાન કલેક્ટર સાહેબ ઓટો રોથફીલ્ડની ચિઠ્ઠી આવી પહોંચતાં રા. રા. ઠાકોરલાલ માણેકલાલ ભગત બી. એ. એલ. એલ. બી. એ તેનો ગુજરાતીમાં સારાંશ વાંચી સંભળાવ્યો હતો.

ત્યાર બાદ વિદ્યાર્થીઓએ શારીરિક કેળવણી બાબતનું ગીત (નં. ૩) રા. રા. ભીજભુખણદાસ દારકાદાસ નાણાવટીનું બનાવેલું ગાઇ સંભળાવ્યું હતું.

ઠરાવ ચોથો.

ત્યાર બાદ પ્રમુખની સુચનાથી રા. રા. મોતીરામ નરભેરામ વકીલે (મુંબઇ) ચોથો ઠરાવ વાંચી સંભળાવ્યો હતો કે આ કોન્ફરન્સ ઠરાવ કરે છે કે "જુદે જુદે સ્થળે પ્રચલિત જ્ઞાતિ રીતરીવાજોનું સંશોધન કરવા તથા તે પૈકી અયોગ્ય જણાય તે દૂર કરવા શું ઉપાયો લેવા તેની ભલામણ કરવા નીચલા ગૃહસ્થોની એક કમીટી નીમવી, અને તેમણે પોતાનો રીપોર્ટ હવે પછીની કોન્ફરન્સની બેઠક મળતાં અગાઉ ત્રણ માસ પહેલાં 'દશાલાડ પત્રિકામાં' પ્રસિદ્ધ કરવો અને તે ઉપર વિચાર કરવાનું કામ આવતી કોન્ફરન્સ રૂબરૂ મૂકવું."

કમીટીના સભાસદોના નામો.

શેઠ વનમાળીદાસ નાગરદાસ સુરત.	હીંમતલાલ નાથાભાઇ તલાટી વડોદરા.
ભગવાનદાસ ભીજભુખણદાસ વલસાડ	ચુનીલાલ હરજીવનદાસ દીવાવાળા અંકલેશ્વર
માણેકલાલ નરોતમદાસ નાણાવટી ભરૂચ.	ચુનીલાલ ગીરધરલાલ ડભોઇ.
છગનલાલ પ્રાણજીવનદાશ કઠોર.	ચુનીલાલ જગજીવનદાસ જંબુસર
ત્રીભોવનદાસ શીવલાલ કાલોલ	અમૃતલાલ હરીલાલ નાંદોદ
જગનદાસ મોતીલાલ નાંદોદ	

આ પછી તેમણે જણાવ્યું કે મોજ શોખ કરવાના ઘણા રીવાજો આપણામાં ઘુસી ગયા છે તેથી કરીને તેમની પાછળ હજારો રૂપીઆનો ધુમાડો થઇ જાય છે. કેટલાક રિવાજો તો તદ્દન ખરાબ છે માટે તેમનામાં જમાના પ્રમાણે ફેરફાર કરવો જરૂરનો છે. જો યોગ્ય ફેરફાર ના કરવામાં આવે તો ઠપકાને પાત્ર થઇએ. માટે દરેક ઠેકાણેના રીવાજો જે જુદા જુદા છે તેમના મૂળ શોધી કાઢવાનું અને જે હાનિકારક રીવાજો હોય તેને કાઢી નાંખવાની દરખાસ્ત લાવવાની કમીટીને ભલામણ કરૂં છું.

ઉપલી દરખાસ્તને ટેકો આપતાં રા૦ રા૦ મથુરાદાસ કુબેરદાસે (કાલોલ) જણાવ્યું કે આપણી જ્ઞાતિના ઘણા ખરા તો એવું પૂછડું પકડી બેઠા છે કે તે છોડવું તેમને ગમતું નથી આ ઘણું ખોટું છે. ખોટું હોય તેને છોડી દેવા બધાએ તત્પર થવું જોઇએ. ત્યાર બાદ સર્વાનુમતે પ્રમુખે આ ઠરાવ પણ પસાર થએલો જાહેર કર્યો હતો.

ઠરાવ પાંચમો.

રા. રા. નાનાલાલ લાલભાઇ વકીલે (સુરત) રજુ કર્યો હતો કે " કોન્ફરન્સના ઉદ્દેશો પાર પાડવા માટે 'દશાલાડ પત્રિકા' નો બ્હોળો ફેલાવો કરવા આ કોન્ફરન્સ સખ્ત ભલામણ કરે છે. " એમણે જણાવ્યું કે પ્રમુખ સાહેબનું હૃદય હર્ષથી ભરાઇ આવ્યું હતું તેનું મૂળ કારણ પત્રિકા છે. એને પ્રતાપેજ જુદે જુદે સ્થળે વસ્તા આપણે આજે અહિં ભેગા થયા છીએ. અમુક સ્થળે આપણી જ્ઞાતિ અસ્તિત્વમાં છે કે નહિ તેનું ભાન ત્રણ વર્ષપર આપણને હતું નહિ, પરંતુ ઘણી ખરા માહિતી પત્રિકાથીજ આપણને મળી છે. પત્રિકાનો હેતુ જ્ઞાતિ ઉન્નતિ સિવાય બીજો કોઇ પણ સ્વાર્થ સાધવાનો નથી. પત્રિકાના લેખો વાંચવાથી પ્રત્યેકને લાભ થયો છે, નવા વિચારની જાગૃતિ થઇ છે તેમજ જ્ઞાતિમાં ઉત્સાહ વધ્યો છે, સમયને અનુસરતા સુધારા થવા લાગ્યા છે, આ પત્રિકા સંવત ૧૯૬૬ના કાર્તિકથી શરૂ કરવામાં આવેલી છે. સઘળા લાભ લે એ હેતુથી વાર્ષિક લવાજમ એક રૂપીઓ રાખેલો છે, જે કાંઇપણ પેદાશ કરવાના હેતુથી નહિ, પરંતુ જ્ઞાતિનું હરકોઇ રીતે ભલું થાય એ હેતુથી ચલાવાય છે. એની આવકમાંથી અમુક વ્યકિતની મીલકત થવાની નથી, પણ સમગ્ર જ્ઞાતિને લાભ મળશે. પત્રિકાના કાર્યવાહીઓ કાંઇપણ દામ લીધાવિના કામ કરે છે, જેઓને પગારે રાખવામાં આવે તો માસીક રૂા. ૧૦૦થી ઓછું લે નહિ. બીજો હેતુ જ્ઞાતિ ડીરેકટરી કાઢવાનો છે જેથી આપણને એક બીજાના સ્થળોની સારી રીતે માહિતી મળે. જોકે એ ત્રિમાસીક છે, પરંતુ હાલના સમયે માસીક કરવું સલાહકારક નથી. ન્યાતિની ખબર ત્રણમાસે મળે તે કરતાં મહિને મળે તે સારૂં, પરંતુ એક ચોપાનીઉં પ્રસિદ્ધ કરવાને અંગે કેટલી જાત મહેનતનો ભોગ આપવો પડે છે તે અનુભવ વગર ખ્યાલ આવવો અસંભવિત છે. આગળ જતાં ન્યાતિ ફંડ અને ઉત્સાહ વધે તોજ માસીક કરવું ઉચિત છે. પત્રિકા નિઃસ્વાર્થ બુદ્ધિથી પ્રગટ કરવામાં આવે છે એ તમારી ખાત્રી થઇ હશે. એની વ્યવસ્થા ભરૂચમાં છે છતાં ભરૂચના તડ સંબંધી કોઇને પણ ખોટું લાગે એવો એક શબ્દ આવતો નથી. તેનો એક દાખલો આપું છું કે ભરૂચની ન્યાતનું જે તડ પત્રિકાની વ્યવસ્થા કરે છે તેના સામા પક્ષના શેઠ છગનલાલ નરસીંહદાસ છે, છતાં તેના પ્રથમ વર્ષના પ્રથમાંકમાં તેમના પિતા નરસીંહદાસ શેઠનું જીવન વૃત્તાંત આપવામાં આવેલું છે અને તે ઘટતા શબ્દોમાં લખવામાં આવેલું છે. એનો ફેલાવો ગામે ગામ છે. દૂર કાલીકટ, આફ્રિકા

અને યુરોપમાં રહેનાર દશાલાડ બન્ધુઓ તે મંગાવે છે, અને તેનું લવાજમ માત્ર રૂા. ૧-૦-૦ છે. આપણે પત્રિકાથી એકત્ર થયા છીએ તેમજ જેમ જેમ વખત વહેતો જશે તેમજ આપણા સારા હેતુ વધારે પાર પડતા જશે; આપણા જ્ઞાતિભાઇઓના દાખલાથી સુધરી શકીશું અને તે જાણવાનું સાધન પત્રિકા સિવાય બીજું નથી. સુરત, ભરૂચ, નાંદોદ વિ. સ્થળના લોકો અતિશય ભાવથી એક બીજાને મળે છે અને જાણે એકજ સ્થળના હોય તેવો ભાવ રાખે છે. આપણી ન્યાતના જુદા જુદા ગામના બન્ધુઓ લગ્નની ગાંઠથી જોડાવાનો વખત આવે નહિ ત્યાં સુધી આપણો સંબંધ ટકાવી રાખવાને પત્રિકા મદદગાર થઇ પડશે. એમાં એકલા ભરૂચ સંબંધી નહિ પણ ન્યાતના બીજા સ્થળો સંબંધી પણ માહિતિ આપવામાં આવે છે જે અન્ય સ્થળે અને કોઇ રીતે મળી શકે તેમ નથી. ધંધાર્થે બહાર ગામ રહેનારને પોતાના વતનની સર્વ માહિતી મળે છે. આ પત્રિકા ખાસ દશાલાડ બન્ધુઓના ભલાને માટે ચલાવવામાં આવે છે, માટે જો જ્ઞાતિ બન્ધુ મદદ નહિ કરશે તો અન્ય કોણ કરશે? માટે દરેક બન્ધુએ પોતાનો ધર્મ સમજી પોતાની પત્રિકા સમજી ઉત્તેજન આપવું, અને ગ્રાહક થઇ બીજા ગ્રાહક વધારી બહોળો ફેલાવો કરી યોગ્ય લેખો મોકલી કીંમતી સેવા બજાવવી આવશ્યક છે.

ઉપલા ઠરાવને રા. રા. જમીયેતરામ માણેકલાલે (વલસાડ) ટેકો આપતાં જણાવ્યું, કે મ્હારી ફરજ સમજી જે બે અક્ષર બોલું છું તે પર આપ સર્વ ધ્યાન આપશો. ઘણી બાજુએથી કહેવામાં આવે છે કે ઐક્યતા કરો? પણ તે શાથી થાય? આજે જે કંઇ આપણે ઐક્યતાનુંજ બીજ રોપ્યું છે તે શાને આભારી છે? હું ખાત્રીથી કહું છું તે પત્રિકાને આભારી છે. કહેવત છે કે પુત્રના લક્ષણ પારણામાંથી જણાય તેજ પ્રમાણે પત્રિકાનું જો કે આ ત્રીજું વર્ષ ચાલે છે તો પણ તે કેવું કાર્ય કરી રહી છે તે તેણે મોટા પ્રમાણમાં બતાવી આપ્યું છે. અને તેને માટે આપણે પત્રિકાના વ્યવસ્થાપકોનો આભાર માનવો જોઇએ અને તેનું કામ આગળ ચલાવવાને વાસ્તે અને ઉત્તેજન આપવા વાસ્તે દરેક જણે ગ્રાહક થઇ તેનો બહોળો ફેલાવો કરવો જોઇએ.

બાદ રા. રા. ચુનીલાલ હરજીવનદાસ દીવાવાળાએ (અંકલેશ્વર) વધુ ટેકો આપ્યા બાદ સર્વ ગૃહસ્થોની અનુમતિ લેઇ પ્રમુખે સર્વાનુમતે આ ઠરાવ પસાર થએલો જાહેર કર્યો હતો.

ઠરાવ સાતમો.

ત્યાર બાદ સાતમો ઠરાવ રા. રા. ગીરધરલાલ છગનલાલ કાપડીઆએ (વલસાડ) રજુ કર્યો હતો કે "બાળવિવાહ તથા બાળલગ્ન તથા કજોડાંના લગ્નથી થતાં પરિણામપર આ કોન્ફરન્સ દિલગીરીની નજરથી જુએ છે અને જ્ઞાતિ બંધુઓને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે કે પુખ્ત ઉંમરે પહોંચ્યાં પહેલાં વિવાહ તથા લગ્ન ન કરવાં અને વરકન્યા વચ્ચે ઉંમરનો સારો તફાવત રાખ્યા સિવાય લગ્ન ન થવા દેવા બાબત દરેક ગામના જ્ઞાતિ ગૃહસ્થોએ સંભાળપૂર્વક તજવીજ રાખવી." આ ઠરાવ રજુ કરી તેમણે નીચે પ્રમાણે ભાષણ કર્યું હતું.

મહેરબાન પ્રમુખ સાહેબ, સજ્જન મહાશયો અને સન્નારીઓ.

ભારતવર્ષની અંદર જો કોઇ પણ પવિત્રમાં પવિત્ર સંસ્થા હોય તો તે લગ્નની સંસ્થાજ છે. લગ્ન કર્યા વગર સંસાર શરૂ કરવાનો કાયદેસર હક્ક ઉત્પન્ન થતો નથી અને તેથી સંસાર શરૂ કરવાનો આધાર હમેશા લગ્નપરજ રહે છે અને Hindu marriage is not a civil

contract but a religious sacrament હીન્દુ લગ્ન એ કંઇ (પારસી મુસલમાનોની માફક) સામાજીક કોન્ટ્રેક્ટ નથી પણ એક ધાર્મિક સંસ્કાર છે, અને સંસારમાં પતિ પત્નિ બંન્નેના સુખ દુઃખનો આધાર લગ્નની પસંદગી ઉપરજ રહે છે અને જે વાતપર જીંદગી સુધીના સુખ દુઃખનો આધાર રહે છે તે વાત હમેશાં ઘણીજ સંભાળ પૂર્વક થવાની જરૂર છે અને એટલું તો નકકી છે કે યોગ્ય યા અયોગ્ય જોડાણના સારા યા નબળા પરિણામો જેઓને જાતે વેઠવાનાં છે તેઓ જોડાણ કરતી વખતે પુખ્ત વિચાર કરવાની જેટલી કાળજી રાખી શકે તેટલીજ તેઓનાં નજદીકનાં સગાંવાલાઓ અથવા વાલીઓ રાખી શકે એ બહુજ ઓછું બનવા જોગ છે અને તેટલા માટે લગ્ન કરવાની ઉમ્મર હમેશાં પુખ્ત હોવી જોઇએ અને એ સંબંધમાં આપણે આપણાં પ્રાચીન રૂષી મુનિઓ તથા તવારીખો શું કહે છે તે જાણવું પહેલાં જરૂરનું થઇ પડશે.

સ્મૃતિકારોમાં અગ્રગણ્ય ગણાતા ભગવાન્ મનુ મનુસ્મૃતિ અધ્યાય ૯ શ્લોક ૯૦ માં એવા આશયનું કહે છે કે કન્યાનો વિવાહ ૧૬ વરસની અંદર કરવો યોગ્ય નથી, જ્યારે વૈદિક વિદ્યા medical science નાં પ્રોફેસર મુની ધનવન્તરીજી સુશ્રુત શારીરસ્થ અધ્યાય ૧૦ શ્લોક ૪૭-૪૮ માં એવો અભિપ્રાય જાહેર કરે છે કે ૧૬ વરસની ઉંમર થતાં પુર્વે જો ગર્ભ ધારણ કરવામાં આવે તો શરીરને હાનિ પહોંચે છે, અને પ્રજા નબળી ઉત્પન્ન થાય છે. શાસ્ત્રકારોનાં આ પ્રમાણે અભિપ્રાયો હોવાને લીધે અગાઉના વખતોમાં એથી નાની વયનાં લગ્નો બીલકુલ અસ્તિત્વમાંજ નહતાં અને રામાયણ માહાભારત વીગેરે ગ્રંથો જો આપણે તપાસીશું તો એ વાત ખુલ્લે ખુલ્લી માલમ પડશે. વળી સીતા, દ્રોપદી, દમયંતી વીગેરેને માટે રચાયલા સ્વયંવરો પણ એ વાતની સાબિતીને માટે પુરતા થઇ પડશે અને પુખ્ત વિચારે પતિપસંદ કરવા માટે જેઓ સારૂ સ્વયંવરો રચવામાં આવતા હતા તેઓની લગ્ન કરવાની ઉમ્મર કેટલી હોવી જોઇએ એ સહેજમાં અનુમાન થઇ શકશે. વળી ભીષ્મ તથા ભીમ, દ્રોણાચાર્ય તથા કૃપાચાર્ય જેવા મહા બળવાન પુરૂષો નાની વયના જોડાંઓથી ઉત્પન્ન થઇ શકયા હોય એ તદન માનવા જોગ નથી. અને જ્યારે સ્થિતિ આ પ્રમાણે છે એટલે કે શાસ્ત્રો નાની વયના લગ્નો કરવાની હિમાયત કરતા નથી અને અસલની તવારીખો જોતાં તે સમયમાં નાની વયનાં લગ્નો થતા હોવાનાં દાખલા મળતા નથી, તે છતાં આપણે નાની વયનાં લગ્ન કરવાની નુકશાનકારક હાલની રૂઢી ચાલુ રાખીએ તો પછી આપણે ખરેખર માણસ કહેવાવાને પણ લાયક નથી. એ વાતની તો કોઇપણ સમજુ ગ્રહસ્થ ના પાડી શકશે નહીં.

પણ અહીંઆં આપણને કુદરતી વિચાર એજ ઉત્પન્ન થશે કે જ્યારે અગાઉના વખતમાં નાની વયનાં લગ્નો બિલકુલ અસ્તિત્વમાંજ નહતાં ત્યારે એ રૂઢી દાખલ થવા કેમ પામી ? અલબત્તાં એ જાણવું ઘણુંજ જરૂરનું છે કારણ કે એ જાણવાથી એ રૂઢી હવે કાયમ રાખવી કે નહીં એ સમજવાના આપણે ઘણાં સાધનો મળશે. ભારતવર્ષને કમનસીબે મહાભારતની પાંડવો કૌરવો વચ્ચે લડાઇ થવા પામી અને ત્યાર પછી ભારતવર્ષની અધોગતિની શરૂઆત થઈ. પ્રજામાં પોતાનો બચાવ કરવાની શક્તિ રહી નહીં અને પરદેશીઓનાં હુમલા શરૂ થયા તેમાં મુસલમાનો આખરે ફાવ્યા અને તેઓની સત્તા સનજડ જામી. એ સમયે આપણે આપણું રક્ષણ કરવા ખાતર નાની વયે લગ્ન કરી દેવાની રૂઢી દાખલ કરી દેવાની આપણને ફરજ પડી, પણ ઉપર જણાવ્યું તેમ નાની વયે લગ્નો

કરવાની કોઇ પણ શાસ્ત્રોમાં હીમાયત નહીં હોવાને લીધે "अष्ट वर्षा भवेद् गौरी" વાળો શ્લોક ઉતપન્ન કરવાની જરૂર પડી અને તેમ કરી રૂઢીપર ધર્મનો ગોળ ચઢાવવા જેવું કરવામાં આવ્યું અને વખતના વહેવા સાથે એ રૂઢીએ પાતાળે જડ ઘાલી પણ જે કારણોને લઇને એ રૂઢી દાખલ કરવાની તથા એ શ્લોક ઉત્પન્ન કરવાની જરૂર પડી તે કારણો ભારતવર્ષમાં આપણા નામદાર બ્રિટિશ સરકારનો અમલ બરોબર જામ્યા પછી તદન નાશ પામ્યાં, જેથી લગ્ન કરવાની વય અસલ જેટલી પાછી લંબાવવાની કોશિષો શરૂ થઇ પણ તે સમયે આ શ્લોક નડતો રહ્યો। અને કામ જોઇએ તેટલી ઝડપથી આગલ ચાલવા પામ્યું નહીં. એ શ્લોક ઉપ્તન્ન કરનારે તો ખરેખર ઘણીજ અમુલ્ય સેવા બજાવી હતી પણ તેને ભાગ્યેજ એવી ખબર હશે કે જે કારણોને ખાતર એ શ્લોક ઘુસાડવામાં આવ્યો તે કારણોનો નાશ થતાં પણ હાલની પ્રજા એ ને એ શ્લોક પ્રજાની પાયમાલીનું મુખ્ય કારણ થઇ પડશે. જો કે આપણા સારે નસીબે હવે એ શ્લોક નકામા જેવો થઇ ગયો છે. એ શ્લોક જે જમાનાને માટે જરૂરનો હતો તે જમાનો જ્યારે પસાર થઇ ગયો છે અને સુલેહ શાંતિના સમયમાં રામના રાજ્ય સરખું નામદાર બ્રિટિશ સરકારનું રાજ્ય આપણે માટે પરમાત્માએ નીર્મ્યું છે તો પછી એવા હાલના જમાનાને બીલકુલ નહીં અનુસરતા શ્લોકોનો આશ્રય લેવાની જરૂર નહીં રાખવામાં આવે તો તે કેવળ યોગ્યજ છે.

કારણકે એ શ્લોકે ધર્મને નામે બાળલગ્નની રૂઢી સજ્જડ દાખલ કરી દીધી અને તેનાં પરીણામમાં કાચી વયે સંસાર શરૂ કરવાની રૂઢીએ જડ ઘાલી, અને તેનાં ઘણાંજ માઠાં અને ત્રાસદાયક પરીણામો આવ્યાં છે. એ વાતની તો હવે કોઇથી પણ ના કહી શકાય એમ નથી. કાચી વયે સંસાર શરૂ કરનારાઓનાં શરીરની સ્થિતિ સારી રહેતી નથી, અને તેથી ઘણે ભાગે સંસાર સુખી નીવડતા નથી. તેઓથી ઉત્પન્ન થતી પ્રજા પણ નબળા બાંધાની અને નાકોવતવાન તેમજ કેટલીક વખત રોગિષ્ટ થાય છે, અને તેથી કુંટુંબની દોલત મોટે ભાગે દવાદારૂ પાછળ ખરચ કરવામાંજ બરબાદ કરવી પડે છે.

તબીયત નાદુરસ્ત રહેતી હોવાને લીધે ધંધો રોજગાર કે નોકરીમાં જોઇએ તેટલી પ્રવૃતિ રાખી શકાતી નથી, અને કોઇપણ જાતનો ઉત્સાહ રહેતો નથી. ગુજરાનનાં સાધન જેટલું વેપાર યા નોકરીમાંથી મળતું ન પણ હોય, તોપણ ગામ અથવા ગામડું જ્યાં પડયા હોઇએ ત્યાંથી વેપાર વીગેરે અર્થે દેશ દેશાંતર જવાનું મન થતું નથી. એ તો દેખીતું છે કે ઉત્સાહ વગર વેપાર યા નોકરીમાં આગળ વધાતું નથી. અને એવી રીતે આગળ વધ્યા વગર દ્રવ્યની પ્રાપ્તિ થતી નથી અને દ્રવ્ય વગર કુટુંબનું યા કોમનું ભલું થઇ શકતું નથી. પરિણામમાં હાલત નિર્ધન અને ગરીબ થતી ચાલી જાય છે અને એવી કંગાળ હાલતની અંદર કુટુંબનાં માણસોને પૈસાને અભાવે જોઇતી કેળવણી આપવાનું બની શકતું નથી.

તબીયત નાદુરસ્ત ચાલી આવતી હોવાને લીધે મગજની વિચાર કરવાની તથા વાત સમજી ગ્રહણ કરવાની શકિત ધીમે ધીમે નબળી થતી જાય છે અને તેથી કુટુંબનું તેમજ કોમનું કયા અને કેવા ઉપાયોથી ભલું થાય એ બાબત પુખ્ત વિચાર થઇ શકતો નથી, એટલું જ નહીં પણ ભલાના ઉપાયો વિદ્વાનો તરફથી સુચવવામાં આવે તો તેની ઉપયોગિતા તેમજ અગત્યતા સમજવાની પણ શકિત હોતી નથી અને તેથી તેવા ઉપાયોની કદર કરવાને બદલે ઉલટા તેના શત્રુ નીવડે છે.

વળી કેળવણી સંપાદાન કરવામાં પણ એ રૂઢી મોટી વિઘ્નરૂપ તથા ઘાતકી થઇ પડે છે. સ્કુલમાં અભ્યાસ કરતા હોય છે પણ જ્યાં સંસાર શરૂ કરવામાં આવે છે કે પછી સ્કુલનાં લેસનો કરતાં સંસારનાં પાઠોપર વધુ ધ્યાન આપતા થઇ જવાય છે એટલે પરિણામમાં કેળવણીમાં આગળ વધાતું નથી, અને સ્કુલને છેવટના નમસ્કાર કરવા પડે છે; અને જોઇતી કેળવણી સંપાદાન કરાયલી નહીં હોવાને લીધે ત્યાર પછીની જીંદગી પણ મોટે ભાગે કુટુંબને તેમજ કોમને ફાયદાકારક નિવડતી નથી.

વિશેષ કરીને કાચી વયે સંસાર શરૂ કરવાનું માઠું અને ત્રાસદાયક પરિણામ તો એ આવે છે કે જુવાન સ્ત્રી પુરૂષોનાં મરણો મોટા પ્રમાણમાં થાય છે અને એ વાત એટલાજ પરથી ખુલ્લે ખુલ્લી માલમ પડશે કે આપણી માનવંત માયાળુ બ્રિટિશ સરકાર દશદશ વરસે વસ્તીની ગણત્રી કરાવે છે અને તેમાં હીંદુસ્થાનની વસ્તીમાં વધારોજ થતો માલમ પડે છે, જ્યારે આપણે દિલગીરી સાથે અત્રે નોંધ લેવી પડે છે કે એ ગણત્રીની અંદર આપણી કોમનો વધારો જણાવવાને બદલે ઉલટો ઘટાડો માલમ પડે છે અને એ ઘટાડાના કારણોમાંનું આ રૂઢી પણ એક મજબુત કારણ છે.

ઉપલા કારણોની બારીકીથી તપાસ કરવાથી ખચ્ચીતજ આપણને માલમ પડશે કે આપણી કોમને આ પ્રમાણેની સ્થિતિએ પહોંચાડવામાં કાચી વયે સંસાર શરૂ કરવાની રૂઢી જેટલી જવાબદાર છે તેટલી ભાગ્યેજ કોઇ બીજી હશે માટે કોમના ભલા ખાતર એ રૂઢીનો જેમ બને તેમ જલ્દીથી નાશ થવાની જરૂર છે એ વાતની તો કોઇપણ સમજુ ગ્રહસ્થ હવે ના પાડી શકશે નહીં અને એ રૂઢી નાબુદ કરવાનો જો કોઇપણ અસરકારક ઉપાય હોય તો તે એજ કે છોકરા છોકરીનાં લગ્નની વય ઘણીજ સંભાળપુર્વક નક્કી થવી જોઇએ કે જેથી ઉપર જણાવેલાં પરિણામો જોવાનો વખત ભાગ્યેજ આવે.

કાચી વયે સંસાર શરૂ કરવાની રૂઢી નાબુદ કરવાનાં સંબંધમાં મી. મલબારીએ આપણી નામદાર બ્રિટિશ સરકાર પાસે Age of consent Bill સંમતિ વયનો કાયદો પસાર કરાવી ઘણીજ અમુલ્ય સેવા બજાવી છે તેમજ વડોદરાના નામદાર મહારાજા ગાયકવાડે Infant marriages Prevention Act બાળલગ્ન અટકાવનારો કાયદો પસાર કરી અનહદ ઉપકાર કર્યો છે જો કે એ બંન્ને એકટોમાં ઠરાવેલી ઉમર હાલનો સમય અને સંજોગો જોતાં જોઇએ તેટલી પુરતી નથી. તોપણ આજે આપણને એથી આગલ વધવાને માટે પગથીઆં રૂપે ઘણીજ ઉપયોગી થઇ પડી છે અને આપણી અડચણો એ સંબંધમાં એટલી બધી દુર થઇ ગઈ છે કે જો એમ કહેવામાં આવે કે હવે લગ્નની હાલની વય લંબાવવા માટે બીલકુલ મુશકેલીઓ રહી નથી તો તે ખરેખર ખોટું તો નહીંજ ગણાય.

કેળવણીમાં આગલ વધેલી કેટલીક વણીક કોમો તો એ રૂઢીને લગભગ તિલાંજલી આપી ચુકી છે અને ૧૬ વરસની અંદર છોકરીઓ નહીં પરણાવવી એ તો જાણે તેઓમાં એક સાધારણ રીવાજ થઇ પડયો છે; અને આપણને માટે તો હીંમતથી તેઓનું અનુકરણ કરવાનુંજ બાકી રહ્યું છે.

ટુંકમાં આ સઘળા ઉપરથી એટલું તો ખુલ્લે ખુલ્લું જણાશે કે કાચી વયે સંસાર શરૂ કરવાની રૂઢીને જો નાબુદ કરવામાં આવે એટલે કે છોકરા છોકરીઓનાં લગ્ન કરવાની

હાલની વય જો પુરતી લંબાવવામાં આવે તો તે દરમ્યાન કેળવણી સંપાદન કરવાનો સારો અવકાશ મળે અને તેથી કેળવણીનું પ્રમાણ દીનપરદીન આપણી કોમમાં વધેલું જાય, ભવિષ્યની પ્રજામાં સારી તંદુરસ્તી ઉત્પન્ન થાય અને કેળવણીના પ્રભાવે દેશ દેશાંતર જઇ વેપાર વીગેરે ખેડવાનો ઊત્સાહ રહે અને યોગ્ય અયોગ્ય ખર્ચોની પિછાન કરતાં શીખે અને તેથી કોમની આર્થિક સ્થિતિ પણ સુધરે અને પરિણામમાં કોમની ઊન્નતિના દીવસો ઘણાજ નજદીક આવે.

આ ઠરાવને વધુ ટેકો આપતાં રા. રા. શેઠ ચીમનલાલ કાળીદાસે (સણુરભાઇ) (જંબુસર) જણાવ્યું કે—

મહેરબાન પ્રેસીડન્ટ સાહેબ, જ્ઞાતિ બંધુઓ તથા સન્નારીઓ,

રા. રા. ગીરધરલાલભાઇએ જે દરખાસ્ત મુકી છે તેને અનુમોદન આપવાનું મને સોંપવામાં આવ્યું છે. સમસ્ત ભાઇઓ ઠરાવનું ઉપયોગિપણું સ્વીકારશે એમાં કંઇ સંશય નથી. લાંબા વખતના અનુભવ ઉપરથી આપણે જોઇએ છીએ કે બાળકોના કવેળાના લગ્નથી તથા અયોગ્ય ઉમરના બાળકોને લગ્નની ગાંઠથી જોડવાથી ઘણાં ભયંકર પરિણામો નિપજે છે. પરણનાર સ્ત્રી પુરૂષોની શારીરિક સ્થિતિ ખરાબ થાય છે. આખી જીંદગી અસહ્ય દુઃખો ભોગવી પસાર કરવી પડે છે. એવાં લગ્નોથી થએલી પ્રજા નિર્માલ્ય અને કમ અકકલની થાય છે અને સર્વત્ર રીતે દિવસે દિવસે આપણી જાતની પડતી થાય છે. બીજી જ્ઞાતિની સાથે સરખામણી કરવામાં દુનીયામાં આવી કટોકટની હરીફાઇમાં આવી પ્રજા દરેક રીતે પાછળ પડે છે. વિધવાઓ અને કુંવારાઓની સંખ્યા વધતી જાય છે અને આખરે જ્ઞાતિનો ક્ષય થાય છે. કેટલેક સ્થળે જ્ઞાતિઓ નાબુદ થઇ ગઇ છે અને કેટલેક સ્થળે નાબુદ થવાનાં ચિન્હો દેખાય છે. હજુ ચેતીને ચાંપતા ઉપાયો લેવામાં આવશે તો ભવિષ્યમાં થતી ખરાબી અટકશે. વિધવાઓની દયાજનક સ્થિતિ માટે દરજાજે આ નઠારા રીવાજને આભારી છે અને ભવિષ્યમાં આવા દુઃખદ પ્રસંગ આપણી નજર આગળ ન બને તેને માટે દરેક જ્ઞાતિના આગેવાન ગૃહસ્થોની ફરજ છે કે ચોકસ ઠરાવો કરી પોતાની વસ્તીને અનુકુળ આવે તે પ્રમાણે લગ્નની ઉમરની હદ ઠરાવવી; તેમજ વિવાહની ઉંમરની હદ ઠરાવવી. તેમજ ઘણી મોટી ઉમરે પહોંચેલા માણસને છેક કુમળી વયની છોકરીઓ સાથે જોડી દેવાની તેમજ કન્યા કરતાં નાની ઉમરના વરની સાથે લગ્ન કરવાની બદી અટકાવવાને માટે જોઇતા સુધારા કરવા. આ વિષયમાં બધાને અનુકુળ આવે એવી હદ ઠરાવવી વાસ્તવિક ગણાતી નથી. લગ્નને હેતુ શું તે દરેક માણસ સમજશે. દરેક માણસની આ દુનીયામાં શું શું ફરજો છે તેનો સારો ખ્યાલ બાંધશે તો તેણે કયે રસ્તે કામ લેવું એ તેને આપોઆપ સૂઝશે. આવાં કામમાં ખોટી મોટાઇ, ખોટાં કુળનાં અભિમાન, પૈસાનો લોભ, કીર્તિનો લોભ વિગેરે ઉપર ધ્યાન આપી પોતાના છોકરાંઓના હિતાહિતનો વિચાર ન કરતાં વડીલ તરીકે પોતાની ફરજોમાંથી ચુકે છે તે માબાપોને માથે પોતાના બાળકોના હંમેશના નિસાસા પડે છે અને ન્યાત અને દેશની પડતીના સહાયક થવા માટે આ દુનીયામાં તથા પરદુનીયામાં તેનાં પરીણામો ભોગવવાં પડશે.

રા. રા. દલસુખભાઇ ચુનીલાલ વકીલે (વડોદરા) ટેકો આપતાં જણાવ્યું કે વરકન્યાની ઉંમરમાં તફાવત રાખવામાં આવતો નથી તેથી માઠાં પરિણામો નીપજે છે તે આપણે જોઇએ છીએ. કહેવત છે કે પહેલું સુખ તે જાતે નર્યા; પણ શરીર કયાંથી સારૂં રહે ? આપણામાં



સ્વર્ગવાસી શેઠ મોતીલાલ જમનાદાસ શેવકલાલ.

જે પી એમ. આર. એ એમ

જસ્ટીસ ઓફ ધી પીસ, ઓનરરી મૅજીસ્ટ્રેટ, મ્યુનીસીપલ
કાઉન્સીલર વિગેરે.

જન્મ	મરણ
સંવત ૧૯૧૬ ના માહા વદ ૨	સવત ૧૯૬૬ ના ચઈતર વદ ૬

બાળ લગ્નનો કુચાલ જડ ઘાલી બેઠો છે. ડભોઇમાં બે વરસની છોકરી અને ૧ વસનોદિ વર એ પ્રમાણે વિવાહ થાય છે. આથી શરીર સારૂં હોતું નથી, પૈસા સારી રીતે કમાઇ શકાતા નથી અને તેથી બાળબચ્ચાંને કેળવણી આપી શકાતી નથી. પરિણામે શરીરથી અને મનથી છોકરાઓ દુઃખી થાય છે.

રા. રા. હરગોવિંદદાસ હીંમતલાલે (વડોદરા) જણાવ્યું કે બાળલગ્નનું મુખ્ય કારણ પૈસાદારને ઘેર દીકરી આપવાનો મોહ છે. રખેને બીજો કોઇ વિવાહ કરી દેશે એ બીકથી નાનપણમાંથી પોતાની છોકરી પૈસાવાળાને ત્યાં આપી દે છે. કોઇ વખતે ખર્ચ બચાવવાને વાસ્તે મોટી છોકરીનાં લગ્ન ભેગાં નાની છોકરીનાં લગ્ન પણ કરી દેવામાં આવે છે. આ પ્રમાણે આપણે કરવું જોઇએ નહિ, કારણકે ખોટા લોભને લઇને આપણે આપણી વહાલી દીકરીઓનો ભવ બગાડીએ છીએ.

રા. રા. શેઠ હીંમતલાલ નાથાભાઇ તલાટીએ (વડોદરા) કહ્યું કે બાળલગ્નથી કજોડાં ઉત્પન્ન થાય છે અને નાતમાં ઘણી વિધવાઓ હોવાનું કારણ પણ બાળ લગ્ન છે માટે એ નાબુદ કરવાની ખાસ જરૂર છે.

રા. રા. શેઠ વીજાભાઇ ઇચ્છારામ કણીઆએ (સુરત) ઠરાવને અનુમોદન આપતાં જણાવ્યું કે બાળલગ્નમાં બે મુદ્દા સમાએલા છે. એક તો પૈસાદારને ત્યાં છોકરી આપવાની પડાપડ થાય છે કારણ કે લોકો એવું ધારે છે કે પૈસાદારને ત્યાં છોકરીને કામ કરવું પડશે નહિ અને સારાં લૂગડાં અને દાગીના પહેરવાના મળશે. પરંતુ વર મૂર્ખ કે નબળો નીકળશે તેની ખાતરી કરવા સંબંધી લોકો વિચાર કરતા નથી. છોકરીની ઉમર કરતાં છોકરાની ઉમર સાત વર્ષ વધારે જોઇએ એવો ઠરાવ દરેક સાજનું કરે તો આવા બનાવો બનવા પામે નહિ. પત્રિકાથી આ કોન્ફરન્સ ભરૂચત્રાસીઓએ મેળવી. પણ જો કોઇ પૂછે કે કોન્ફરન્સમાં શું કરી આવ્યા તો આપણે કહીશું કે કોન્ફરન્સમાં ખૂબ આનંદ થયો; કેટલાક સુધારા મૂકાયા. પરંતુ આ સુધારા કાગળ પર છે અને જો એ સુધારા અમલમાં મૂકશો નહિ તો જે કમીટી નીમાઇ છે તે રીપોર્ટ કરશે કે ફલાણા ગામમાં કશા સુધારા થયા નથી તો તે ગામવાળાને શરમાવું પડવાનું માટે મારી અત્રે પધારેલા સર્વે શેઠીઆઓને વિનંતિ છે કે તેમણે પોતાની જ્ઞાતિમાં બને તેટલા સુધારા કરવા તેમાંજ આપણું ભૂષણ છે.

ત્યાર બાદ રા. રા. વીજભુખણદાસ દ્વારકાદાસ નાણાવટીએ બનાવેલું ' કજોડાં ઉપહાસ ' નું ગીત (નં. ૪) વિદ્યાર્થીઓએ ગાઈ સંભળાવ્યું હતું અને સર્વની અનુમતિ લઇ આ ઠરાવ સર્વાનુમતે પસાર થયેલો પ્રમુખે જાહેર કર્યો હતો, અને બપોર માટે સભા મુલતવી રાખી હતી.

સાંજના બરાબર ચાર વાગે પ્રમુખે આવી દરેક ગામના ડેલીગેટોની જાતે કોન્ફરન્સના થીએટરની અંદર મુલાકાત લીધી હતી, બાદ તેઓએ પોતાની બેઠક લીધી હતી. આરંભમાં વિદ્યાર્થીઓએ પ્રભુ પાર્થનાનું ગીત ગાયું હતું.

તા. ૨૬ મે બપોરે ઠરાવ છઠ્ઠો.

ત્યાર બાદ છઠ્ઠો ઠરાવ હાથ ધરવામાં આવ્યો હતો. રા. રા. નગીનદાસ જે. મોદી. એલ. સી. ઇ. (મુંબઇ) એ દરખાસ્ત મેલીકે " આ કોન્ફરન્સ ભલામણ કરે છે કે આપણી જ્ઞાતિમાંથી જેમ બને તેમ અયોગ્ય ખર્ચો બંધ કરવા." તેમણે જણાવ્યું કે ઘણા માણસો ગજા

ઉપરાંત વગર શક્તિએ ભોજન ખર્ચ કરે છે અને વ્યાજ ભરે છે. આથી દેવાદાર થાય છે અને સ્થિતિ દિનપર દિન નબળી થતી જાય છે, કેળવણી લેવાતી નથી અને પરિણામે નાની નોકરીમાં દાખલ થવું પડે છે. હંમેશને માટે આર્થિક સ્થિતિ નબળી રહે છે જેથી પૈસાદાર કુટુંબો પણ ગરીબ સ્થિતિમાં આવી જાય છે. આપણે જે શાહ કહેવાતા હતા તેમને હવે નોકરી કરવાનો વખત આવી લાગ્યો છે અને ખરાબ સ્થિતિ થઇ ગઇ છે. જ્ઞાતિ ભોજનમાં પૈસા ખર્ચવા કરતાં કેળવણીમાં ખર્ચવા અને નિરાશ્રિતને મદદ .આપવામાં આવે તો ઠીક થાય; જે સુકાઇ ગએલા ઝાડને પાણી પાવા જેવું છે, જેનો દાખલો બેસાડવા માટે શ્રીમંતોએ પહેલ કરી એવા ખર્ચ પોતેજ બંધ કરવા જોઇએ.

ઉપલા ઠરાવને અનુમોદન આપતાં રા૦ રા૦ જેકીસનદાસ મંછારામ ભાગલીઆએ (સુરત) જણાવ્યું કે,

મહેરબાન પ્રમુખ સાહેબ, જ્ઞાતિ બન્ધુઓ તથા સન્નારીઓ.

મ્હારા જ્ઞાતિ બન્ધુ રા૦ રા૦ નગીનદાસ મોદીએ જે દરખાસ્ત મુકી છે તેને અનુમોદન આપવાનું મને સોંપવામાં આવ્યું છે, તેમાં જે કાંઇ ખામી માલમ પડે તેને માટે માફી ચાહું છું. કરકસર જે એક કમાણી કરતાં પણ મોટું સાધન છે કે "વણિકની કસર અને વહોરાની સફર" તે હાલના કટાકટીના સમયમાં બહુ જરૂરી છે. મારા અનુભવથી કહું છું કે એક ગૃહસ્થને ત્યાં લગ્ન હોય તે એવા ઠાઠમાઠથી વરો કરે કે પાંચસો માણસના ભોજન પાછળ રૂ. ૭૦૦/૮૦૦નો ખરચ થાય, જેમાં પુરેપુરો બિગાડ થાય; તે ગૃહસ્થ ઉમંગથી કરે તેને ભારે પડે નહિ પરંતુ તેનો ઉપયોગ કરનાર ભાઇઓને જેમ કચરાની પેટીમાં બધી વસ્તુ પડે છે તેમ એકી વખતે પાંચ પચીસ ચીજોનું ભોજન લેવું પડે છે, જેમાંથી ભોજન કરાવનાર કે કરનારને ફાયદાકારક પરિણામ આવતું નથી; એમાં દેખીતી રીતે નુકસાન છે. દાખલા તરીકે સાધારણ સ્થિતિના એક ગૃહસ્થને એકજ પુત્ર હોય તેના લગ્ન પ્રસંગે તેના સગાં વ્હાલાં સ્નેહી તથા મિત્રો કહેશે કે તારે એકજ પુત્ર છે તો શા માટે ઓછું કરે છે? તેથી પેલા ગૃહસ્થના જેવું જ્ઞાતિ ભોજન કરવાની ફરજ પડે છે. એક ગૃહસ્થ જેને ઘરમાં શાક પણ ખાવાની ટેવ હોતી નથી તે પણ પેલા ઉદાર ગૃહસ્થનું અનુકરણ કરી પૈસાનો ગેર ઉપયોગ બીજાના દેખાદેખી અને મોટાઇનું આડંબર કરી કરે છે જે હાનીકારક છે; માટે દરેક ખરચ રીતસર અને સાદા જે સમાજને હીતકર્તા થઇ પડે તેવા રાખવાની જરૂરીઆત છે પરંતુ ઉપર મુજબ ઉંચા પ્રકારના પદાર્થો જમીનપર ધુળમાં રગદોળાઇ પૈસાનો ગેર ઉપયોગ ન થાય તે લક્ષમાં રાખી મોટા ખર્ચને મર્યાદામાં લાવવા ચુકશો નહિ. બીજું લગ્ન પ્રસંગે આનંદ પ્રાપ્ત થવો જોઇએ તેને બદલે ઉચાટ એટલા માટે થાય છે કે લાંબા સાથે ટુંકો જાય તો મરે નહિ પણ માંદો થાય એ કહેવતાનુસાર પોતાની માલ મીલકત અને ઘર સુદ્ધાંનો ગેર ઉપયોગ કરી પોતાના વ્હાલાં બચ્ચાંઓને રવડાવવાનું કરે છે માટે એકમતે સાદા ઠરાવો થવાની જરૂર છે. સીમંત સમયે જે ખર્ચ કરવાનો અનાદીકાળથી રિવાજ ચાલતો હતો તેમાં કેટલાક શહેરો અને ગામોમાં વિદ્યાદેવીના પ્રતાપે તે ખરચ અઘટિત અને બીન જરૂરી ગણી કમી કરવાના ઠરાવો કેટલીક જ્ઞાતિએ કરેલા છે, માટે જ્યાં તેવા રીવાજ હજી ચાલુ હોય તે ખરચને સંકોચી તદ્દન બંધ કરવા. એ ખરચથી કોઇ પ્રકારે લાભ હોય એવું શાસ્ત્રથી સિદ્ધ થતું નથી, પરંતુ રૂઢીને દેખાદેખી ખરચનું મહત્વ બહુ પ્રબળ અને મોટું

થવો તે સદંતર બંધ કરવાનું કારણ સ્પષ્ટ રીતે જાણવામાં આવ્યું છે, જે ઘણી જગ્યાએ બંધ થયું છે અને આ પછી થશે જે સર્વને લાભકારક છે.

ત્યારબાદ રા૦ રા૦ શેઠ નાથાભાઇ ફકીરભાઇ કીનખાબવાળાએ (સુરત) જણાવ્યું કે વરાવાજન સિવાયના કેટલાક અયોગ્ય ખર્ચો ચાહ, બીડી, તમાકુ જેવા પણ બંધ કરવા જેવા છે.

રા૦ રા૦ જેકીશનદાસ રણછોડદાસે (વેલાછા) પણ તેરમા બંધ કરવા સખ્ત વિવેચન કર્યું હતું અને રૂ૦ ૨૫) ઇનામ આપવા જણાવ્યું હતું.

રા. રા. શેઠ ભગવાનદાસ બ્રીજભુખણદાસ શ્રોફે (વલસાડ) આ ઠરાવના ટેકામાં ભાષણ કર્યું હતું.

મહેરબાન પ્રેસીડન્ટ સાહેબ, સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓ,

આપણી ન્યાતમાં મરણ પ્રસંગે ન્યાતિ જમણમાં પૈસો બરબાદ કરવામાં આવે છે. જયારે કોઇનું પણ મૃત્યુ થાય છે, ત્યારે સાધારણ રીતે ઘરનાં માણસોને દુઃખ ઉપજે છે. માટે તેને ત્યાં તેની પાછલ રહેલાં માણસોને દિલાસો આપવાને બદલે તેને ત્યાં સારાં સારાં મિષ્ટાન ભોજન ઉડાવવાં એ ઘણો નાપસંદ કરવા જેવો રીવાજ છે તેમજ સીમંતને પ્રસંગે જે ખરચવરા કરવાનો રીવાજ ચાલ્યો આવે છે તે બીલકુલ નકામો અયોગ્ય તેમજ ધિક્કારવા જોગ છે તથા લગ્ન પ્રસંગે પણ હદની ઉપરાંત ગંજાવર ખરચો કરવાનો જે રીવાજ છે તે કોમને નિર્ધન સ્થિતિમાં લાવવા જેવું છે; પરંતુ જમાનાઓ થયા દાખલ કરેલા રીવાજ કાઢી નાંખવામાં જુના વીચારના માણસો અને સ્ત્રીઓના તરફથી આપણને ઘણી મુશ્કેલીઓ નડે છે. આવા ખરચો ગરીબ તેમજ તવંગર સર્વને દુનીઆના મોટા ધાકને લીધે કરવા પડે છે કેટલીક વખત એવું બને છે કે ઘરધણીને પોતાની કીંમતી જણસો તથા માલ મીલકત વેચીને પણ ખરચો કરવાની ફરજ પડે છે. કારણકે જો ખરચ નહીં કરે તો ન્યાતના લોકો ઠપકો આપે અને ઘરડાના નામને ડાઘ લાગે એવી માન્યતાએ જડ ઘાલેલી હોય છે. પરંતુ શું તમાચો મારી મોઢું લાલ રાખવુંને નિર્ધન અવસ્થામાં આવી પડવું એ ડહાપણ ભરેલું છે? એવા ઘણા દાખલાઓ તપાસ કરવાથી માલમ પડશે કે કુટુંબ બહોળું હોવાને લીધે અને આવા આવા ખરચો વખતો વખત કરવા પડતા હોવાને લીધે અને કમાણીનાં સાધન ઘટતાં હોવાને લીધે ઘણાં કુટુંબો પાયમાલ થઇ ગયાં છે અને હજુપણ જ્યારે આપણે આપણી ભુલ જોઇ છે ત્યારે તે સુધારીએ નહીં અને છે તે ને તે સ્થિતિમાં રહેવા દઇએ તો જરૂર આપણે દીવો લઇ કુવામાં પડયા જેવું કરીએ છૈએ. આજના વખતમાં કમાણીનાં સાધન ઘટયાં છે, આપણી ન્યાતમાં ગરીબાઇ ઘણી છે. ન્યાતી જમણવારનું કામ એવું છે કે મોટાનું જોઇ નાનો પણ તે મુજબ કરે છે. અને કેટલીક વખત એક બીજા ઉપર સરસાઇ ભોગવવા તૈયાર થાય છે અને તે વખતે આપણામાં કહેવત છે કે, 'મોટા પાછળ નાનો જાય, મરે નહી તો માંદો થાય' તેવું બને છે. કેટલીક વખત એમ કહેવામાં આવે છે કે શું આવા ખર્ચો દાખલ કરવામાં આપણા વડવાઓ ગાંડા હતા? તેઓનામાં અક્કલ નહીં હતી? અક્કલવાળા તો આજે આપણેજ નીકળ્યા! તો તેને મારો એ જવાબ છે કે તેઓની દુનિયા તે ફક્ત તેઓનું ગામજ હતું. તેઓના વખતમાં આજના જેટલી કેળવણી હતી નહીં. તેઓને આપણો દેશ કેટલો ગરીબ છે, દેશની અંદર નિરાધાર, અનાથ, અપંગ, વિધવાઓ વિગેરે કેટલાંક માણસોને રોજનું પુરૂં ખાવાનું

પણ મળતું નથી. મદદ વગર રખડતા, રઝળતા અને દુઃખી જીંદગી ગુજારતા કેટલા માણસો હશે તેનો જરાપણ ખ્યાલ હતો નહીં પરંતુ જ્યારે આપણે નામદાર સરકારના પ્રતાપથી થોડી ઘણી કેળવણી પામી જાણ્યું છે કે આપણા દેશની અંદર તેમજ ન્યાતની અંદર અભણ ગરીબ નિરાધાર વિધવાઓની સંખ્યા ઘણી છે અને તેઓ દુ ખના દરીયામાં ગરકાવ થએલા જણાય છે, ત્યારે તેઓને પૈસાની મદદ કરવાને બદલે આવા ખોટા ખરચો કરવા પાછળ પૈસા બરબાદ કરીએ છીએ એ માણુસાઇને છાજતી રીત નથી.

આવા કઢંગા અને ખરચાલુ રીવાજ આપણા વડીલોએ જમાનાઓ પહેલાં દાખલ કરેલા હોવા જોઇએ. ભલે એ રીરાજ તે તખતમાં અનુકૂલ હોય પરંતુ હાલના જમાનામાં એવા ખરચો કરવા એ વાસ્તવિક નથી. હાલની આપણી ન્યાતની સ્થિતિ તથા આસપાસના સંજોગો અગાઉ કરતાં એવા બદલાઇ ગયા છે કે જો આવા નુકશાન કારક રીવાજ વધુ વખત ચાલુ રાખવામાં આવે તો આપણી ન્યાત જરૂર આથી પણ અધમ સ્થિતિએ પહોંચે અને આગલ વધવાને બદલે પાછળ પડે.

આવા ખરચો કમી કરવામાં દરેક ગામની પંચે ઠરાવ કરવો જોઇએ કારણકે જો પંચના તરફથી ઠરાવ થાય તો તેમાં કોઇને કાંઇ બોલવાનું રહેતું નથી, પરંતુ દીલગીરીની વાત એ છે કે જ્યાં પંચમાં થોડા બીનસ્વાર્થી માણસો ન્યાતના ભલા ખાતર જે કાંઇ ઉપયોગી ઠરાવ રજુ કરે તો તેને પહેલી તકે નહીં સંમતિ આપવાનો જુના વિચારના માણુસોનો સ્વભાવ છે. પંચના ઠરાવને અનુસરી ચાલવું એ દરેક માણુસની ફરજ છે પરંતુ ન્યાતના કમનસીબે જો તેમ કરવું નહીં બની આવે તો ન્યાતના શ્રીમંતોએ પોતાને ત્યાંથી આવા ખરચો તદન કહાડી નાંખી જાહેર હિંમત બતાવવી અને એમ કરી ગરીબ જ્ઞાતિબંધુઓને અયોગ્ય ખરચો કમી કરવામાં મદદરૂપ થવું. જો શ્રીમંત માણસો આમ કરવા મન પર લે તો તેઓ પણ આવી બાબતમાં ન્યાતની કીમતી સેવા કરેલી ગણી શકાય અને ડુબતા માણસોને બચાવ્યાં જેવું થાય.

તેથી એવા અયોગ્ય ખરચો પાછળ ખરચાતા પૈસાનો કેળવણીના વધારાનાં કામમાં ઉપયોગ થવો જોઇએ. આપણી ન્યાતમાં કેળવણીની વૃદ્ધિ થવાની ખાસ જરૂર છે. કેળવણી વગર કોઇ પણ ન્યાતની ઉન્નતિ થઇ શકતી નથી માટે એ પૈસો ન્યાતના ગરીબ વિદ્યાર્થીઓ જેઓ પૈસાની તંગીને લીધે કેળવણી લઇ શકતા ન હોય તેને કેળવવામાં તથા નિરાધાર કુટુંબનાં માણસોને તથા અનાથોને મદદ કરવામાં તથા નિરાધાર વિધવાઓ જેઓને ગુજરાનનું સાધન ન હોય તેઓને મદદ કરવા વીગેરે ઉપયોગી કામમાં ખરચાય તો જરૂર આપણી જ્ઞાતિની ઉન્નતિ થાય તેમાં અજાયબ જેવું નથી.

ઉપલી દરખાસ્તપર કેટલાક ગૃહસ્થોએ વિવેચન કર્યું હતું ત્યાર બાદ તે સર્વાનુમતે પસાર થએલી જાહેર કરવામાં આવી હતી.

ઠરાવ આઠમો

ત્યાર બાદ રા. રા. અંટોળદાસ હરગોવનદાસ બી. એ. એલ. એલ. બી એ (ભરૂચ) દરખાસ્ત મેલી કે "આ કોન્ફરન્સ જ્ઞાતિના ગૃહસ્થો તરફથી ધર્મને નામે ખર્ચાતાં નાણું હાલ ચાલતા રીવાજો કરતાં વધુ ઉપયોગી રીતે જ્ઞાતિની ઉન્નતિના કામમાં ખરચવા ભલામણ કરે છે." તેમણે જણાવ્યું કે આ સવાલ ઘણો જરૂરનો છે, એ કાંઇ બ્રાહ્મણો કે ધર્મ ગુરૂઓ ઉપર આક્ષેપ મૂકવા લાવવામાં આવ્યો નથી. હિન્દુ લોકો ધર્માદામાં અણહદ પૈસા ખર્ચે છે. દેવાલય

જમાવે છે કે ચોરાશી જમાડે છે. એક વખત જંબુસર ચોરાસી જમાડવા માટે પ્રસિદ્ધ હતું. લોકો સમજે છે કે એ દાન સ્વર્ગના બારણાં સૂધી મૂકવા આવશે, પરંતુ પરિણામે ગરીબાઇ આવી છે, અને હવે ગુજરાતને માટે આપણને ફાંફાં મારવાં પડે છે. આપણે સીધો રસ્તો લીધો નથી. હવે તે લેતાં મન પાછું પડે છે. બ્રાહ્મણો જમાડેજ સ્વર્ગ મળતું હોય તો શું પારસીઓ વિગેરે નરકમાં જતા હશે ? ધર્મ વિરૂદ્ધ આચરણ કરે તેને દાન આપવામાં દ્રવ્યનો ઉપયોગ કરો છો. બીજી બાજુએ કેળવણી આપતા નથી અને વિધવાને મદદ કરવા સાધન નથી. દુકાળ વખતે હિંદુ બાળકો ક્રિશ્ચીઅનોને સ્વાધીન થાય છે, સુવાવડ વખતે સ્ત્રીઓ દુઃખી થાય છે એ વાસ્તે તમો શું કરો છો ? બીજી કોમોને પગલે ચાલો અને ખરો ધર્મનો રસ્તો પકડો. પ્રથમ પોતાનુ હિત સાચવો અને પૈસાનો સદુપયોગ કરો. નીતિને રસ્તે નહિ ખર્ચો તો દોષ તમારો છે અને ભવિષ્ય માટે જવાબદારી તમારી છે. અમુક માણસને દાન આપવું એ કાંઈ દાન નથી. અનીતિવાન, સારી ચાલ વિનાનાને પગે લાગી દંડ આપતા હો તેમ દાન આપો છો પણ એ કાંઇ દાન નથી પણ પૈસાનો ગેર ઉપયોગ છે. પ્રથમ આપણે પોતાનું હિત વિચારવું જોઇએ. સ્ત્રીઓને કેળવણી આપવા સાધન નથી. બીજી નાતોમાં માંદાઓને માટે હોસ્પીટાલો માવજત, ખોરાક વિગેરેની ગોઠવણ છે એવી સંસ્થા આપણામાં ક્યાં છે ? ભરૂચમાં માશનરીઓએ દવાખાનું ખોલ્યું છે. કન્યાશાળાઓના મકાનોની સ્થિતિ કેવી છે એ બાબતપર ઉંડા વિચાર કરવાની જરૂર છે. દાન ઉંચા પ્રકારનું કરવુ જોઇએ. નાત જમાડવાથી નાત સાથેજ પૈસા જાય છે. બદલો મળતો નથી. બ્રાહ્મણો ઢોંગ ધતુરા કરી સમજાવે છે કે મરેલા માણસો પછવાડે દાન કરેલું હોય તો તેને પહોંચે છે. તેઓએ સ્વાર્થને માટે ખોટા સૂત્રો દાખલ કર્યા છે આમાં કાંઇ કરવા જાઓ તો તેઓ સમજાવા આવે છે અને સ્ત્રીઓ આડે આવે છે. સ્ત્રીઓની મદદ સિવાય આમાં કાંઇ થાય એમ નથી. કેળવણીથીજ કંઇ થશે માટે કેળવણી આપવાની જરૂર છે. હિંદુસ્થાનમાં બાવનલાખ સાધુઓ છે, એવું થોડા વખતપર કહેવામાં આવ્યું હતું તેઓ તમારે માટે કાંઇ ભજન કરતા નથી. દરિદ્રતા વધારે છે. એમને આપવાથી ઇશ્વર કાંઇ રાજી થતો નથી અને તમારૂં કાંઇ શ્રેયઃ થવાનું નથી અને તમો જો એવી માન્યતા રાખો તો તમારી ભૂલ છે. આ ઉપર વિચાર કરશો. જે દાન સાધુઓને આપવા માંગતા હો તે સ્ત્રી કેળવણીમાં, હોસ્પીટાલમાં, અનાથાશ્રમ વિગેરેમાં આપો અને અનીતિવાન અને દુરાચારીઓને આપો નહિ, આ બાબત ખાસ બંધનકારક ઠરાવ કરવાની જરૂર છે. મને ખાત્રી છે કે આજે નહિં તો હવે પછીની કોઇપણ કોન્ફરન્સમાં આ મારી દરખાસ્ત સ્વીકાર્યા સિવાય આગળ જતાં તમારો છૂટકો નથી. સ્કોલરશીપ સ્થાપશો તો તેની મદદથી છોકરાઓ ભણશે અને તમારા પૈસા વધારી આપશે.

ઉપરની દરખાસ્તને ટેકો આપતાં રા. રા. કસનદાસ ભાઇદાસે (સુરત) જણાવ્યું કે સ્કોલરશીપ સ્થાપવા જેટલો લાભ નાત કરવાથી મળતો નથી. સુરતની પંચ પાસે ચાર ઉજાણીના રૂા. ૨૦૦૦૦) છે તે આવા કામમાં વાપરવામાં આવે તો ઘણો લાભ થાય.

રા. રા. મગનલાલ ઇચ્છારામે (ગણદેવી) જણાવ્યું કે જરૂર પ્રમાણે ઠરાવો કરવા જોઇએ અને આપણી સ્થિતિ પ્રમાણે વર્તવું જોઇએ અને આવા ખર્ચોથી હમેશાં દૂર રહેવું જોઇએ.

રા. રા. જમીએતરામ માણેકલાલે (વલસાડ) ટેકો આપતાં કહ્યું કે સ્મૃતિમાં પણ સુપાત્રને દાન કરવાનું કહ્યું છે અને દાન લેનારાઓને સુપાત્ર બનાવવાની તમારી ફરજ છે. વધુમ.

વધુ હિતને માટે તમારે તમારો ફાળો આપવો જોઇએ, અને કેળવણીમાં વધુ પૈસો વાપરવો જોઇએ. જો તમો સવેળા ચેતશો નહિ તો સાધુ બનશો.

રા. રા. છગનલાલ ભુદરભાઇએ (જંબુસર) જણાવ્યું કે દેશ દાઝને વાસ્તે અને લોકકલ્યાણ માટે પૈસા ખર્ચે નહિ તેની જીંદગી નકામા છે. આપણી જીંદગીનો સદુપયોગ કરવો જોઇએ. આપણા બંધુઓને વાસ્તે પૈસા ખર્ચવા એ ધર્મ છે એવું જાપાન અને ઈંગ્લાંડ માને છે માટે એવા કાર્યમાં ધર્મનો પૈસો વપરાવો જોઇએ.

ત્યાર બાદ સર્વાનુમતિથી પ્રમુખે સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો હતો.

ઠરાવ નવમો.

ત્યાર બાદ રા. રા. ગીરધરલાલ છગનલાલ કાપડીઆએ (વલસાડ) દરખાસ્ત મુકી કે "આ કોન્ફરન્સ એવી ભલામણ કરે છે કે દરેક સ્થળની જ્ઞાતિએ પોતાનું વસ્તી પત્રક તૈયાર કરવું અને તેના આંકડા પત્રિકામાં પ્રસિદ્ધ કરવા મોકલા આપવા". તેમણે જણાવ્યું કે સરકાર તરફથી દશદશ વર્ષે વસ્તીપત્રક તૈયાર થાય છે તે પરથી વસ્તીની આબાદાની, વધઘટ, કેળવણી અને પૈસા સંબંધી સ્થિતિ સમજી શકાય છે તેજ પ્રમાણે જ્ઞાતિ વસ્તી પત્રકપરથી જ્ઞાતિની સ્થિતિ સમજી શકાય માટે વસ્તી પત્રક બનાવવાની ખાસ જરૂર છે.

આ ઠરાવને ટેકો આપતાં રા. રા. બાલુભાઇ લલ્લુભાઇ કાજી બી. એ. એ (સુરત) ભાષણ કર્યું હતું.

મ્હેરબાન પ્રમુખ સાહેબ. સુજ્ઞ જ્ઞાતિબંધુઓ અને સન્નારીઓ.

વસ્તી પત્રકની આવશ્યકતા આપ સઘળાને વિદિત છે, અને મારે બોલવાનો વખત ઘણો થોડો છે, એટલે એ વિષય પર મ્હારે લંબાણથી વિવેચન કરવું ઉચિત નથી, પણ જ્ઞાતિ વસ્તી પત્રકના એક નહીં પણ અનેક ફાયદામાંથી મુખ્ય બે ત્રણ ફાયદાઓ આપ આગળ મુકવા વિચાર રાખું છું.

આપણી માનવંતી બ્રીટીશ સરકાર દર દશ વર્ષે પોતાની વસ્તીનું એક વસ્તી પત્રક તૈયાર કરાવે છે. પોતાના મ્હોટા સામ્રાજ્યમાં એકકે દિવસે આખું વસ્તીપત્રક કરવું કંઇ સહેલું નથી તે છતાં પણ શ્રમ તથા મહેનતનો બોજો સરકાર હાથ ધરે છે ત્યારે સવાલ એજ ઉત્પન્ન થાય છે કે આવું સાહસિક કામ શા હેતુથી કરવા તેઓ તત્પર થાય છે? જવાબ એજ છે કે વસ્તીપત્રકમાં આવતી વિગતોથી પોતાની રૈયતની આર્થિક, ઔદ્યોગિક, શારીરિક સાંસારિક તથા કેળવણી વિગેરે સ્થિતિનું તેઓને ભાન થાય છે, અને તેમાં આવતી ખામીઓ દૂર કરવા શા શા ઉપાયો યોજવા તે વિશે વિચાર કરવાને શક્તિમાન થાય છે. જો તેઓને એમ માલૂમ પડે કે એક ભાગમાં વસ્તા લોકોની આર્થિક એટલે પૈસા ટકા સંબંધી સ્થિતિ બીજા ભાગમાં વસ્તા લોકો કરતાં ઉતરતી છે પણ શારીરિક સંપતિ ચઢીઆતી છે, તો શા કારણથી આવું બન્યું ? તથા તે સ્થિતિ સુધારવા શા શા ઉપાયો કરવા જરૂરના છે ! વિગેરે બાબતો પર તેઓ વિચાર કરે છે અને પોતાની રૈયતમાં કેવી રીતે સર્વ પ્રકારના સુખ અને આબાદી વધે તે વાસ્તે પોતાનો બનતો પ્રયાસ જારી રાખે છે.

જ્યારે આપણી સરકારને પોતાની રૈયત વાસ્તે આટલી દીલસોજી છે તથા તેમની ઉન્નતિ વાસ્તે આટલો શ્રમ તથા ખર્ચ વેઠે છે, તો આપણે આપણા જ્ઞાતિ ભાઇઓની સ્થિતિ કેવી છે, તથા તેને સુધારવા કેવા પગલા લેવા ઉચિત છે તે જાણવું શું જરૂરનું

નથી? અલબત્ત એક રીતે નહીં પણ અનેક રીતે જાણવું આવશ્યક છે. વસ્તીપત્રકમાં જેટલા ખાનાં (columns) સરકાર રાખે છે તેટલાં બધાં આપણે બહુ ઉપયોગી અને જરૂરનાં નથી. પણ મુખ્ય ચાર પાંચ કોલમો રાખવાની આપને ભલામણ કરૂં છું, અને તેટલાથી જે જે વિગતો આપણે જોઈએ છે તે મળી રહેશે.

પ્રથમ કોલમ તો નામનું જોઈએ અને તેમાં મનુષ્યનું નામ લખવું. બીજા કોલમમાં તે શખ્સ પુરૂષ છે કે સ્ત્રી છે તે વિગત આપવી, એટલે આપણી જ્ઞાતિમાં પુરૂષની કે સ્ત્રીની સંખ્યા વિશેષ છે તે આપણને આપો આપ માલૂમ પડી આવશે. ત્રીજા કોલમમાં ઉમર લખવી. કદાચ કેટલાકને લાગશે કે ઉંમરની વિગત નિરર્થક છે, પણ બીજી વિગતો સાથે ઉંમર ધ્યાનમાં લેતાં આપણને ઘણું ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત થશે. ઉમર પછી લગ્ન, કેળવણી, તથા ધંધાની વિગતોનાં ખાનાં હોવા જોઈએ. આ દરેક ખાનાંની વિગતો સાથે ઉંમર ધ્યાનમાં રાખશું તો માલૂમ પડશે કે જ્ઞાતિની સ્થિતિ કેવી છે. એક છોકરાની ઉંમર ૧૬ વર્ષ લખી હોય અને તેની સાથે કેળવણીના ખાનામાં એમ લખ્યું હોય કે "ગુજરાતી ત્રીજું ધોરણ" અથવા "ઈંગ્રેજી પહેલું ધોરણ" તો આપણે સ્હેજ જાણી શકીએ કે આપણી ન્યાતમાં કેળવણીની સ્થિતિ બહુજ ખેદ કારક છે. તેજ પ્રમાણે જો છોકરાની ઉંમર ૧૦ વર્ષની અથવા ૧૨ વર્ષની લખી હોય અને "લગ્ન થયું છે" એમ લખ્યું હોય, તો આપણને તરતજ માલૂમ પડી આવશે કે આપણી ન્યાતમાં બાળ લગ્નનો પ્રચાર વધારે છે. એજ પ્રમાણે છોકરીઓના સંબધમાં પણ કેળવણી અથવા લગ્ન સંબધી સ્થિતી કેવી છે તે આપણને વિદિત થશે, માટે ઉંમરની વિગત ઘણીજ ઉપયોગી છે એ સૌ કોઇના માનવામાં આવશે. પણ મારે આપ સઘળાને વિનંતિ કરવાની કે દરેક ખાનામાં પૂરેપૂરી વિગત જણાવવી. સ્પષ્ટ અને પૂરી વિગતો વિના જે લાભો વસ્તીપત્રકથી સંભવે છે તે મળી શકશે નહીં કેળવણીની બાબતમાં "ભણેલો" અથવા "અભણ" શબ્દ લખવાથી સંતોષ માનવો નહીં, પણ શું ભણ્યો છે, કયાં સુધી ભણ્યો છે વિગેરે લખવું. તેજ પ્રમાણે ધંધાની વિગતો લખતી વખતે બહુજ સંભાળ તથા સાવચેતીની જરૂર છે. માત્ર "નોકરી" અથવા "વ્યાપાર" એવા શબ્દો લખવા નહીં, પણ તેને બદલે શાની નોકરી, સરકારી અથવા ખાનગી, કયા ખાતામાં, શા કામ પર, વિગેરે લખવું તેમજ વ્યાપાર શાનો, જથાબંધ કે છુટક વિગેરે લખવું, આ પ્રમાણે પૂરેપૂરી વિગત (details) ભરવામાં આવશે તોજ આપણો હેતુ ફળીભૂત થશે, અને આપણી જ્ઞાતિની ઉન્નતિ વાસ્તે શા ઉપાયો જરૂરના છે તેનો આપણે વિચાર કરી શકીશું.

મેં આ પાંચ મિનિટમાં વસ્તીપત્રકથી થતા મુખ્ય ફાયદા આપ આગળ મુકયા છે અને હું આપ સઘળાને વિનંતિ પૂર્વક આગ્રહ કરૂં છું કે જે અન્ય સ્થળે આપણા દશાલાડ ભાઈઓ વસે છે ત્યાં ત્યાં આવી જાતનું એક વસ્તી પત્રક બનતી ત્વરા અને હોંસથી તૈયાર કરવું અને તેની એક તારીજ આપણી પત્રિકામાં છપાવવી એટલે દરેક સ્થળે રહેતા આપણા જ્ઞાતિબંધુઓ એક બીજાની સ્થિતિ કેવી છે તે જાણી શકશે અને તે ઉપરથી સારૂં ગ્રહણ કરશે અને નરસું દૂર કરશે. મને જણાવતાં ઘણો હર્ષ ઉપજે છે કે મુંબાઇ અને સુરતમાં આવી જાતનાં વસ્તીપત્રકો તૈયાર થઇ ગયાં છે, અને હું આશા રાખું છું કે તેઓના પ્રસં-શનીય કાર્યનું બીજા પંચો અને મંડળો અનુકરણ કરશે. અમારા સુરતમાં આ

શુભ કાર્યનું મંડાણ કરતી વખતે અમને જરા સંદેહ હતો કે કેટલાક ગેર સમજુતીને લીધે અથવા અવિચારીપણા કે અજ્ઞાનતાને લીધે આ કામમાં વિઘ્ન નાંખશે, અને જોઇએ તેવી સાહાયતા આપશે નહી, પણ મને કહેવાને ઘણી ખુશી ઉપજે છે કે આમાનું કશું જણાયું નહીં, અને બે દીવસમાંજ બધા ફોરમો ભરાઇ ગયા. તેમ છતાં આપને કોઇ કોઇ ઠેકાણે અડચણો આવી પડે તો તે વખતે જોરજુલમથી કામ ન કરતાં નરમાસ અને સભ્યતાથી, કામ કરવું, અને વસ્તી પત્રકથી થતા ફાયદા સમજાવવા, અને આ કાર્યમાં કોઇના આબરૂ પર હલ્લો નથી ઇત્યાદિ બાબતોની સમજ આપવી. આમ કરવામાં આવશે તો મ્હને પૂર્ણ ભરોસો છે કે આ સારૂં કાર્ય નિર્વિઘ્ને પાર પડશે.

હું બેસી જાઉં તે પહેલાં એકવાર ફરીથી આપ સઘળાને આ વસ્તી પત્રક કરેવાં, તથા તેની તારીજ પત્રિકામાં મોકલવા ભલામણ કરૂં છું, અને હું આશા રાખું છું કે આપ સઘળા આ ઠરાવને આપના ખરા દિલથી અનુમતિ આપશો.

ઉપલી દરખાસ્તને શેઠ માણેકલાલ ભગવાનદાસે (ભરૂચ) ટેકો આપતાં સર્વાનુમતે આ ઠરાવ પસાર થએલો પ્રમુખે જાહેર કર્યો હતો.

ઠરાવ દશમો.

પ્રમુખ તરફથી તેમના ભત્રીજા રા. રા. શેઠ જગમોહનદાસ મોતીલાલે પછી દશમો ઠરાવ વાંચી સંભળાવ્યો હતો કે જે હાજર રહેલા ગૃહસ્થોએ હર્ષના પોકારો સાથે વધાવી લીધો હતો.

"આપણા નામદાર કૃપાળુ શહેનશાહ પંચમ જ્યોર્જ તથા શહેનશાહ બાનુ મેરીના હિંદુસ્થાનના શુભ આવાગમનના સ્મારક તરીકે જે દશાલાડ કોન્ફરન્સ શરૂ થઇ છે તે શહેનશાહ, શહેનશાહ બાનુ તથા તેમના કુટુંબને સંપૂર્ણ સુખ અને દીર્ઘાયુષ્ય ઇચ્છે છે અને તેમના પ્રતિ પોતાના અંતઃકરણપૂર્વક પોતાની રાજભક્તિ દર્શાવે છે."

બાદ રા. રા. શેઠ વનમાળીદાસ નાગરદાસ જે સુરતની જ્ઞાતિના શેઠ છે તેમણે આવતી કોન્ફરન્સની બેઠક સુરત ખાતે રાખવાની માગણી કરી હતી અને તે પ્રસંગે સર્વે દશાલાડ બંધુઓને હાજર રહેવા વિનંતિ કરી હતી અને તે બધાઓએ આનંદપૂર્વક સ્વીકારી હતી.

ત્યાર બાદ રા. રા. શેઠ ભગવાનદાસ બાંજણખણદાસ શ્રોફે (વલસાડ) નીચલો ઠરાવ રજુ કર્યો હતો.

આ કોન્ફરન્સ નીચે લખેલા કામો માટે નીચે લખેલા ગૃહસ્થોની એક સ્ટેન્ડીંગ કમીટી આવતી કોન્ફરન્સ મળતાં સુધીને માટે નીમે છે, અને તેના પ્રમુખ તરીકે આ કોન્ફરન્સના માનવંતા પ્રમુખ રા. રા. શેઠ નગીનદાસ જમનાદાસને ઠરાવવામાં આવે છે.

૧. આપણી કોન્ફરન્સ પોતે પોતાનો ખર્ચ ઉપાડી લેતી થાય અને કોઇપણ સ્થાનિક જ્ઞાતિઓને બોજારૂપ થઇ પડે નહિ તે ઉદ્દેશને અનુસરી હવે કોન્ફરન્સો કેવી રીતે ચલાવવી તેને માટે નિયમો નક્કી કરી આવતી કોન્ફરન્સમાં મંજુરી માટે રજુ કરવા અને તેને બની શકે તો પત્રિકાના આગલા અંકમાં બહાર પાડવા. (૨) સ્થાનિક રીસેપ્શન કમીટી સાથે મળીને આવતી કોન્ફરન્સના પ્રમુખની પસંદગી કરવી અને તેને માટે રીસેપ્શન કમીટી કોન્ફરન્સ પાસેથી સંમતિ મેળવશે. (૩) બીજી કોન્ફરન્સ માટે સ્થાનિક રીસેપ્શન કમીટી સાથે મળીને ચર્ચાવાના વિષયોના નોંધ તૈયાર કરવી. સ્ટેન્ડીંગ કમીટીના સભાસદોનાં નામ નીચે મુજબ છેઃ-

સ્ટેન્ડીંગ કોન્ફરન્સ કમીટી.

પ્રમુખ રા. રા. શેઠ નગીનદાસ જમનાદાસ સેવકલાલ (મુંબાઇ)

ભરૂચ.

નરોતમદાસ ત્રીભોવનદાસ વકીલ
હરકીશનદાસ શીવલાલ કોટીઆ
ચુનીલાલ દ્વારકાદાસ નાણાવટી
માણેકલાલ અમરતલાલ કોટીઆ
ઇશ્વરદાસ કસનદાસ
માણેકલાલ નરોતમદાસ નાણાવટી
ઇચ્છાલાલ પરભુદાસ તુમડી

કામરેજ

પ્રાણજીવનદાસ ડાહ્યાભાઇ
હરિભાઇ દુર્લભદાસ

કઠોર

ગુલાબદાસ પ્રાણજીવનદાસ

બારડોલી

પ્રાણજીવનદાસ છબીલદાસ

વડોદરા

હરગોવનદાસ હીંમતલાલ
દલસુખભાઇ ચુનીલાલ
હિંમતલાલ નાથાભાઇ

ડભોઇ

ચુનીલાલ ગીરધરલાલ
હીંમતલાલ હરગોવનદાસ વકીલ

પારડી

ભીખારીદાસ મંછારામ

કાલોલ

ત્રીભોવનદાસ શીવલાલ

નાંદોદ

અમરતલાલ હરિલાલ પારેખ
જગજીવનદાસ મોતીલાલ કાપડીઆ
વકીલ અમરતલાલ છોટાલાલ

સોનવાડી

રંગીલદાસ વીજભુખણદાસ

સુરત

નાનાલાલ લાલભાઇ વકીલ
વીજુભાઇ ત્રીકમદાસ સરૈયા
જેકીશનદાસ મંછારામ ભાગળીઆ

વલસાડ

જમીએતરામ માણેકલાલ
ગીરધરલાલ છગનલાલ કાપડીઆ
ભગવાનદાસ વીજભુખણદાસ શ્રોફ

ઓલપાડ

મોતીરામ ભૂખણદાસ

રાંદેર

મગનલાલ ભૂખણદાસ શેઠ

અંકલેશ્વર

નાથુભાઇ જગજીવનદાસ શેઠ
ચુનીલાલ હરજીવનદાસ દીવાવાળા

જંબુસર

અંટોળદાસ હરગોવનદાસ વકીલ
પ્રેમાનંદદાસ દામોદરદાસ

સંખેડા

શેઠ પરસોતમદાસ મગનલાલ

તિલકવાડા

કેશવલાલ રણછોડદાસ શેઠ
છોટાલાલ હરગોવનદાસ

ગણદેવી

વલ્લભદાસ જગજીવનદાસ
જેકીશનદાસ પરભુદાસ વકીલ.

મુંબાઇ

જગમોહનદાસ મોતીલાલ શેઠ
ગંગાદાસ ડાહ્યાભાઇ
મોતીરામ નરભેરામ વકીલ

પુરૂષ ડેલીગેટની ફી રૂા. ૨), સ્ત્રી ડેલીગેટની ફી રૂા. ૧), સ્ત્રી પ્રેક્ષક મફત અને પુરૂષ પ્રેક્ષક માટે રૂા. ૧) ઠરાવવો.

જ્યાં કોન્ફરન્સ ભરાવાની હોય ત્યાં તેટલા વખતને માટે કોન્ફરન્સ ઓફીસ ખોલવી. સ્થાનિક કોન્ફરન્સ ઓફીસ જયાંથી દશાલાડ પત્રિકા નીકળે છે ત્યાં ભરૂચ રાખવી અને કોન્ફરન્સના જનરલ સેક્રેટરી રા. રા. નાનાલાલ લાલભાઇ વકીલ (સુરત) અને રા. રા. ચુનીલાલ દ્વારકાદાસ બી. એ નાણાવટી (ભરૂચ) ને ઠરાવ્યા છે.

ઉપલા ઠરાવને રા. રા. નાનાલાલ લાલભાઇએ ટેકો આપતાં તે સર્વાનુમતે પસાર થયો હતો.

ઠરાવ અગીઆરમો.

આ પછી દરેક ગામના ડેલીગેટોના પ્રતિનિધિ તરફથી કોન્ફરન્સ બોલાવનારો ભરૂચ દશાલાડ મિત્ર મંડળ તેમજ તે જ્ઞાતિના શેઠ માણેકલાલ ભગવાનદાસ તથા શેઠ હરકીસનદાસ શીવલાલ તથા શેઠ જીજીવનદાસ દ્વારકાદાસ અને બીજા કાર્યવાહીઓનો અંતઃકરણ પૂર્વક આભાર માનવામાં આવ્યો હતો. બાદ નીચલા ગૃહસ્થોએ કેળવણીના ઉત્તેજન વાસ્તે નીચે પ્રમાણે રકમો ભરી હતી.

રૂ. ૫૦) શેઠ નગીનદાસ જમનાદાસ સેવકલાલ પ્રમુખ, પાંચ વર્ષ સુધી.
,, ૨૫) ,, હિંમતલાલ નાથાભાઇ તલાટી (વડોદરા). ,,
,, ૨૫) ,, ચીમનલાલ કાળીદાસ ઉર્ફે સબુરભાઇ (જંબુસર). ,,
,, ૧૦) ,, સુરતના એક ગૃહસ્થ તરફથી. ,,
,, ૫) ,, હરકીશનદાસ વીઠ્ઠલદાસ મુંબાઇ. ,,
,, ૧૫) ,, નરસીંહદાસ જેકીશનદાસ થાણાવાળા મુંબાઇ. ,,

રા. રા. જેકીશનદાસ કસનદાસે બાળાઓને ઇનામ વહેંચવા વાસ્તે દર વર્ષે રૂ. ૫) ભરૂચ મિત્ર મંડળને આપવા જણાવ્યું હતું.

ઠરાવ બારમો.

ત્યાર બાદ ભરૂચ દશાલાડ જ્ઞાતિના શેઠ માણેકલાલ ભગવાનદાસે પ્રમુખ સાહેબનો આભાર માનતાં નીચે પ્રમાણે ભાષણ કર્યું હતું.

મહેરબાન પ્રમુખ સાહેબ, બંધુઓ અને ભગિનિઓ,

જુદે જુદે સ્થળેથી અમારા આમંત્રણને માન આપી ભારે ખરચ અને અડચણો વેઠી વખતનો ભોગ આપી વિરાજીત થએલા મારા મુંબાઇ, સુરત, વલસાડ, બારડોળી, વ્યારા, ગણદેવી, રાંદેર, ઓરપાડ, કઠોર, કામરેજ, પારડી, નવસારી, અંકલેશ્વર, જંબુસર, નાંદોદ, તિલકવાડા, ડભોઇ, સંખેડા, બાધરપુર, વાલોડ, કાલોલ, વિગેરે સ્થળ નિવાસીઓનો હું ખરા અંતકરણ પૂર્વક ઉપકાર માનું છું. ગૃહસ્થો આ કોન્ફરન્સના કામમાં જે ફતેહ મળી છે તે તમારી ઉલટ અને હાજરીને આભારી છે. આવા મહાન સમારંભના કામમાં આપની દરેક ઘર જેવી સગવડ તો ભાગ્યેજ સચવાઇ હશે. પરંતુ આ આપણી પહેલીજ કોન્ફરન્સ હોવાથી અને અમારો અનુભવ એ બાબતમાં પહેલોજ હોવાથી કંઇ ન્યૂનતા રહી ગઇ હોય તો આપ મોટું મન વાપરી દરગુજર કરશો. આપ શેઠીઆઓએ પધારી અમો ઉપર જે ચાહ બતાવ્યો છે તે ચાલુ રહેશે તો પરિષદથી સંપ અને સ્નેહ વધારવાનું એક મોટામાં મોટું કાર્ય સફળ થયું કહેવાશે, અને મારી તમને ખાસ પ્રાર્થના છે કે ઓળખાણ

રૂપી મોટામાં મોટી સોનાની ખાણુ જે આપણને આજ લાંબા વખતે આપણુ સર્વેના સદ્ભાગ્યે હાથ લાગી છે તે ખાણને હંમેશા તન અને મનથી ઊંડીને ઉંડી ખોદતા રહેશો તો અથાગ લાભ પ્રાપ્ત થયા વિના રહેશે નહિ. હવે મારા હાથમાં જે અમૂલ્ય દરખાસ્ત આવી છે તેથી મારૂં હૃદય ઘણુંજ આનંદિત થયું છે તે દરખાસ્ત આપણા આ પરિષદ્‌ના પ્રમુખ વયોવૃદ્ધ શેઠે નગીનદાસ જમનાદાસ સેવકલાલનો ઉપકાર માનવાની છે. ગૃહસ્થો આપ જુઓ છો તેમ એમની વય આગળ વધેલી છે. શરીરની શક્તિ પણ વયના પ્રમાણમાં ઘટી છે પોતે આવી વયમાં લાંબી મુસાફરીનું જોખમ ભાગ્યેજ ખેડી શકે છતાં પણ આ કોન્ફરન્સ પ્રતિ અનહદ પ્રીતિ દર્શાવી પોતાના જ્ઞાતિબંધુઓ તરફની પોતાની ફરજની પવિત્રતા સમજી પ્રમુખપદ સ્વીકારી ઘણી સારી છાયા પાડી કોન્ફરન્સનુ કામ પોતાની બાહોશીથી નિર્વિઘ્ને પાર પાડયું છે તે માટે હું તમામ બંધુઓ તરફથી તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું અને આપણી કોન્ફરન્સ રૂપી વીંટીમાં જડવા જેવો અમૂલ્ય નગીનો આપણને પ્રાપ્ત થયો છે તો તે તમારા અંતઃકરણમાં સજ્જડ જડી દેઇ આવા કામમાં તેમનું અનુકરણ કરૂશોજી. આશા છે કે આપ સર્વે ભાઇઓ મારી આ દરખાસ્તને વધાવી લેશો.

ઉપલી દરખાસ્તને ભરૂચવાળા રા. રા. માણેકલાલ નરોતમદાસ નાણાવંટીએ ટેકો આપ્યો હતો અને પરિષદે તે હર્ષનાદથી પસાર કરી હતી.

બાદ પ્રમુખે તમામ વોલન્ટીઅરોને એક એક રેશમી રૂમાલ પોતાના પદરથી ઇનામ આપ્યો હતો.

પ્રમુખ તરફથી તેમના ભાત્રેજા રા. રા. જગમોહનદાસ મોતીલાલે અંતમાં જણાવ્યું કે આપે અમારા મુસ્કેલ કામમાં મદદ આપી ફતેહમંદીથી પાર ઉતારવા સહાય કરી તે વાસ્તે ખરા અંતઃકરણથી પ્રમુખ તરફથી આપ સર્વનો આભાર માનું છું.

પછી સ્વાગત કમીટીના પ્રમુખ રા. રા. અંટોલદાસે પ્રમુખ સાહેબને હારતોરા આપ્યા હતા, અને હર્ષના પોકારો થયા હતા. શહેનશાહ અને શહેનશાહબાનુને લાંબી જીંદગી ઇચ્છવામાં આવી હતી અને હુરરેના પોકારો થયા હતા ત્યાર પછી વિદ્યાર્થીઓએ રા. રા. ગીરધરલાલ કાળીદાશ દલાલનું બનાવેલું વિદાય ગીરીનું ગીત (નં. ૭) ગાયું હતું.

ત્યારબાદ કોન્ફરન્સની સભા પ્રમુખે બરખાસ્ત કરી હતી.

ગઇ કાલની માફક આજે સાંજે રા. રા. શેઠ હરકીશનદાસ શીવલાલ કોઠીઆએ ડેલીગેટ પ્રેક્ષક અને વોલન્ટીઅરોને ઉચ્ચ ભોજન આપ્યું હતું જેમાં ગઇ કાલ માફક બીજી નાતના પણ ગૃહસ્થોએ ભાગ લીધો હતો.

अंतिम अरज.

ભૃગુપુર ક્ષેત્રે તા. ૨૫ તથા ૨૬ મે ને દિવસે 'પહેલી દશાલાડ કોન્ફરન્સ' મળી તે વખતે જે સઘળા ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા, તેમાંના મુખ્ય જ્ઞાતિ બાળકો અને બાળાઓને કેળવણી આપવા માટે દરેક પંચ તરફથી વિદ્યોત્તેજક ફંડ ઉઘાડવા ઠરાવ થયો હતો. એ ઉપરાંત જુદે જુદે સ્થળે જે અઘટિત પ્રચલિત રીત રિવાજો હોય તેનું સંશોધન કરી તે દૂર કરવાને શું ઉપાયો લેવા તેની ભલામણ કરવા એક કમીટી નિમાઇ હતી, તેમજ

જ્ઞાતિમાં અયોગ્ય ખર્ચાં બંધ કરવા તથા ધર્મને નામે ખર્ચાતા નાણાં વધુ ઉપયોગી રીતે જ્ઞાતિ ઉન્નતિના કાર્યમાં ખરચવા ભલામણ થઇ હતી. પરંતુ દરેક સ્થળે કેળવણીની વૃદ્ધિ કરવા માટે હજી વિદ્યોત્તેજક ફંડ ખુલ્યા નથી તે બનતી ત્વરાએ ઉઘાડવા પ્રયત્ન કરવો. અઘટિત રીત રિવાજોનું સંશોધન કરવા જે કમીટી નિમાઇ હતી તેને માટે કમીટીના એક ભરૂચ નિવાસી મેમ્બરે દરેક અન્ય મેમ્બરોને પત્ર લખી પત્રિકામાં પ્રસિદ્ધિ માટે રિપોર્ટ માંગેલા, પરંતુ સઘળે સ્થળેથી તે આવ્યા નથી. કેટલીક જ્ઞાતિના રીત રિવાજો પત્રિકામાં પ્રસિદ્ધ થઇ ચુકેલા છે, પરંતુ જેઓએ અદ્યાપિપર્યન્ત પોતાની જ્ઞાતિના રીત રિવાજો પત્રિકામાં પ્રસિદ્ધ કરવા નહિ મોકલાવ્યા હોય તેઓએ કાર્તક માસ આખર સુધીમાં ભરૂચ મિત્ર મંડળના સેક્રેટરીને સરનામે મોકલાવી આપવા મ્હેરબાની કરવી; તેમજ પોતાની જ્ઞાતિમાં જે કાંઇ અયોગ્ય રિવાજો હોય તે જમાનાને અનુસરી જે કાંઇ યોગ્ય સુધારા વધારા કરવા ઘટે તે; તેમજ અયોગ્ય ખર્ચો બંધ કરવા, અને ધર્મને નામે ખર્ચાતા નાણાં જ્ઞાતિ ઉન્નતિના કાર્યમાં વાપરવાના ઠરાવો અને તેનો અમલ આવતી કોન્ફરન્સ સુરત મુકામે મળે તે અગાઉ કરી નાંખવા, જેથી કરીને જે લોકો ખાલી બકબકાટ કરે છે કે કોન્ફરન્સ ખાલી ઠાઠ છે તેઓના વચનો ખોટાં પડે, માટે આળસ ત્યજીને કાંઇ પણ આગળ વધો, તો જન સમાજમાં તમારી હાંસી થતી અટકશે, નહિ તો કાગળ પર ઠરાવો થયા અને પછી ચાર દિવસનું ચાંદરણું અને ઘોર અંધારી રાત જેવું થઇ જશે; માટે વ્હાલા સુજ્ઞ જ્ઞાતિ બન્ધુઓ ! તમારા ગંગાજીને જન્મ દિવસે આરંભેલા સ્તુત્ય કાર્યને પકડી રહી ઠેઠ પાર ઉતારો તેમાંજ તમારી શોભા છે, અને જગતમાં ખ્યાતિ છે. એકી વખતે સામટું કરવા કરતાં થોડું કરો, પણ તે મક્કમ પાયે કરો, અને તે પુખ્ત વિચાર કરીને કરો, પરંતુ કાંઇક કરી બતાવો. આ રિપોર્ટ બંધ કરતાં પહેલાં અંતિમ અરજ એટલીજ છે કે તમોએ સર્વ સાથે મળીને જે કાંઇ ઠરાવો કર્યા છે તેનું પોષણ કરજો, અને જે કાંઇ કરવાનું હોય તે આવતી કોન્ફરન્સ મળે તે અગાઉ કાંઇક સ્તુત્ય પ્રયાસ કરીને આવજો. અસ્તુ.

તા૦ ૮ મે ૧૯૧૨ને રોજ ડેલીગેટોની એક સભા રા. રા. દામોદરદાસ પ્રાણજીવનદાસ ગઝેરીઆના પ્રમુખપણા નીચે મળી હતી, તેમાં સત્કાર કમીટીના તેમજ કાર્યવાહી કમીટીના સભાસદો ચુંટી કાઢવામાં આવ્યા હતા.

परिशिष्ट अ સત્કાર (રીસેપ્સન) કમીટીના સભાસદોના નામ—ભરૂચ.

રા૦ રા૦ અંટોલદાસ હરગોવનદાસ બી૦ એ૦ એલ એલ૦ બી૦ સત્કાર કમીટીના પ્રમુખ

માણેકલાલ ભગવાનદાસ શેઠ *	૧ માણેકલાલ નરોતમદાસ નાણાવટી *
૧ પરસોતમદાસ દ્વારકાદાસ	૧ નરોતમદાસ ત્રીભોવનદાસ વકીલ *
હરકીસનદાસ શીવલાલ કોટીઆ *	૧ ઠાકોરલાલ માણેકલાલ ભગત *
અમરીતલાલ ત્રીભોવનદાસ ડાંગેરવાળા *	૧ ચુનીલાલ દ્વારકાદાસ નાણાવટી *
૧ દામોદરદાસ પ્રાણજીવનદાસ ગઝેરીઆ *	૧ ચુનીલાલ માણેકલાલ માસ્તર *
૧ ધીરજલાલ લક્ષ્મીદાસ	૧ ઇચ્છાલાલ પરભુદાસ તુમડી *
૧ કાલીદાસ હરગોવનદાસ *	૧ વિઠ્ઠલદાસ પ્રાણજીવનદાસ *
૧ કાલીદાસ દામોદરદાસ ખાધીઆ *	૧ વીજભુખણદાસ દ્વારકાદાસ *

૧ ચુનીલાલ હરગોવનદાસ *
૧ છગનલાલ શીવલાલ
૧ હરગોવનદાસ હરકીસનદાસ *
૧ મોહનલાલ ઇશ્વરદાસ
૧ ગીરધરલાલ કાલીદાસ
૧ ત્રીભોવનદાસ ગોરધનદાસ
૧ ત્રીભોવનદાસ નરશીદાસ
૧ મગનલાલ ગોવનદાસ
૧ ગોરધનદાસ મોહનલાલ
૧ નરશીદાસ વીજલાલ
૧ ચુનીલાલ જમનાદાસ
૧ ચીમનલાલ જમનાદાસ
૧ વીજભુખણદાસ કસનદાસ તુમડી *
૧ વ્રીજમોહનદાસ કેશવરામ ભગત
દામોદરદાસ પરસોતમદાસ *
ત્રીભોવનદાસ દ્વારકાદાસ ડાંગેરવાળા
૧ શીવલાલ લાલભાઇ
૧ ચુનીલાલ દામોદરદાસ
૧ ચુનીલાલ જુગલદાસ
૧ ઠાકોરલાલ નરશીદાસ
૧ માણેકલાલ રેવાદાસ

આ ઉપરાંતના ડેલીગેટોના નામ.

૧ મોતીલાલ માણેકલાલ ચોકસી
૧ ગીરધરલાલ જગન્નાથ
૧ ચુનીલાલ ત્રીભોવનદાસ સુરતી
૧ માણેકલાલ બાલમુકનદાસ
૧ રણછોડદાસ વીજભુખણદાસ
૧ નરભેરામ લક્ષ્મીદાસ
૧ છોટાલાલ ત્રીકમદાસ
૧ નરોતમદાસ હરગોવનદાસ
૧ દામોદરદાસ કસનદાસ
૧ હીરાલાલ ગોકળદાસ
૧ છગનલાલ નાથાભાઇ
૧ કૃષ્ણાવલ્લભ લક્ષ્મીદાસ
૧ જમનાદાસ દામોદરદાસ
૧ છોટાલાલ નરોતમદાસ
દુવારકાદાસ ગોરધનદાશ કાર્ય કમીટીના પ્રમુખ
પ્રાણલાલ ધીરજલાલ વિ૦ વિ૦

---

૧ આ ગૃહસ્થોએ આર્થિક મદદ કરી છે તે વાસ્તે મંડળ ખરા અંતઃકરણથી તેમનો આભાર માને છે.

परिशिष्ट ब. બહારગામથી પધારેલા ડેલીગેટોના નામ.

સુરત.

જેકીશનદાસ મંછારામ*
વનમાળીદાસ નાગરદાસ*
નાનાલાલ લાલભાઇ*
હીરાલાલ લલ્લુભાઇ કાજી*
છોટાલાલ માણેકલાલ કાજી*
પ્રાણજીવનદાસ રસીકદાસ
બીજાભાઇ પરભુદાસ*
નગીનદાસ કાસીદાસ
ગંગાદાસ નારણદાસ
ઇશ્વરલાલ જેકીશનદાસ
નગીનદાસ હરકીશનદાસ
વીજુભાઇ ત્રીકમદાસ સરૈયા*
મગનલાલ ભુખણદાસ શેઠ* (રાંદેર તરફથી)
ત્રીભોવનદાસ જમનાદાસ શેઠ*
બીજાભાઇ ઇચ્છારામ*
દામોદરદાસ હરગોવનદાસ
જમનાદાસ વીજભુખણદાસ
મોતીરામ જેઠાભાઇ
ચીમનલાલ દામોદરદાસ
ઝીણાભાઇ ઠાકોરદાસ
હરકીસનદાસ મોતીરામ
મોહનલાલ પ્રાણજીવનદાસ
દામોદરદાસ કલ્યાણદાસ

સુરત (ચાલુ)

વીજભુખણદાસ કહાનદાસ
દામોદરદાસ પરભુદાસ
રંગીલદાસ ઉત્તમરામ
મગનલાલ ભગવાનદાસ
ચીમનલાલ માણેકલાલ
છબીલદાસ હરકીશનદાસ*
છોટાલાલ ડાહ્યાભાઇ*
માણેકલાલ જમનાદાસ
પ્રાણજીવનદાસ ગોરધનદાસ
કસનદાસ ભાઇદાસ*
કાસીદાસ નરસીદાસ *
નાથાભાઇ ફકીરભાઇ કીનખાબવાળા *
ઇશ્વરલાલ નાથાભાઈ
બાલુભાઇ લલ્લુભાઇ કાજી *
છગનલાલ ચુનીલાલ *
કૃષ્ણલાલ નગીનલાલ
ગંગારામ મંછારામ
મોતીલાલ કસનદાસ
સાકેરલાલ ત્રીભોવનદાસ
ગુલાબદાસ ત્રીકમદાસ
રંગીલદાસ જમનાદાસ
ચીમનલાલ હરકીસનદાસ
ઘેલાભાઇ રામદાસ
ઝીણાભાઇ રામદાસ
ચુનીલાલ ડાહ્યાભાઇ
નાથાભાઇ જેઠાભાઇ
મગનલાલ હરકીશનદાસ
છબીલદાસ જેઠાભાઇ

અમદાવાદ.

નગીનદાસ ગોપાળદાસ *

વડોદરા (તલપદા)

હીમતલાલ નાથાભાઇ શેઠ *
ગોરધનદાસ દ્વારકાદાસ
અમથાભાઇ ભગવાનભાઇ *
હીંમતલાલ હરગોવનદાસ
ગીરધરલાલ બાપુભાઇ *

વડોદરા (તલપદા) ચાલુ.

હરગોવનદાસ હીંમતલાલ *
બાપુલાલ જગજીવનદાશ *
જમનાદાસ જેઠાભાઇ *
ગોરધનદાસ દ્વારકાદાસ *
ચુનીલાલ ભાઇચંદ
અમથાભાઇ ગીરધરલાલ *
માણેકલાલ કસનદાસ
નાનાલાલ છગનલાલ
પુંજાલાલ મગનલાલ
પુંજાલાલ ત્રીભોવનદાસ *
રણછોડજી માણેકલાલ
મગનલાલ મથુરાદાસ
જેઠાલાલ નાનાભાઇ
મગનલાલ છગનલાલ
ગોકળદાસ પ્રેમાનંદદાસ
ગોરધનદાસ માણેકલાલ *
મોહનલાલ હરગોવન
ગોકળદાસ દલપતરામ
મોતીલાલ મનસુખભાઇ *
મગનલાલ ગરબડદાસ
મગનલાલ નાનાભાઇ
છગનલાલ મોહનલાલ *

વડોદરા (ડભોઇઆ)

દલસુખભાઇ ચુનીલાલ *
મગનલાલ દલસુખભાઇ *
પરસોતમદાસ લલુભાઇ
દ્વારકાદાસ હરલોચનદાસ
નાનાલાલ ચુનીલાલ *
મગનલાલ પુજાભાઇ
મગનલાલ મોતીલાલ
નાથાલાલ ખુશાલભાઇ *
અંબાલાલ મનસુખ
ચુનીલાલ સુખલાલ

ડભોઇ

ચુનીલાલ ગીરધરલાલ *
ગરબડદાસ પીતાંબરદાસ *

ડભોઇ (ચાલુ)

ગોવિંદલાલ છોટાલાલ
પ્રેમાનંદ નાથાભાઇ
હીંમતલાલ હરગોવનદાસ *
મગનલાલ મનસુખભાઇ

સંખેડા

પરસોતમદાસ મગનલાલ *
મણીલાલ દલસુખભાઇ *

બાધરપોર

ચુનીલાલ ગરબડદાસ*
ચુનીલાલ કેશવલાલ*

બારડોલી.

ભગવાનદાસ રસીકદાસ*
પ્રાણજીવનદાસ છબીલદાસ*
જમનાદાસ પ્રાણજીવનદાસ*
લલુભાઇ આત્મારામ
ઇચ્છારામ રણછોડદાસ
નટવરલાલ દામોદરદાસ
ભૂખણદાસ રણછોડદાસ
જગજીવનદાસ બ્રીજવલ્લભદાસ
બહેચરદાસ ભૂખણદાસ
મગનલાલ નરોતમદાસ

કઠોર.

ગુલાબદાસ પ્રાણજીવનદાસ*
છગનલાલ પ્રાણજીવનદાસ*
છગનલાલ દામોદરદાસ
રંગીલદાસ ભક્તિદાસ

કામરેજ.

નરોતમદાસ વિઠ્ઠલદાસ*
પ્રાણજીવનદાસ ડાહ્યાભાઇ*
હરિભાઇ દુર્લભભાઇ દેસાઇ*
મોતીરામ દામોદર
છગનલાલ ભાઇદાસ
જમનાદાસ દ્વારકાદાસ
રતનલાલ લલુભાઇ

વેલાછા

જેકીશનદાસ રણછોડદાસ

વ્યારા.

આત્મારામ મોતીભાઇ*
ડાહ્યાભાઇ દામોદરદાસ
લલ્લુભાઇ કીસનદાસ
પ્રાણજીવનદાસ ભગવાનદાસ*
મગનલાલ ભૂખણદાસ*
નગીનલાલ હરગોવનદાસ
ડાહ્યાભાઇ ભગવાનદાસ

વાલોદ

નાથુભાઇ મોતીલાલ *
ડાહ્યાભાઇ ભાઇદાસ *

ઓલપાડ

મોતીરામ ભૂખણદાસ *
વનમાલીદાસ પ્રાણજીવનદાસ *

મુંબાઇ.

જગમોહનલાલ મોતીલાલ*
હરકીસનદાસ વિઠ્ઠલદાસ
નગીનલાલ માણેકલાલ ડોકટર*
સુંદરલાલ હરજીવનદાસ
નાનાભાઇ હરિભાઇ
હરકીસનદાસ મંછારામ *
મગનલાલ વજુભાઇ
નગીનલાલ દામોદરદાસ
ગંગાદાસ ડાહ્યાભાઇ
ડાહ્યાભાઇ જગજીવનદાસ
નગીનદાસ ગોરધનદાસ
નરસીલાલ જેકીસનદાસ
નારણદાસ પ્રેમાનંદદાસ
મોતીરામ નરભેરામ વકીલ *
ભગવાનદાસ નગીનદાસ
ઠાકોરદાસ હરકીસનદાસ
મગનલાલ પ્રાણજીવનદાસ
નગીનદાસ જેકીસનદાસ *
જગમોહનદાસ નરભેરામ
રંગીલદાસ ત્રીભોવનદાસ *

પારડી

છગનલાલ ગોકળદાસ
ભિખારીદાસ મંછારામ *
તુલજારામ રાજારામ (મુંબઇ તરફથી) *

ગણદેવી

મગનલાલ ઇચ્છારામ *
રંગીલદાસ બ્રીજવલ્લભદાસ *
(સોનવાડી તરફથી)

વલસાડ

ભગવાનદાસ બ્રીજભુખણદાસ *
જમીયેતરામ માણેકલાલ *
મોહનલાલ ત્રીભોવનદાસ *
મગનલાલ ધીરજલાલ
ઇચ્છારામ ભગવાનદાસ *
ગીરધરલાલ છગનલાલ *
મગનલાલ ચુનીલાલ
ચુનીલાલ ઇચ્છારામ
મોહનલાલ પ્રાણજીવનદાસ *
ભાણાભાઇ નરસીદાસ
નરસીદાસ ગોકળદાસ *
જમનાદાસ ગોકળદાસ
રતનલાલ હરકીસનદાસ
ભગવાનદાસ મથુરાદાસ
ચુનીલાલ ગોકળદાસ
મોહનલાલ દામોદરદાસ

જંબુશર

ચીમનલાલ કાશીદાસ *
સોમાભાઇ માણેકલાલ *
નાથાભાઇ ત્રીભોવનદાસ
છગનલાલ મુલજીભાઈ *
સાકેરલાલ ભીખાભાઇ *
ચુનીલાલ જગજીવનદાસ
છગનલાલ ભુધરભાઇ

અંકલેશ્વર

નાથુભાઇ જગજીવનદાસ *
ચુનીલાલ નરોતમદાસ
ગુલાબદાસ ભવાનીદાસ *
ચુનીલાલ હરજીવનદાસ દીવાનાળા *
નાથુભાઇ દામોદરદાસ *
મગનલાલ મોતીલાલ
માણેકલાલ મુલચંદ
ત્રીભોવનદાસ પ્રાણવલ્લભદાસ
ગપ્પલદાસ શામદાસ
બુરાભાઇ હરગોવનદાસ
ગરબડદાસ મૂલજીભાઇ
કેશવરામ દુર્લભભાઇ *

તિલકવાડા

દ્વારકાદાસ કેશવલાલ *
છોટાલાલ હિંમતલાલ *
છગનલાલ ભીખાભાઇ *
હીંમતલાલ હરગોવનદાસ
ગોરધનદાસ માણેકલાલ
હરિવલભ નાથાભાઇ
ઘેલાભાઇ હરગોવનદાસ *
દલસુખભાઈ કેશવલાલ
હિંમતલાલ માણેકલાલ
પરસોતમદાસ હિંમતલાલ
ગરબડદાસ તાપીદાસ

નાંદોદ.

પરભુદાસ વણારસી
મગનલાલ હરિલાલ કાપડીઆ
અમૃતલાલ છોટાલાલ
દલપતરામ હરિલાલ *
માણેકલાલ પરભુદાસ
મગનલાલ ગોરધનદાસ
અમૃતલાલ જગનદાસ *
જગનદાસ મોતીલાલ *
હીંમતલાલ ચુનીલાલ
મોતીલાલ હરગોવનદાસ
વીઠ્ઠલદાસ નારણદાસ *
જેકીશનદાસ નરોતમદાસ
મણીલાલ રતનલાલ
માણેકલાલ ગોકળદાસ
ચુનીલાલ અમરજી
મણિલાલ ગરબડદાસ

કાલોલ

ત્રીભોવનદાસ શીવલાલ *
મથુરદાસ કુબેરજી *
ત્રીકમલાલ લલ્લુભાઇ
કાલીદાસ રણછોડ
મગનલાલ મૂળજી
કુબેરજી ગીરધર

---

* આ નિશાનીવાળા ગૃહસ્થો તા. ૨૫-૫-૧૨ ના બપોરે ડેલીગેટોની મીટીંગમાંથી ચુંટાયેલા સબ્જેક્ટ કમીટીના સભાસદો છે.

ગુજરાતના મુખ્ય વર્તમાન પત્રોએ પહેલી "દશાલાડ કોન્ફરન્સ" સંબંધી જે નોંધ કરી નુકતેચીની કરી છે તેમાંના થોડાક દરેક મુખ્ય શહેરના એકેક વર્તમાનપત્રના લખાણનો સારઃ-

સાંજવર્તમાન (રોજીંદુ—મુંબાઇ) તા૦ ૨૯મી મે સને ૧૯૧૨.

પહેલી દશાલાડ કોન્ફરન્સ.

વડોદરોમાં પાંચાળ લુહારોએ પોતાની પહેલી કોન્ફરંસ ભરી, તે પછી કાઠીઆવાડમાં ઔદિચ્ય બ્રાહ્મણોએ પોતાની નવમી કોન્ફરંસ ભરી અને હાલમાં ભરૂચના દશાલાડ વણીકોએ ભરૂચમાં પોતાની પહેલી કોન્ફરંસ ભરી છે. આ જમાનો કોન્ફરંસનો ગણાય છે અને અમે આગળ જણાવ્યું તેમ ખાસ જ્ઞાતિ અભિમાનમાં નહિં ખેંચાતાં આવી કોન્ફરંસ બોલાવનારાઓ પોતાની જ્ઞાતિ આ મોટા દેશનો એક ભાગ છે અને તે સુધારવાથી દેશનો એક ભાગ સુધરશે એમ માની દેશ સુધારાની બીજી હીલચાલોને મદદ રૂપ થઇ પડે તો આવી કોન્ફરંસો ઘણી આવકારદાયક ગણાવી જોઇએ. આગલા વખતમાં આ દેશમાં ચાર જ્ઞાતિ હતી અને તેમાં વૈશ્યો જે હાલના વણીકો તરીકે ઓળખાય છે તે એક જ્ઞાતિ તરીકે ગણાતા હતા. હિંદુ ધર્મ પુસ્તકો ઉપરથી જણાય છે કે તે જ્ઞાતિઓ તેઓના ગુણ કર્મ ઉપરથી ઓળખાતી હતી. આજે તો જે જ્ઞાતિમાં જે જન્મયો તેજ વાડામાં તે રહી મરણ પામે છે. તેના ગુણ કર્મ ગમે તે હોય તેની કોઇ પરવા કરતું નથી. વૈશ્યની એક જ્ઞાતિમાંથી આજે ગુજરાતી વણીકોની ચોરાસી જ્ઞાતિ ગણાય છે અને તેટલા ટુકડા ઓછા હોય તેમ દરેક જ્ઞાતિ દશા, વિશા તથા બીજા ભેદોથી વહેંચાયલી છે. હાલ જે જ્ઞાતિબંધન જોવામાં આવે છે તેને હિંદુ ધર્મશાસ્ત્રનો ટેકો નથી, તેથી કેટલાક હિંદુઓ જ્યારે જ્ઞાતિબંધન તોડી નાંખવાને મથે છે, ત્યારે કેટલાકો જ્ઞાતિ બંધન કાયમ રાખી કોમમાં સુધારો કરવા માગે છે. આ બે પક્ષોમાંથી કયો પક્ષ ફાવે છે તે જોવાનું છે; પણ એટલું તો જણાય છે કે હિંદુ જ્ઞાતિ બંધારણ હાલ જે સ્થિતિમાં છે તેમાં આવતાં પચ્ચીસ વરસમાં મોટો સુધારો થશે. મુંબઇ ઇલાકામાં લાડોની વસ્તી શ્રીમાળી, મોઢ વીગેરે કરતાં ઓછી છે અને તેમાં દશાલાડ અને વીશાલાડ એવા બે વિભાગમાં વહેંચાઇ ગયા છે. આ બે વિભાગોની એકત્ર કોન્ફરંસ બોલાવવામાં આવી હોત તો વધુ બહેતર પગલું ભરાતે. પણ દશાલાડોએ એકદમ એવું મોટું પગલું ભરવાને બદલે જુદા જુદા ગામોમાં વસ્તા દશાલાડોની કોન્ફરન્સ બોલાવી હતી. વધુ દલગીરી ભરી બીના તો એ છે કે ખુદ દશાલાડોમાં પણ આ જુદા જુદા ગામો વચ્ચે કન્યા વહેવાર નથી એટલુંજ નહિ પણ ખુદ ભરૂચ કે જયાં કોન્ફરંસ ભરવામાં આવી હતી ત્યાંજ બે તડ પડેલાં છે. આ તડ એકત્ર કરવાને કોન્ફરંસના હિમાયતીઓએ કરેલી કોશિષ નિષ્ફળ ગઇ છે તેજ બતાવી આપે છે કે હિંદુ ન્યાતોમાં મમત અને ચડસા ચડસી કેટલું સત્યાનાશ વાળે છે. ભરૂચમાં તડ પડવાનું કારણ ઘણું વિચિત્ર છે. ભરૂચનો એક લાડવણીક વડોદરેથી કન્યા લઇ આવ્યો અને તે કન્યા અમુક વણીક જ્ઞાતિની છે એમ તે લાવનારે જણાવ્યું ત્યારે કેટલાક ન્યાતીલાઓએ તે કન્યા ભાણે ખપતી નથી એવો વાંધો ઉઠાવ્યો. તરત બે તડ પડયાં અને બંને પક્ષ કોર્ટ દરબારે ચઢયા. એક પક્ષે પેલા જોડાને ન્યાતમાં લીધું અને હવે ભરૂચ ખાતે મળેલી કોન્ફરંસ તે પક્ષે બોલાવેલી હોવાથી બીજા ગામના લાડો પણ તે બાઇ સાથે વહેવાર રાખે તો પોતે એકલા પડી જશે તે માટે કોન્ફરંસ ટાંકણે તે પક્ષે

હેંડબીલો કાઢી કોન્ફરંસની ફતેહમાં ખલેલ નાંખવા પ્રયત્ન કર્યો, પણ કોન્ફરંસના રીસે- પ્શન કમીટીના પ્રમુખ મીo અંટેલદાસે પોતના ભાષણમાં જણાવ્યું તેમ કોન્ફરંસના કામમાં ખલેલ નાંખવાને સામી પક્ષે કરેલી ક્રિયા નિષ્ફળ ગઇ હતી. સામી પક્ષે આ વખતે જ્ઞાતિના મોટા જથ્થાના વિચારોની સમે થવામાં કોઇ પણ રીતે ડહાપણ વાપરેલું ગણાશે નહિ. જ્ઞાતિના બહુ મતને માન આપી ચાલવું એમ વખતો વખત સુધારાવાળાઓને કહેવામાં આવે છે પણ જુના વિચારવાળાઓ પોતાના મમતનો સવાલ હોય છે ત્યારે છેવટ, સુધી પોતાના મતને વળગી રહી બહુમતિને ઠોકરે મારે છે. જ્ઞાતિમાં સંપ એ મુખ્ય વસ્તુ છે અને જ્યાં સુધી આવાં તડો પણ કોન્ફરંસના કરતા કારવતા સાંધી શકયા નથી તો મોટાં કાર્યો કેવી રીતે કરી શકશે એમ સહેજે પ્રશ્ન થઇ શકે પણ જયાં મમત અને પક્ષાપક્ષી હોય ત્યાં કોન્ફરંસના કાર્યવાહકો ફતેહ નહિ મેળવે તો નવાઇ નથી. કોન્ફરંસના પ્રમુખ મીo નગીનદાસ જમનાદાસે પોતાના ભાષણમાં જ્ઞાતિમાં કયા પ્રકારના હાનિકારક રીવાજો ચાલે છે તે ઉપર ઘણું સારૂં વિવેચન કર્યું હતું અને આ વરસે કોન્ફરંસે પસાર કરેલા ઠરાવો સામાન્ય હતા તો પણ કેટલાક ઠરાવો ખાસ ધ્યાન ખેંચવા જોગ હતા- એક ઠરાવ જ્ઞાતિમાં કેટલાક ચાલતા રીવાજો જે હાનિકારક છે તે માટે રીપોર્ટ કરવા એક કમિટી નીમવાને લગતો છે. બીજો અગત્યનો ઠરાવ એવો કરવામાં આવ્યો હતો કે આ કોન્ફરંસ જ્ઞાતિના ગ્રહસ્થો તરફથી ધર્મને નામે ખરચાતાં નાણાં હાલ ચાલતા રીવાજો કરતાં વધુ ઉપયોગી રીતે જ્ઞાતીની ઉન્નતીના કામમાં ખરચવા ભલામણ કરે છે. મીo અંટેલદાસે આ ઠરાવ રજુ કરતાં આળસુઓને ખવાડવાનો સવાલ હાથ ધર્યો હતો પણ આ સવાલ એટલેથી અટકી શકે તેમ નથી. હિંદુ જ્ઞાતિમાં ધર્મને નામે ઘણા ખર્ચો કરવામાં આવે છે કે જેમાં જમાના અનુસાર મોટો ફેરફાર કરવાનો વખત આવી પહોંચ્યો છે. કેટલીક ન્યાતોમાં લગ્ન અને મરણ પ્રસંગે જુદા જુદા મંદિરોના તથા બીજા લાગાઓ હોય છે. આગલા વખતમાં આ લાગા જયારે નાંખવામાં આવ્યા હશે ત્યારે તેનો કાંઇ પણ ઉદાર હેતુ હશે પણ હવે તો તે લાગા કાંઇ પણ અર્થ વગરના થઇ પડયા છે. આ લાગાઓમાં સુધારો કરવામાં આવે અને તેજ રકમો વિદ્યા વૃદ્ધિના ખાતાંમાં લઇ જવામાં આવે તો તે રકમ ઘણું સારૂં કામ બજાવી શકે. હાલમાં તો તે જુના લાગા બંધ પાડવામા આવતા નથી, અને કેળવણીના તથા બીજા લાગા નાંખવાની હીલચાલો થાય છે તે ગરીબ ન્યાતિલાઓ ઉપર બોજા રૂપ થઇ પડે છે. સુધારો એક દિશામાં થવાની જરૂર નથી. ખર્ચમાં કાપકુપ કરવામાં પહેલો સુધારો થાય અને તેજ રકમ વિદ્યા વૃદ્ધિ અથવા બીજા કામો પાછળ ખરચાય તો જ્ઞાતિલાઓ પણ ખુશીથી તેવા કામોને ટેકો આપશે. આવતી દશાલાડ કોન્ફરંસ સુરતમાં મળનાર છે અને ભરૂચવાસીઓ કરતાં સુરતીઓ કાંઇ વધુ સારૂં કરી બતાવશે એવી આશા રાખીએ છીએ. ભરૂચમાં વિદ્યા વૃદ્ધિ માટે જેફંડ થયું તેમાં ભરાયેલી રકમો ઘણી જુજ છે અને કેળવણીના કામ તરફ જોતાં આ રકમો ઘણીજ થોડી ગણાય. સુરતના લાડોએ આવતી કોન્ફરંસમાં કેળવણીનું ધરખમ ફંડ કરવાને પ્રયત્ન કરવો જોઇએ.

પ્રજાબંધુ (અઠવાડીક—અમદાવાદ) તાo ૯મી જુન ૧૯૧૨.

દશાલાડ વણીકોની પહેલી કોન્ફરન્સ

આપણા દેશમાં સામાજીક સુધારણાને માટે એક તરફથી આખા હિંદુસ્તાનની પ્રજાના પ્રતિનિધિરૂપ ગણાતી સોસ્યલ કોન્ફરન્સ પ્રયત્નો કરે છે અને દર વર્ષે કોન્ગ્રેસની માફકજ

છે, જ્યારે બીજી તરફથી જ્ઞાતિઓ તથા પેટા જ્ઞાતિઓ તરફથી પોતપોતાના જ્ઞાતિ જનોમાં પ્રસરેલા હાનિકારક રીવાજો દૂર કરવા વગેરે માટે પ્રયાસો થાય છે તે આવકારદાયક છે. હિંદુસ્તાનની ન્યાતો અને પેટા ન્યાતો ગણીએ તો તેની સંખ્યા ઘણી મોટી થવા જાય તેમ છે, માટેજ જો તેવી સઘળી ન્યાતો અગર પેટા ન્યાતોના આગેવાનો તરફથી આવી હીલચાલો થતી રહે તો સોસ્યલ કોન્ફરન્સનું કામ સહેલાઇથી અને ત્વરાથી આગળ વધે તે સ્પષ્ટ છે. હાલમાં આ ધોરણ ઉપર કેટલીક જ્ઞાતિના આગેવાનો તરફથી આવા પ્રયત્નો થવા માંડયા છે. બાલખા મુકામે મળેલું ઔદિચ્ય બ્રાહ્મણોનું નવમું સંમેલન થોડા દિવસો અગાઉજ ભરાયું હતું. તેમ વડોદરામાં લુહારોની પરિષદ્ પણ થોડા વખતપર મળી હતી. ગઇ તા૦ ૨૫ તથા ૨૬ મીએ ભરૂચમાં દશાલાડ વણીકોની પણ એક કોન્ફરન્સ થઇ હતી, જેમાં બહારગામના તથા ભરૂચના દશાલાડ વણીકોએ તેમજ કેટલીક સ્ત્રીઓએ પણ હાજરી આપી હતી. કોન્ફરન્સનું પ્રમુખસ્થાન મુંબાઇના શેઠ નગીનદાસ જમનાદાસને આપવામાં આવ્યું હતું. સ્વાગતમંડળના પ્રમુખ મી૦ અંટોળદાસે પ્રથમ કોન્ફરન્સની ઉત્પત્તિ જણાવતાં કહ્યું હતું કે ભરૂચના મિત્રમંડળના પ્રયાસથીજ આ કોન્ફરંસ ઉભી થવા પામી છે મિત્રમંડળે લાડ જ્ઞાતિના ગરીબ વિદ્યાર્થીઓને ફી પુરી પાડવાનું તથા જ્ઞાતિમાં કેળવણીનો બહોળો ફેલાવો કરવાનું કામ માથે લીધું છે. આગળ ચાલતાં મી. અંટોળદાસે જણાવ્યું હતું કે જ્ઞાતિના કેટલાક ગૃહસ્થો કોન્ફરંસની વિરૂદ્ધ છે અને તેના કામમાં ખલેખ નાંખવાને તેઓ પ્રયત્ન કરે છે. આથી આપણને ખરેખર ખેદ થયા સિવાય રહેશે નહિ. સામા પક્ષની વિરૂદ્ધતાનું કારણ એવું જણાવવામાં આવે છે કે ભરૂચનો એક લાડ વણીક વડોદરેથી કન્યા લઇ આવ્યો અને તે કન્યા વડેદરાની છે તથા અમુક વણીક જ્ઞાતિની છે તેમ તેણે જણાવ્યું. કેટલાક જ્ઞાતિજનોએ કન્યા ભાણે ખપતી નથી એમ કહી વાંધો ઉઠાવ્યો, અને તેના પરિણામે જ્ઞાતિમાં બે પક્ષ પડયા; એક કોન્ફરંસ ભરનારાઓનો અને બીજો વાંધો ઉઠાવનારાઓ કે જેઓ કોન્ફરંસની વિરૂદ્ધ છે તેમનો. કોન્ફરંસવાળાઓની દૃષ્ટિ વિશાળ છે. તેઓ ભરૂચ સિવાય બીજા ગામના વણીકો સાથે પણ કન્યા વ્યવહાર કરવા ઇચ્છે છે. મી અંટોળદાસે તે વિષે પોતાના ભાષણમાં જણાવ્યું છે કે "હાલના ધારા પ્રમાણે ભરૂચમાં વસતા આપણી જ્ઞાતિના માણસો ભરૂચની અંદરનીજ કન્યા પરણી શકે અને બહારગામની કન્યા લાવી શકે નહિ, તે ધારો નાબુદ કરવાનો અમારો વિચાર છે." સામો પક્ષ સંકુચિત વિચાર ધરાવતો હોવાથી તે આ મતને અનુસરી શકયો નથી, એટલુંજ નહિ પરંતુ ખુદ કોન્ફરંસના કાર્યમાં ખલેલ નાંખવાનો પણ તે પ્રયત્ન કર્યે જાય છે. પેટા જ્ઞાતિઓમાં રોટી વ્યવહાર હોય ત્યાં બેટી વ્યવહાર શરૂ કરવાનો જમાનો હવે આવી પહોંચ્યો છે. ભરૂચના આ વણીકોના વર્તનપરથી સમજાય છે કે આવો સંકુચિત વિચાર ધરાવનારાઓનો મોટો ભાગ બીન કેળવાયલો અને કુળનું વ્યર્થ અભિમાન ધરાવતો હોવો જોઇએ; પરંતુ હવે સંકુચિત વિચારો લાંબો સમય ચાલી શકે તેમ લાગતું નથી. લાડ વણીકોમાં પણ કોન્ફરંસવાળો પક્ષ મોટો છે, અને દરેક કાર્ય બહુમતેજ થવું જોઇએ. છતાં પણ સામો પક્ષ દુરાગ્રહ પકડી બેઠો છે. સામા પક્ષનું પગલું બીલકુલ ઇચ્છવા જોગ લેખાશે નહિ. પ્રમુખે પોતાના ભાષણમાં કેળવણી, સ્ત્રી કેળવણી તથા હાનિકારક રીવાજોને દૂર કરવા વગેરે મુદ્દાઓ હાથ ધરી તેની અગત્ય વિષે વિવેચન કર્યું હતું. ઉન્નતિનું ખરૂં સાધન કેળવણીજ છે એવા પ્રમુખના મત સાથે

એમે મળતા થઇએ છીએ તેમજ સ્ત્રી કેળવણી સંબંધી જે વ્યાવહારિક સૂચનાઓ પ્રમુખ કરી છે તે વાજબી છે. આપણે ઇચ્છીશું કે લાડ જ્ઞાતિના વણીક સજ્જનો એ તરફ લક્ષ આપી યથાશક્તિ કોન્ફરંસના કાર્યમાં મદદ કરશે.

કોન્ફરન્સે પોતાની આ બેઠકમાં દશેક ઠરાવો પસાર કર્યા છે. તેમાં કેળવણી, સ્ત્રી કેળવણી, અયોગ્ય ખર્ચો ન કરવાં, કજોડાં તથા બાળલગ્નનો નિષેધ કરવો, તથા ધર્મને નામે ખર્ચાતાં નાણાં વધુ ઉપયોગી કામમાં વાપરવાં વગેરે મતલબના ઠરાવો ધ્યાન ખેંચનારા છે. કેળવણી માટે ઠરાવ કરવામાં આવ્યો છે કે " આ કોન્ફરન્સ ભલામણ કરે છે કે પ્રત્યેક ગૃહસ્થે ઉચ્ચ કેળવણીને ઉત્તેજન આપવા માટે દરેક ગામની ન્યાત તરફથી સ્થાનિક વિદ્યોત્તેજક ફંડો સ્થાપવાં. " આ ઠરાવ સ્તુત્ય છે અને તે પ્રમાણે વર્તવાને દશાલાડ જ્ઞાતિના સજ્જનો ખાસ ઉત્સાહ રાખશે એમ આપણે ઇચ્છીશું. હિંદુસ્તાનને કેળવણીની કેટલી બધી જરૂર છે તે ઓન. મી. ગોખલેનો કેળવણીનો ખરડો જેણે વાંચ્યો હશે તે સહજ સમજી શકશે. સ્ત્રી કેળવણી, બાળલગ્ન, તથા કજોડાંના ઠરાવો પણ ખાસ અગત્યના છે, અને બાળલગ્ન તથા કજોડાંથી કેટલા બધા અનર્થ થાય છે તેથી વાંચનારાઓ જાણીતા હોવાથી તે વિષે કાંઇ વિવેચન કરવાની જરૂર નથી. આ બધા ઠરાઓ સર્વાનુમતે પસાર થયા છે તે જોઇ સંતોષ થાય છે. પરંતુ તે ઠરાવ પ્રમાણે અમલ થાય અને તે કાગળમાંજ ન પડી રહે તે માટે કોન્ફરન્સના આગેવાનો ખાસ કાળજી રાખશે તથા જે પક્ષ સામો પડયો છે તેને સમજાવવાને પાછો પોતાનો પ્રયાસ કરવા ચુકશે નહીં તો આવતી કોન્ફરન્સ સુરત ખાતે ભરાય તે અગાઉ તેઓને પોતાની સાથે સામેલ કરવામાં ફતેહમંદ થશે.

સયાજીવિજય (અઠવાડિક—વડોદરા) તા૦ ૧૩ જુન ૧૯૧૨.

દશાલાડ વણીકોમાં જાગૃતિ.

ગઇ તા. ૨૫ મી અને ૨૬ મીએ ભરૂચ ખાતે દશાલાડ વણીકોની પહેલી કોન્ફરંસ ભરાઇ હતી. આ કોન્ફરંસમાં ચાલેલા કાર્ય માટે અને તેમાં થયેલા કેળવણી તથા સુધારાને લગતા ઠરાવો માટે અમોએ કોમના નેતાઓને મુબારકબાદી આપીયે છીયે અને દરેક માબાપે પોતાનાં બાળકોને ફરજીયાત કેળવણી આપવા, વિદ્યોત્તેજક ફંડ ગામેગામ સ્થાપવા, બાળલગ્ન અને કજોડાંનો નિષેધ કરવા, જમણવારોના ખરચ કમી કરવા, અને ધર્મના નામે ખર્ચાતા નાણાંનો વધારે સારો દેશકાળને અનુકુળ ઉપયોગ કરવા વગેરે સ્તુત્ય ઠરાવોતે માત્ર કાગળ ઉપર પડયા નહીં રહેવાદઇ તેનો વ્યવહારમાં અમલ કરવા અમો પ્રત્યેક જ્ઞાતિજન-કોન્ફરંસ વાળા હો કે વિરોધી પક્ષવાળા હો-તેઓ દરેકને ભલામણ કરીયે છીયે. કેમકે જે સવાલોમાં મતભેદ નથી અને સર્વમાન્ય શ્રેયસ્કર છે તેવા સુધારાઓનું જ્ઞાતિના તેમજ આત્મહિત માટે દરેક વ્યક્તિએ દ્દઢ નિશ્ચયથી પાલન કરવું આવશ્યક છે. આ કોન્ફરંસમાં માત્ર એક તત્વ દીલગીરી ઉપજાવનારૂં જણાયું છે અને તે સંબંધી સ્વાગત મંડળના પ્રમુખ મી. અંટોળદાસે જે કારણ જણાવ્યું છે તેથી કોન્ફરંસ જેવી શુભ અને હિતકારી હીલચાલ સામે જે વિરૂદ્ધતા કેટલાક જ્ઞાતિજનો તરફથી બતાવવામાં આવી છે તે દીલગીરી ઉપજાવનારી છે એમ કહ્યા વિના ચાલે તેમ નથી. મત ભેદ થઇ વિરૂદ્ધ પક્ષ બંધાવાનું કારણ એ જણાય છે કે ભરૂચના એક દશાલાડ ગ્રહસ્થ વડોદરેથી વણીક કન્યા લાવેલા છે અને તેમાં જ્ઞાતિના

કેટલાક ભાગને રૂઢી બંધનનો ભંગ થયેલો જણાતો હોઇ તેઓ સામા થયા છે અને કોન્ફરંસે એ સુધારાનો પક્ષ લીધાથી, તેના કાર્યમાં ખલેલ પહોંચાડી પોતાને કૃતકૃત્ય માનવા પ્રયત્ન કર્યો છે! રોટી વહેવાર ત્યાં બેટી વહેવાર એ સિદ્ધાંત આજ કાલ સર્વ માન્ય થતો જાય છે અને તેવી રીતે એકજ ગામમાં કન્યાની લેવડદેવડ થતી હોવાથી જે હાનિ થતી જોવામાં આવી છે તેમાં સુધારો થવાની આવશ્યક્તા પણ છેજ. છતાં તેવા ઇષ્ટ સુધારા પ્રત્યે વિરૂદ્ધતા દર્શાવવી તે જ્ઞાતિહિત વિરૂદ્ધ હિલચાલ કરવા જેવું લેખાશે. કોન્ફરંસવાળાઓના વિચાર પ્રત્યે દરેક કેળવાયલા લોકો અને જ્ઞાતિના ખરા હિતચંતકો સહાનુભૂતિ બતાવે છે અને બતાવશેજ. આશા છે કે વિરૂદ્ધ પક્ષ પોતાનો આગ્રહ છોડી દઇ જ્ઞાતિહિત માટે દેશકાલને અનુસરી ઉદાર મનથી કોન્ફરંસ પ્રત્યે દીલસોજી ધરાવી તેમાં પસાર થયેલા સર્વ ઠરાવોનુ પાલન કરી પોતાનો જ્ઞાતિ પ્રત્યેનો ધર્મ બજાવવામાં ચુકશે નહીં.

श्री भरुच-दशालाड मित्रमंडळनो इनामनो मेळावडो.

તા૦ ૨૭-૫-૧૨ સોમવારના રોજ સવારના સાત વાગે પ્રમુખ, પ્રતિનિધિઓ અને પ્રેક્ષકોની બે ટુકડી પાડી ફોટો લેવામાં આવ્યો હતો. ત્યાર પછી શ્રીભૃગુપુર દશાલાડ મિત્રમંડળ તરફથી ઇનામનો મેળાવડો કરવામાં આવ્યો હતો મેળાવડાનું પ્રમુખસ્થાન શેઠ નગીનદાસ જમનાદાસ સેવકલાલને આપવાને શેઠ હરકીશનદાસ શાવલાલ કોટીઆએ દરખાસ્ત મૂકી હતી, અને ભરૂચના જ્ઞાતિના શેઠ માણેકલાલ ભગવાનદાસ તરફથી ટેકો આપવામાં આવ્યો હતો. પ્રમુખે પ્રમુખસ્થાન લીધા પછી છોકરાઓએ તેમજ બાળાઓએ રા૦ રા૦ ગીરધરલાલ કાળીદાસ દલાલની બનાવેલી ઇશ્વર સ્તુતિ ગાઇ સંભળાવી હતી. સુરતના રા૦ રા૦ શેઠ જેકીશનદાસ મંછારામ ભાગલીઆના પુત્રી તારાગૌરીએ ઇશ્વરસ્તુતિ તથા પુત્રી દયાકુંવરે એક ઇંગ્રેજી કવિતા હાવભાવ પૂર્વક મોંઢે બોલી સભાને રંજન કરી હતી ત્યાર પછી બાળાઓએ 'શ્રી કેળવણી' પર રા૦ રા૦ ગીરધરલાલ કાળીદાસ દલાલે બનાવેલું ગીત ગાયું હતુ. પછી દશાલાડ મિત્ર મંડળના સેક્રેટરી રા. રા. ચુનીલાલ માણેકલાલ માસ્તરે મંડળના કામકાજનો રીપોર્ટ વાંચી સભળાવ્યો હતો. આ મંડળ સંવત ૧૯૬૫ના માગશર શુદ ૧૧ના રોજ સ્થાપવામાં આવ્યું હતું. મંડળનો મુખ્ય હેતુ જ્ઞાતિમાં કેળવણીના પ્રચાર કરવાનો છે અત્યારસુધી મંડળે ત્રણ ઇનામના મેળાવડા કર્યા છે. મંડળ ગરીબ છોકરાઓને માસિક ફી અને ચોપડીઓ પણ પૂરી પાડે છે શારીરિક કેળવણી તથા નૈતિક કેળવણી સંબંધી પણ યથા શક્તિ પ્રયત્ન થાય છે આજે મંડળની પાસે લગભગ રા, ૭૦૦) બેંકમાં અનામત જમાછે.

રા. રા. ચુનીલાલ દ્વારકાદાસ નાણાવટીએ જણાવ્યું કે મંડળને આ કોન્ફરંસના કામમાં શેઠીઆઓ તરફથી ઘણી મદદ મળી છે, જો આ મદદ મળી ન હોત તો આ કોન્ફરન્સ હયાતીમાં આવીજ નહતે. ભરૂચના મરહુંમ શેઠ નરસીદાસ દામોદરદાસ આ કોન્ફરન્સ જોવા ઘણા ઉત્સુક હતા પરંતુ દૈવેચ્છાથી તેઓ કોન્ફરન્સ મળતાં પહેલાં દેવલોક પામ્યા છે. તેઓએ ઘણી ઘણી રીતે મંડળને અનેકાનેક કાર્યમાં મદદ કરી છે માટે હું દરખાસ્ત મુકું છું કે મર્હુમ શેઠ નરસીદાસના મૃત્યુ માટે દિલગીરીનો ઠરાવ પસાર કરવો.

ઉપલા ઠરાવને સુરતના વકીલ નાનાલાલ લાલભાઇએ ટેકો આપ્યો અને પ્રમુખે તેના આત્માને શાંતિ ઇચ્છી ઠરાવ પસાર થએલો જાહેર કર્યો હતો,

સુરતના રા૦ રા૦ શેઠ છોટાલાલ ડાહ્યાભાઇ હરગોવિંદદાસે મિત્રમંડળ હસ્તકના વિદ્યોત્તેજક ફંડમાં રૂા. ૧૫, આપવાનું કહ્યું હતું. તેમજ જંબુસરવાળા . બળદેવપ્રસાદ પ્રેમાનંદે કેળવણી ફંડમાં રૂા ૫) આપવાનું જાહેર કર્યું હતું.

ત્યાર પછી રા. રા. દામોદરદાસ પી. ગજેરીઆ તરફનું ચાંદીનું પ્યાલું જે મંડળમાં જે છોકરો પહેલે વર્ષે પાસ થાય તેને એક વર્ષ માટે આપવાનું હતું અને જે કુટુંબમાં એ ત્રણ વખત જાય તેને હંમેશ માટે આપવાનું હતું તે પ્યાલું રા. રા. મણીલાલ દામોદરદાસ વખારીઆને આપવામાં આવ્યું હતું.

ત્યાર બાદ પ્રમુખે વિદ્યાર્થીઓને અને કેળવણી લેતી બાળાઓને ઇનામ વહેંચી આપ્યાં હતાં.

ત્યાર પછી કાલોલના રા. રા. મોતીલાલ લલ્લુભાઇ (હાલ લીમડીમાં ચીફએન્જીનીઅર) તરફનો ઇનામી નિબંધ જે લાડ જ્ઞાતિની કેવી રીતે ઉન્નતિ થાય તે વિષય લખવાનો હતો, તે વિષયપર જે નિબંધ આવેલા તે પૈકી રા. રા. ચીમનલાલ હરિલાલ ગોવાળીવાળાનો શ્રેષ્ઠ હોવાથી તેને રૂા. ૧૦ની નોટ પ્રમુખને હાથે અપાવવામાં આવી હતી.

ત્યાર પછી કોન્ફરન્સના વોલન્ટીઅરો તરફથી વોલન્ટીઅર મી. ભોગીલાલ ચીમનલાલે નીચે પ્રમાણે ભાષણ કર્યું હતુ:—

મહેરબાન પ્રમુખ સાહેબ, સદ્ ગૃહસ્થો અને સન્નારીઓ,

આપ સર્વેને વોલન્ટીઅર્સ તરફથી સેવામાં જે કાંઇ ખામી માલમ પડી હોય તેને માટે હું આ સર્વે વોલન્ટીઅર્સ તરફથી ખરા અંતઃકરણથી માફી ચાહું છું, અને આપ સર્વે ગૃહસ્થોનો ઉપકાર માનું છું આગળ માનવંતા પ્રમુખ સાહેબે વોલન્ટીઅર્સ તરફ ઇનામો વહેંચી શુભ લાગણી દર્શાવી છે તેમને માટે તેમનો ઉપકાર માનું છું. રૂમાલો, રૂમાલોને ખાતર નહિ પરંતુ કોન્ફરન્સના પ્રમુખની પ્રસાદી તરીકે અમો જાળવીને રાખીશું. આટલું બોલી આપની સેવામાંથી મુક્ત થઇ હું બેસવાની રજા લઉં છું.

ત્યાર બાદ કેપ્ટન મી. મણીલાલ દામોદરદાસ વખારીઆ અને મી. મણીલાલ ધીરજલાલે પ્રમુખને હારતોરા પહેરાવ્યા હતા.

ત્યાર બાદ સુરતના રા. રા. ત્રિભોવનદાસ જમનાદાસ શેઠ બી. એ. એલ. એલ. બી અને વડોદરાના રા રા. હરગોવનદાસ હીંમતલાલે ઇનામના મેળાવડાનો લાભ આપવા વાસ્તે મંડળનો ઉપકાર માન્યો હતો.

ત્યાર બાદ મંડળના સક્રેટરી ચુનીલાલ માણેકલાલ માસ્તરે પ્રમુખ શેઠ નગીનદાસનો અને સ્વાગત મંડળના પ્રમુખ રા. રા. અંબેલાલદાસનો ઉપકાર માન્યો હતો.

ત્યાર બાદ રા. રા. વીજભુખણદાસ દ્વારકાદાસે એક સુરમ્ય ગીત ગાઇ તેના અર્થથી શ્રોતાજન પર ઉંડી અસર કરી હતી.

ત્યારબાદ મર્હુમ ડાકટર મોતીલાલ હરકીસનદાસની વિધવા તરફથી રૂા. ૫) નું ઇનામ પાંચ બાળાઓને આપવામાં આવ્યું હતું.

પછી પ્રમુખે પોતાને પ્રમુખસ્થાન આપ્યું તે માટે આભાર માન્યો હતો.

પછી વિદ્યાર્થીઓએ વિદાયગીરીનું ગીત ગાયું અને મેળાવડો વિસર્જન થયો હતો.

તા૦ ૨૭મીએ પ્રભાને ઇનામી મેળાવડા સમયે શા. જેકીસનદાસ ભાગલીઆની પુત્રી બ્હેન તારાગૌરીએ પ્રારંભમાં ગાયેલી ઇશ્વર સ્તુતિ.

અંતથી હે જગ સ્વામી, પ્રભુ આપ છો અકળ અગામી
અમને સુમતિ દેનાર, સુખદાતા પ્રભુ નમસ્કાર—૧
કરાવો સદાયે શુભકામ, જેથી શોભે જગે ધન ધામ
શુદ્ધ બુદ્ધિતણા છો દાતાર, સુખદાતા પ્રભુ નમસ્કાર—૨
પ્રતિ પ્રતિની દેજો ભક્તિ, શુભ કર્મમાં પ્રકટે રતિ
જેથી મળે સંસારમાં સાર, સુખદાતા પ્રભુ નમસ્કાર—૩
દોષ કોઇના જોવા ન પામું તેમ મારા હૃદયથી વામું
કરૂં સંપથી સર્વ વ્યવહાર, સુખદાતા પ્રભુ નમસ્કાર—૪
સર્વ પ્રાણી પ્રતિ ધરૂં પ્રીત, કરૂં અંતરથી તેનું હિત
દયા રાખું હૃદયમાં અપાર, સુખદાતા પ્રભુ નમસ્કાર—૫
ક્ષમા સંતોષ શાંતિને આપો, દોષ દુર્ગુણ ઉરના કાપો
કલેશ માત્રનો કરજો સંહાર, સુખદાતા પ્રભુ નમસ્કાર—૬
સર્વ સંબંધિને સુખ થાય, એવી કૃતિ જો મુજથી કરાય
ત્યારે સાર્થક જન્મ ગવાય, સતિ નામ જગે ધરવાય—૭
સાવિત્રી દમયંતિ રાણી, જેને અદ્યાપિ વિશ્વે વખાણી
સીતા સાધ્વી અપરંપાર, અમને કરજો એવાં વિશ્વધાર—૮
એવી અનેક સતિ વિખ્યાત, ગુણ ગાઇ થાઉં રળીઆત
એવું બળ દો જીવ દાતાર, પુનઃ પુનઃ કરૂં નમસ્કાર—૯

ઇનામી મેળાવડા સમયે સુરતના મી. ભાગલીયાના દ્વિતીય પુત્રી બ્હેન દયાકોરે હાવભાવપુર્વક અંગ્રેજીમાં બોલેલી કવિતા.

I lived first in a little house, and lived there very well;
The world to me was small and round, and made of pale blue shell.
I lived next in a little nest, nor needed any other,
I thought the world was made of straw, and covered by my mother.
One day I fluttered from the nest, to see what I could find,
I said, the world is made of leaves, I have been very blind.
At last I flew beyond the trees, and saw the sky so blue,
Now, how the world is really made, I cannot tell, can you?

शान्ति ! शान्ति ! ! शान्ति ! ! !

માત્ર નામ રાખવાથીજ નકલીઓ અસલ કેમ થઈ શકે?

કદાચ "બાદશાહી યાકુતી" એવું નામ નકલીઓ રાખે પણ જે બાદશાહી યાકુતીમાં જે ઉમદા વનસ્પતીઓ પડે છે તે નકલીઓ કયાંથી જાણી શકે? અને એથીજ વરસો થયાં બાદશાહી યાકુતી અમે બનાવીએ છીએ તેવી ... બનાવી શકે? કોઇ સારાં કપડાં પહેરી અમુક રાજાનું નામ રાખીને પોતે લોકો ... કહે કે હું ફલાણા ગામનો રાજા છું, પણ તેના ચહેરા ઉપરથી, બોલવાપરથી અને ગીરાસ ન હોવાથી બનાવટી રાજા તુરત પરખાઇ આવે છે તેવીજ રીતે નકલીઓ ભલે પોતાની દવાનું નામ બાદશાહી યાકુતી રાખે પણ અમારી બનાવેલ બાદશાહી યાકુતી અનંગ વિલાસ તો તેનાથી થઇ શકેજ નહી, કારણ હજારો લોકોએ આ દવા વરસો થયાં વાપરી છે અને જેઓએ વાપરેલ નથી પણ છાપાંઓ વાંચે છે તેઓને પણ ખાત્રી છે કે બાદશાહી યાકુતી પહેલ વહેલી તો ડાકટર કાલીદાસ મોતીરામ રાજકોટવાલાએજ બાહાર પાડેલ છે. બાદશાહી યાકુતી એ શબ્દો ગુપચુપ રજીસ્ટર કરાવી લેવાથી કાંઈ પૈસાદાર થવાતું નથી; કારણ બાદશાહી યાકુતીની પછીથી કેટલાંક વરસે એટલે કે હમણાજ એક દવા "ક્ષયરીપુ" નામની અમે બાહાર પાડેલ છે તેનો રજીસ્ટર નંબર ૫૦ છે તે ઉપરથી કાંઈ અમે એમ ન કહી શકીએ કે પચાશ નંબર ઉપરની દવાઓ અમારી નકલ છે. અમારે પૈસાદાર થવા માટે ફાંફાં મારવાં નથી કારણ પરમેશ્વરેજ અમને પૈસાદાર બનાવેલ છે તો પછી અમારે પૈસા માટે ફાંફાં મારવાનું કયાં રહ્યું? ફાંફાં તો નકલીઓજ મારે છે કારણકે જેને અમારી દવાનું નામ રાખી પૈસાદાર બની જવું છે; પણ તેમ બનવાનો આ સમય નથી. અત્યારે તો એવો જમાનો છે કે સાચા ખોટાની પરીક્ષા બરાબર થાય છે અને તેની સાબીતી એ છે કે આ નકલીઆ ઉપરાંત લગભગ પચાશેક જાતની યાકુતી અમારી યાકુતી બાહાર પડયા પછી બાહાર પડેલ પણ અત્યારે તો જે અમારી બાદશાહી યાકુતી અનંગ વિલાસ છે તેજ હજારો રૂપીયાની ખપે છે

બાદશાહી યાકુતી અનંગ વિલાસ.

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્યવીકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. ખરી મરદાઇ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઈ પણ જાતની પરેજીની જરૂર નથી. ૪૦ ગોળીની ડબી એકના રૂા. દશ.

બાદશાહી યુનાની લેપ.

ઉમદા દવાઓમાંથી આ લેપ બનાવેલ છે અને તે ગુપ્ત ભાગની નસોને પુરતી તાકાત આપે છે. ખરૂં પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતેહમંદ ઇલાજ છે. આઉંસ એકની ડબીના રૂપીઆ આઠ. તમામ દવાનું પોસ્ટ ખર્ચ જુદું.

ડા. કાલીદાસ મોતીરામ—(રાજકોટ કાઠીયાવાડ.)

ભૃગુપુરનું ધામ જગમાં, ના...ું રળીઆમણું;
દશાલાડનું મિત્રમંડળ, ઉમંગી સ્થપાયેલું.
તેની હોંશે દીઠો દિવ્ય, દી આ ૨૫મેઅનો;
સને ૧૯૧૨ સંવત ૧૯૬૮નો;
જેઠ શુદી દશેમ અને, વાર શની શુભ છે.
પ્રાત:કાળે ચઢતે પહોરે, સંમેલનનું મુહુર્ત છે;
જેઠી કર્પણ ઉછરી જાયે, મોલ ધારેલો મળે.
એવી પહેલી કોન્ફરન્સ આ, યશવંતી નિવડે;
એવા સુભાવે સંમેલન આ, ખુલ્લું તો મુકાય છે.
વિજય દર્શી ગગન ભેદી, અંતર્નાદ સુણાય છે;

(૩) વિજયનાદ અને આશીશ.

સાખી.

...ન ...રજે ધીરજ ધરી, મમ પુત્રો પ્રેમીલા;
જ્ઞાતિ ...તિ સુધારવા, તમે રહેજો ખંતીલા.
દુરાગ્રહી કો હોય તો, તેને નવ નિંદીશ;
તારી ધારી સિદ્ધ છે, એવી મમ આશીષ.

(૪) પધારેલા ગૃહસ્થોનો ઉપકાર.

એવી આશીશ વાણી સુણી, સંમેલન તરફે જુઓ;
જ્ઞાતિ બન્ધુ મળ્યે તો, આવો લાભ કાં ખુઓ.
અલકાપુરી જેવો દેશ, મુંબઇનો મનાયલો;
તે ભુમીના દશાલાડનો, આ સમુહ ભરાયલો.
તસ્દી લઇને આવ્યા તેથી, મંડળ છે ઉપકારી;
તમો આવ્યાથી સંમેલનની, ક્યારી ખીલી ગુલજારી.
કોન્ફરન્સ કેરૂં કલેવર, સુખડસમ સોડાય છે;
આપ કદમે સોડમ તે, કસ્તુરીની થાય છે.

(૫) કાર્યવાહીઓને શાબાશી.

શાબાશ મિત્રો મારા વ્હાલા, પાકયા વિશુદ્ધ કુખના;
તમ પ્રતાપે દર્શ થયા, અન્ય દેશી મુખના,
શાબાશી આપું મુખથી કે, તાળીઓના તાનમાં
ઘુમડી ધન્યવાદ આપે, ગાઇને આ ગાનમાં.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી

જામનગર—કાઠિયાવાડ.

જીંદગીપર તમોને પ્યાર છે ?

ખરાબ સંગત અને ખરાબ વિચારોથી લાગુ પડતી કુટેવને લીધે ઉછરતી અવસ્થાના જુવાનીયાઓની જીંદગીની કેવી પાયમાલી થાય છે તે જાણવા તથા તમાંથી બચવા

કામશાસ્ત્ર

પુસ્તક વાંચો.

જે મંગાવે તેને વગર કિંમતે અને વગર પોસ્ટેજે મોકલવામાં આવે છે.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી,

જામનગર-કાઠિયાવાડ.

બીજા અવસરમાં ખુ...
ભાગ જોઇ શકવાની અદ્ભુ...
બાળકો સ્ત્રીઓ અને પુરુષો પાત...
આધારે ભુત, ભવિષ્ય અને વર્તમાન હકીક...
સુક્ષ્મદેહ એટલે મનના રોગો માટે આ એક ...
રોગો જડમુળથી ચાલ્યા જાય છે. એકવાર જુઓ તો ખરા ...
એકદમ બીમાર પથારીમાંથી ખડું થાય છે આ શું થોડા ચમત્કારની વાત છે?

તમે દવા દારૂમાં પુષ્કળ પઇસા ખરચો છો અને તેમાં તમો લગારે યશ પામતા નથી, પણ એક વખત આ ઉપાય અજમાવી જુઓ. ભવીષ્ય જાણવા માટે તમો પુષ્કળ પઇસા ખરચો છો, પણ આ આયના મારફતે તમો એક વખત ભવીષ્ય જાણો અને ખાતરી કરો. તમારા પુષ્કળ પઇસા બચશે અને તમોને લાભ થશે. તમો જાતેજ ભવીષ્યવાદી થઇ શકશો. આ એક સીદ્ધાંત વાત છે. તેને માટે બેમત નથીજ. ફકત એક આયનો ખરીદ કરો અને સોધું જ્ઞાન સંપાદન કરો. આવી સસ્તી કીમતમાં આવો લાભ અમો આપીએ છીએ તે ગુમાવવો એ ઘણું અયોગ્ય છે. એકવાર ખરીદયા પછી તે હંમેશાં કામ લાગે છે. ગામ, પરગામ દુર દેશાવર અને છેટેના મીત્રો તથા સગાંવ્હાલાંની ખબર તમો સહેલાઇથી મેળવી શકશો. અમુક કામ થશે કે કેમ? ફલાણી બાબતનું પરિણામ શું આવશે? વેપારમાં નફો ટોટો, અમુક વસ્તુના ભાવની વધઘટ, પરીક્ષાનું પરીણામ, નોકરી વીગેરે જે જે કાંઇ તમારા મનના હરેક ખુલાસા કરવો હશે તે સઘળા થઇ શકશે. વીદ્વાન પુરૂષોએ પુષ્કળ સર્ટીફીકેટ મોકલાવ્યાં છે અને હજી આવ્યાં જાય છે એજ એના ઉપયોગીપણાનો પુરાવો છે. આયનો વાપરવાની બુક ગુજરાતી-ઇંગ્રેજી વગેરે જે જે ભાષામાં જોઇએ તે સ્પષ્ટ લખવું.

આયનાની કીંમત-રૂ. ૨-૯-૦ આયનો સાદા કાચનો, અને બીલ્લોર કાચના મજબુત આયનાની કીંમત રૂ. ૩-૮-૦, પોસ્ટેજ સાથે. હીંદુસ્તાન બહારના ગ્રાહકોએ સદરહુ કીંમત ઉપરાંત રૂપીઓ એક જાદે મોકલવો.

ખાસ મોટા બીલ્લોરના આયનાની કીંમત રૂ૦ ૫-૦-૦ પોસ્ટ અને પેકીંગ ચાર્જ રૂ૦ ૧-૦-૦

સુચના—સદરહુ આયનો પસંદ ન પડે તો આયનો મળ્યા પછી ૨૪ કલાકમાં વી૦ પી૦ કરીને પાછો મોકલવાથી અનુક્રમે રૂપીઆ બે તથા અઢી પાછા આપવામાં આવશે. ખાસ મોટા આયના ખાત્રી થયેજ માંગવા ભલામણ છે.

આશાભાઇ વાઘજીભાઇ પટેલ.

મુ૦ કરમસદ, પોસ્ટ આણંદ, જીલ્લે ખેડા, પ્રાંત ગુજરાત.

ભાવાય દા.

વાર્ષિક માત્ર રૂ.

સંવત ૧૯૬૮નાં ગ્રાહકોને ૧૯.

પુસ્તકનો અંક. પુસ્તકનું નામ

૧ થી ૨ શ્રી બુદ્ધચરિત્ર અને ઉપદેશ. } પૃષ્ઠ પાકું પૂઠું

૩ થી ૮ ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૧ લો. } પૃષ્ઠ ૭૨૦ મૂલ્ય રૂ. ૧ પાકું પૂઠું ૧। પો. ૦)

આ પુસ્તકમાં પ્રાચીન સમયની ૧૨૫ મહાન સતી સાધ્વીઓનાં ચરિત્રો છે.

૯ થી ૧૨ ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૨ જો. } પૃષ્ઠ ૭૫૦ મૂલ્ય રૂ. ૧) પાકું પૂઠું ૧। પો. ૦)

આ પુસ્તકમાં ઐતિહાસિક સમયની ૧૮૦ સતી વીરાંગનાઓનાં ચરિત્રો છે

ચરિત્રમાળા દ્વારા હવે પછી કહાડવા ધારેલાં પુસ્તકો.

ભારતના સંત પુરુષો, ભારતના વીર પુરૂષો, ભારતના અગ્રેસરો, જગતના મહાન પુરૂષો, જગતનાં સ્ત્રીરત્નો, મહાન પુરૂષોની માતાઓ, સોનેરી કામો, મહારાણા છાત્રસાલજી, આનંદીબાઇ જોશી, યોગિરાજ હરિદાસ, અમીર અબદુલ રહેમાનખાં, રામકૃષ્ણ પરમહંસનું વિસ્તૃત ચરિત્ર. ઇ૦ વધુ પસંદગી જારી છે.

ખાસ સૂચના—કોઇપણ પુસ્તક નમુના માટે મુફત મળશે નહિ. મૂલ્ય મોકલીને યા વી. પી. થી માગીનેજ ગ્રાહક થઇ શકાશે. વર્ષની શરૂઆતથીજ ગ્રાહક ગણી પુસ્તકો મોકલાશે. વી. પી. ખર્ચ જુદું છે. છુટક પુસ્તકો સગવડ હશે તોજ અપાશે.

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ઠે. કાલબાદેવી, હાથીબિલ્ડીંગ—મુંબઇ. તથા, ખમાસા ચોકી—અમદાવાદ.

હજી એજ મૂલ્યે અપાય છે.

ના..
રચેલી "ભાવાર્થ દી..
સરળ, અને શ્લોક દીઠ અ..
દૃષ્ટાંતો આપીને તેનું રહસ્ય સમ...
વિસ્તૃત ટીકાનું સરળ ગુજરાતી ભાષાંતર.

એમાં

ગીતા મૂળ શ્લોક, અર્થ, ટીકાના અર્થ જ્ઞાનેશ્વર મહારાજનું ચમત્કારીક લંબાણુ ચરિત્ર ભગવાનની છબી તથા રમતોનાં બે રંગીન ચિત્રો છે.

ક્રાઉન રોયલ ૮ પેજી પૃષ્ઠ ૫૫૦ પૂઠાં સોનેરી
મૂલ્ય સાત ખાસ ઉંચી આવૃત્તિ ૨)
કમીશન—આઠ પ્રતે એ... પ્રત વધુ.

મૂળ શ્લોક, સરળ અર્થ, મહાત્મ્ય...

શ્રીમદ્ ભગવદ્ગીતા.

માત્ર ૦)- થી ૦ાા સુધીના ગુટકા.

જાડા ગ્લેઝ કાગળ, મધ્યમ અક્ષર.

૦)= સાદું પૂઠું. ૦ા પાકું સોનેરી.
૦)॥ પાકું કપડાનું. ૦ા પાકું રેશમી.
૦)॥ પાકું શણનું.
૦ાા ખાસ ઉંચા કાગળ, અતિ સોનેરી પૂઠું.
૦ાા ,, ,, કિનખાબનું પૂઠું.
૦)- રફ કાગળ ન્હાના અક્ષર સાદું પૂઠું.

પદ્યાત્મક (રાગ-ઢાળમાં) માત્ર ગુ. ભા. વાળી

૦)॥ સાદું પૂઠું (રૂ ૧ ની પ્રત ૧૪)
૦)॥ કપડાનું પૂઠું (રૂ ૧ ની પ્રત ૭)

દૃષ્ટાંત...
નઓના તેજસ્વી...
સદ્ગુણી બાળકો. ખરા
ઇશ્વર ચંદ્ર વિદ્યાસાગર.ચરિત્ર ૦)॥ } ત્રણેના
દેવીઅઘોરકામિની ૦)- **મૈત્રેયી** ૦)- } રૂ.૦ા

બાળોપયોગી પુસ્તકો.

સદ્ગુણી બાળકો. ૬ મંજુર થયું છે.
ઉચ્ચ સદ્ગુણોના ખર.. કિં ૦)॥
..**બાળકોની વાતો.** રસીક અને સુબોધક છે. ૦)॥
બાળ સદ્બોધ. ઉત્તમ દૃષ્ટાંતો સાથે ૦)॥

નીકળનાર ગ્રંથો.

શ્રી પંચદશી. મૂળ શબ્દાર્થ તથા ઉત્તમ વિવેચન સાથે મૂલ્ય શુમારે ૧ાા

ભર્તૃહરિકૃત શતકો. મૂળ તથા અર્થ સાથે ૦ા-

અખાની વાણી.

સ્વર્ગના સંદેશા એક નવીજ કોટીનું પુસ્તક.

શ્રીમદ્ ભાગવત ભાષાંતર વેદધર્મ સભાવાળું હોળી પછી નીકળશે. અગાઉથીજ રૂ. ૧ાા

દરેક પુસ્તક પ્રસિદ્ધ થયે વિવિધ ગ્રંથમાળા દ્વારા નક્કી કિંમત સાથે જણાવાશે.

શ્રી

સરસ્વતી પ્રસન્ન હોજો.

સરસ્વતી ...૫.